૨૦૪ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 138 ■ વિક્રમ સંવત ૨૦૮૨

અધિક જયેષ્ઠ વદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 June 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

શુક્રવાર, ૧૨ જૂન ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


### હોર્મુઝની ખાડીમાં અમેરિકી લશ્કરની દાદાગીરી

# ૪ દિવસ, ૩ જહાજ ટાર્ગેટ, ૩ ભારતીયનાં મોત

નવી દિલ્હીઃ ભારતે ગુરુવારે જણાવ્યું હતું કે છેલ્લા ચાર દિવસમાં ઓમાનના દરિયાકાંઠે ભારતીય ક્રૂ સાથેના ત્રણ વેપારી જહાજો પર અમેરિકન સૈન્યએ કાર્યવાહી કરી હતી. આ ઘટનાઓમાં ત્રણ ભારતીય ખલાસીઓ માર્યા ગયા હતા. ભારતે અમેરિકા સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે. આ પહેલી વાર છે જ્યારે ભારતે જાહેરમાં સ્વીકાર્યું છે કે ભારતીય ક્રૂ સાથેના જહાજોને અમેરિકન નૌકાદળની કાર્યવાહી દ્વારા નિશાન બનાવવામાં આવ્યા છે. અમેરિકાએ ત્રીજા જહાજ પર હુમલો કો૪ એ પછી ૨૦ ભારતીય નાવિકને બચાવી લેવાયા હતા.

આઠ જૂનના રોજ અમેરિકન સૈન્યએ પલાઉ ધ્વજવાળા તેલ ટેન્કર મેરીવેક્સ પર હુમલો કર્યો. જહાજમાં ૨૪ ભારતીય ખલાસીઓ હતા. જોકે તમામ ક્રૂ સભ્યોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ ૧૦ જૂનના રોજ પલાઉ-ધ્વજવાળા અન્ય એક ટેન્કર સેટેબેલો પર હુમલો કરવામાં આવ્યો હતો. તેમાં સવાર ૨૪ ભારતીય ખલાસીઓમાંથી ત્રણ માર્યા ગયા હતા.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ભારત તેના દરિયાઈ સમુદાયની સલામતી અને સુખાકારીને ખૂબ મહત્ત્વ આપે છે. તેમણે કહ્યું કે સેટેબેલો પરના હુમલા બાદ ભારતે અમેરિકા સામે સખત વિરોધ નોંધાવ્યો છે. જયસ્વાલે જણાવ્યું હતું કે આવી ઘટનાઓ બંધ થવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે ભારતે અમેરિકાને સ્પષ્ટપણે જણાવ્યું છે કે વિવાદોનો વાતચીત અને રાજદ્વારી મારફતે લાવી શકાય છે. તેમણે ઉમેર્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી અવરોધ વિના પસાર થવું આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર સુનિશ્ચિત કરવું જોઈએ. તેમણે જણાવ્યું હતું

(જુઓ પાનું ૨) ▶▶

## ગૃહિણી દેશને ઘડે છે, માસિક વળતર 30,000 રૂપિયાઃ સુપ્રીમ

નવી દિલ્હીઃ પરિવારની ગૃહિણી 'રાષ્ટ્રીય શિલ્પકાર કે શિલ્પી' છે એવું નિરીક્ષણ કરીને સુપ્રીમ કોર્ટે ગુરુવારે ચુકાદો આપ્યો હતો કે ગૃહિણીની ઘરની સંભાળનું નુકસાન થાય તો તેની કિંમત મહિનાની ૩૦,૦૦૦ રૂપિયા ગણવી.

(જુઓ પાનું ૨) ▶▶

## ઈરાનનું ઓઈલ કબજે કરીશઃ ટ્રમ્પ

દુબઈઃ ઇરાન અને અમેરિકા સતત બીજા દિવસે એકમેક પર ત્રાટક્યા હતા અને આને લીધે એવી સંભાવના વધી ગઈ છે કે આ હુમલાથી પૂર્ણ યુદ્ધ ફાટી નીકળે. ગુરુવારનો અમેરિકાનો હુમલો વ્યાપક હતો અને તહેરાને એ કહ્યું નથી કે તેને કેટલું નુકસાન થયું હતું. ઇરાને આના જવાબમાં બાહરીન, જોર્ડન અને કુવૈતના અમેરિકન મથકો પર હુમલો કર્યો હતો. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે નવા હુમલાનો હેતુ ઇરાનના તેલ અને ગૅસ ઉદ્યોગ પર સંપૂર્ણ કબજો હોવાની વાત સ્વીકારી હતી. ટ્રમ્પે ઇરાન પર ભયાનક હુમલો કરવાની પણ ધમકી આપી હતી. હોર્મુઝ પરના કબજા માટેનું યુદ્ધ ભયંકર બનતું જાય છે. હોર્મુઝ જળમાર્ગ પરનું પરિવહન તદ્દન અટકી ગયું છે.

ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકીને કહ્યું હતું કે અમેરિકા ઇરાન પર ભયંકર હુમલો કરશે અને ઇરાનના તેલ અને ગૅસ ઉદ્યોગ પર અને ખાર્ગ ટાપુ પર કબજો જમાવીશું.

અમેરિકાએ ગુરુવારે સવારે ઇરાનની રાજધાની, બંદર અબ્બાસ અને હોર્મુઝની સામુદ્રધુનીની દક્ષિણના વિસ્તારો પર જોરદાર હુમલા કર્યા હતા. ઇરાને કહ્યું હતું કે તેણે સતત બીજા દિવસે જોર્ડન, બાહરીન અને કુવૈત પર હુમલો કર્યો હતો. કુવૈતે એની હવાઈસીમા અનેક કલાકો સુધી બંધ રાખી હતી. જોર્ડને કહ્યું હતું કે ઇરાનની ૨૦ મિસાઈલને આતંરવામાં આવી હતી.

આખું યુદ્ધ હોર્મુઝના કબજા માટેનું છે. ઇરાનના આ મહત્ત્વના જળમાર્ગ પરનો અંકુશ અમેરિકાને દીઠો ગમતો નથી. ઇરાને જાહેરાત કરી હતી કે હોર્મુઝ સંપૂર્ણપણે બંધ છે. જોકે અમેરિકા લશ્કરના સેન્ટ્રલ કમાન્ડે ઇરાનના દાવાને નકેરા કાઢ્યો હતો. ટ્રમ્પે દાવો કર્યો હતો કે અમેરિકા એક સીક્રેટ મિશનમાં આ જ માર્ગથી જહાજોને પસાર કરવામાં સફળ રહ્યું હતું.

ઇરાનના અણુ કાર્યક્રમ અંગે પણ બન્ને વચ્ચે વિવાદ છે અને આને લીધે શાંતિ કરાર થતો નથી. (એજન્સી)■

## ‘૩૭૦ રૂપિયાની બિરયાની’ કમેન્ટ પ્રણિત મોરેને ભારે પડી

### મહારાષ્ટ્રમાં ગુનો નોંધાયોઃ મહિલા પંચના સમન્સ

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય મહિલા આયોગ (એનસીડબ્લ્યુ)એ ગુરુવારે સ્ટેન્ડ-અપ કૉમેડિયન પ્રણિત મોરે અને વેબ ડેવલપર હિમાંશુ જાંગરાને ગુરુગ્રામમાં એક સ્ટેન્ડ-અપ કૉમેડી શો દરમિયાન કથિત રીતે કરવામાં આવેલી ટિપ્પણી બદલ સમન્સ પાઠવ્યા હતા, કમિશને કહ્યું હતું કે તે મહિલા પ્રત્યે અશ્લીલ વર્તનને ઉશ્કેરતી ટિપ્પણીઓ લાગે છે. આ ઉપરાંત, સોશ્યલ મીડિયા પર કથિપણે અશ્લીલ અને વાંધાજનક' સામગ્રી પ્રસારિત કરવા બદલ મહારાષ્ટ્ર સાયબર પોલીસે પણ સ્ટેન્ડ-અપ કૉમેડિયન પ્રણિત મોરે, વેબ ડેવલપર હિમાંશુ જાંગરા, ડૉ. સેજલ પવાર સહિત અન્યો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો અને તેમને તપાસ માટે સમન્સ પાઠવાયા છે.

મીડિયા રિપોર્ટ્સ અને ઘટનાના વાઇરલ વીડિયોની આપમેળે નોંધ લેતા, કમિશને જણાવ્યું હતું કે તેના અધ્યક્ષ વિજયા રાહટકરે હરિયાણા

(જુઓ પાનું ૨) ▶▶



## આત્મનિર્ભર ભારતની ઊંચી ઉડાન

ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ દ્વારા એરબસના સહયોગથી બનાવવામાં આવેલા પ્રથમ સ્વદેશી ઈ-૨૯૫ મિલિટરી ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટે વડોદરા એરપોર્ટથી તેની પ્રથમ ટ્રાયલ કરી હતી. હરણી સ્થિત ટાટા-એરબસ ફેસેલિટીમાં એસેમ્બલ કરાયેલ આ વિમાને વડોદરા એરપોર્ટથી ઉડાન ભરી અને સફળતાપૂર્વક પાછું ફર્યું હતું. ફ્લાઈટ ટ્રાયલ્સ સફળ થતાં ભારતીય વાયુસેનાને સપ્ટેમ્બર ૨૦૨૬ પહેલા પ્રથમ મેંઈડ ઇન ઈન્ડિયા ઈ-૨૯૫ એરક્રાફ્ટ મળશે. ઈ-૨૯૫ પ્રોજેક્ટ ભારત અને સ્પેન વચ્ચેના ₹૨૧,૯૩૫ કરોડના કરાર હેઠળ અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. ૧૬ એરક્રાફ્ટનું ઉત્પાદન સ્પેનમાં થઈ રહ્યું છે, જ્યારે બાકીના ૪0નું ઉત્પાદન વડોદરા ખાતે કરવામાં આવશે. (એજન્સી)

### લશ્કર પર સરકાર જરૂરી ખર્ચ નથી કરતી એમ કહી...

## બ્રિટનના સંરક્ષણ પ્રધાનનું રાજીનામું

લંડનઃ બ્રિટનના સંરક્ષણ પ્રધાન જોન હિલીએ ગુરુવારે રાજીનામું આપ્યું હતું. તેમણે વડા પ્રધાન કીર સ્ટાર્મર પર આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે વડાપ્રધાન દેશની સુરક્ષા માટે જરૂરી સરકારી સંસાધનો ઉપલબ્ધ કરાવી રહ્યા નથી.

તેમણે ઉમેર્યું હતું કે સૈન્ય ખર્ચ વધારવાની માગને કેવી રીતે પૂર્ણ કરી શકાય તેના પર બ્રિટનના સંરક્ષણ અને નાણાં મંત્રાલયો વચ્ચે મહિનાઓથી વાટાઘાટો ચાલી રહી હતી જેના કારણે ગયા વર્ષથી જ બ્રિટનની સંરક્ષણ રોકાણ યોજના અટકી ગઈ છે. હિલીએ સ્ટાર્મરને લખેલા એક પત્રમાં કહ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▶▶

### અમદાવાદ ઍર ઇન્ડિયા પ્લૅન ક્રેશને એક વર્ષ

## શું કારણ? કોણ જવાબદાર?

### હજી બધું અધ્ધરતાલઃ આજે તપાસ અહેવાલ જાહેર થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગઈ ૧૨મી જૂને બપોરે એકાદ વાગ્યા સુધી તો સમગ્ર અમદાવાદ રાબેતા મુજબ જીવી રહ્યું હતું, પરંતુ લગભગ ૧.૩૮ વાગ્યા બાદ સમગ્ર વિશ્વને સ્તબ્ધ કરી નાખતી ઘટના ગુજરાતના અમદાવાદમાં બની હતી. અમદાવાદથી લંડન જતું પ્લેન ટેક ઓફની માત્ર ૩૨ સેકન્ડમા આગનો ગોળ બની અહીંની બીજે મેડિકલ હોસ્ટેલની ઈમારત પર પડ્યું હતું અને ૨૬૦ લોકોના જીવ ગયા હતા. આ ઘટનાને એક વર્ષ થઈ ગયું છે ત્યારે હજુ સુધી આ અકસ્માતનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરો (એએઆઈબી) આજે અકસ્માતનો અંતિમ અથવા તો વચગાળાનો અહેવાલ જાહેર કરશે. અગાઉ અંતિમ અહેવાલ જાહેર થવાના અહેવાલો હતા, પરંતુ

(જુઓ પાનું ૨) ▶▶



ઍર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ ૧૭૧ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી એ અમદાવાદના બી. જે. મેડિકલ કૉલેજના સંકુલમાં આવેલી એક ઈમારતનું પરિસર. (એજન્સી)

## મુશ્કેલીમાં મમતાનો સાથ નહીં છોડુંઃ શત્રુઘ્ન સિંહા

નવી દિલ્હીઃ અભિનેતામાંથી રાજકારણી બનેલા શત્રુઘ્ન સિંહાએ ગુરુવારે કહ્યું હતું કે મુશ્કેલીના આ સમયમાં ટીએમસીનાં સુપ્રીમો મમતા બેનરજીનો સાથ નહીં છોડું કેમ કે જ્યારે હું પડકારજનક પરિસ્થિતિનો સામનો કરી રહ્યો હતો ત્યારે તેઓ મારી પડખે ઊભાં રહ્યાં હતાં.

સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં ટીએમસીના આસનસોલ મતદારસંઘના સાંસદ શત્રુઘ્ન સિંહાએ કહ્યું હતું કે ફરજ, ભય અને લાલચને કારણે અમુક લોકો કદાચ મમતા બેનરજીને છોડી ગયા હશે, પરંતુ મારું સૈદ્ધાંતિ વલણ એ

(જુઓ પાનું ૨) ▶▶

## કાં હું-કાં અભિષેક...

### કલ્યાણ બેનરજીનું મમતાને અલ્ટિમેટમ

કોલકાતાઃ તૃણમૂલ કોંગ્રેસના સિનિયર નેતા અને સંસદસભ્ય કલ્યાણ બેનરજીએ ગુરુવારે પક્ષનાં સર્વોચ્ચ નેતા મમતા બેનરજીને તેમના ભત્રીજા અભિષેક બેનરજી કે પોતાના બેમાંથી કોઈ એકની પસંદગી કરવાનું કહ્યું છે. કલ્યાણે પક્ષના મહામંત્રી અભિષેક પર ‘ઉદ્ધતાઈ’ અને ‘તરંગી માનસ’નો આક્ષેપ કર્યો હતો.

રાજ્યસભાના સાંસદ પ્રકાશ ચિક બૈરૈકે ગુરુવારે રાજ્યસભા અને પાર્ટી બંનેમાંથી રાજીનામું આપતાં તૃણમૂલ કોંગ્રેસમાં કટોકટી વધુ ઘેરી બની હતી. ગુરુવારે, સુખેન્દુ શેખર રે અને સુષ્મિતા દેવ પછી બૈરૈક રાજ્યસભા અને

(જુઓ પાનું ૨) ▶▶

## વધુ ઈથેનોલ ધરાવતા પેટ્રોલને એક્સાઈઝ ડ્યૂટીમાંથી મુક્તિ

નવી દિલ્હીઃ ઈંધણના મિશ્રણ સંબંધિત પ્રવૃત્તિઓ પર ડબલ ટેક્સેશન ન થાય તે માટે સરકારે વધુ ઈથેનોલ મિશ્રિત પેટ્રોલની શ્રેણીઓને સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યૂટીમાંથી મુક્તિ આપી હોવાનું સત્તાવાર બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં જણાવવામાં આવ્યું હતું. સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડિરેક્ટ ટેક્સિ ઍન્ડ કસ્ટમ્સે અનુક્રમે ૨૨, ૨૫, ૨૭ અને ૩૦ ટકા ઈથેનોલ ધરાવતા ઈ-૨૨, ઈ-૨૫, ઈ-૨૭ અને ઈ-૩૦ ગ્રેડના ઇથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ (ઈબીપી)ને લાગુ પડતી સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યૂટીમાંથી મુક્તિ આપી હોવાનું જણાવતું જાહેરનામું બહાર પાડ્યું હતું. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર સેન્ટ્રલ એક્સાઈઝ ઍક્ટની જોગવાઈને દૂર કરવાના આશયથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. અન્યથા આ કાયદા અંતર્ગત ઈથેનોલ બ્લેન્ડિંગને ઉત્પાદન પ્રવૃત્તિ ગણવામાં આવશે અને પરિણામે બ્લેન્ડેડ ઈંધણ પર ફરી વાર એક્સાઈઝ ડ્યૂટી લાગુ પડી શકે એમ હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. (એજન્સી)■

## વૈશ્વિક અર્થતંત્ર ધીમું પડશે પણ ભારત સૌથી ઝડપથી વિકસતી ઈકોનોમીઃ વર્લ્ડ બૅંક

વૉશિંગ્ટનઃ ઇરાન યુદ્ધને કારણે વૈશ્વિક સ્તરે નિર્માણ પામેલી આર્થિક સ્થિતિ, ઇંધણના ભાવમાં વધારો અને વધેલી અચોક્કસતા જેવી બાબતો આ વરસે વૈશ્વિક વિકાસદરમાં ઘટાડો કરશે, એમ વર્લ્ડ બૅન્કે ગુરુવારે કહ્યું હતું. જોકે વર્લ્ડ બૅંકે સાથે ઉમેર્યું હતું કે, ૬.૬ ટકાના આર્થિક વિકાસદર સાથે ભારત જગતનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર રહેશે.

એક અંદાજ મુજબ આ વરસે વૈશ્વિક વિકાસદર ૨.૫ ટકા જેટલો રહેશે. છ વર્ષ અગાઉ આવેલી કોરોનાની મહામારી બાદ આ સૌથી નબળી કામગીરી હશે.

વિશ્વના બેતૃતિયાંશ દેશના વિકાસદરને વર્લ્ડ બૅન્કે ડાઉનગ્રેડ કર્યો છે. જોકે ઇઝરાયલ સાથે મળીને ૨૮ ફેબ્રુઆરીથી યુદ્ધ શરૂ કરનાર અમેરિકાને વર્લ્ડ બૅન્કે આમાંથી બાકાત રાખ્યું છે. વર્લ્ડ બૅન્કને હજુ પણ અપેક્ષા છે કે વિશ્વના સૌથી મોટા અર્થતંત્ર અમેરિકાનો વિકાસદર આ વરસે ૨.૨ ટકા જેટલો રહેશે જે વર્ષ ૨૦૨૫ના ૨.૧ ટકાના વિકાસદરથી સહેજ વધુ હશે. ઊર્જાના સૌથી મોટા ઉત્પાદક તરીકે અમેરિકા તેલ તેમ જ કુદરતી ગૅસની આયાત કરતા અન્ય દેશોની સરખામણીએ વધુ સ્થિતિસ્થાપક છે અને ટૅરિફમાં ઘટાડા તેમ જ એઆઈમાં વધી રહેલા રોકાણનો અમેરિકાના અર્થતંત્રને ઘણો લાભ મળી રહ્યો છે. (એજન્સી)■

## કેરલમમાં નિપાહનો ખતરો, એક દર્દી નોંધાયો

કોઝિકોડે (કેરલમ) : કેરલમના કોઝિકોડે જિલ્લામાં નિપાહ વાયરસનો એક કેસ નોંધાયો હતો જેના કારણે વહીવટીતંત્રે ગુરુવારે અસરકારક પગલા લેવાની શરૂઆત કરી હતી. કોઝિકોડે જિલ્લા કલેક્ટર એમ.એસ. માધવીકુટ્ટીએ જણાવ્યું હતું કે રમનાટ્ટુકારાના ૪૩ વર્ષીય વ્યક્તિને નિપાહ વાઇરસનો ચેપ લાગ્યાની પુષ્ટિ થઈ છે. એક સરકારની નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે દર્દી કોઝિકોડે મેડિકલ કોલેજ હોસ્પિટલના આઈસીયુમાં સારવાર હેઠળ છે. કલેક્ટરના જણાવ્યા મુજબ, ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં આવેલા ૭૭ લોકોની ઓળખ કરવામાં આવી છે. તેમાં ૫૮ આરોગ્યસંભાળ કાર્યકરો, ૧૪ પરિવારના સભ્યો અને પાંચ મિત્રો અને સહકાર્યકરો સામેલ છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અત્યાર સુધી કોઈ પણ વ્યક્તિમાં કોઈ લક્ષણો જોવા મળ્યાં નથી.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સૌથી વધુ જોખમ રહેલા બધાને

(જુઓ પાનું ૨) ▶▶

## દોઢ દાયકામાં ૧.૯ કરોડ ભારતીયો પાકિસ્તાનીઓ અને બાંગ્લાદેશીઓએ અખાતના દેશોમાં હીજરત કરી

નવી દિલ્હીઃ ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાંથી લગભગ ૧.૯ કરોડ લોકોએ સઉદી અરેબિયા, કતાર, બાહરીન અને સંયુક્ત આરબ અમીરાત(યુએઇ)માં ૨૦૧૦ પછી દોઢ દાયકામાં સ્થળાંતર કર્યું છે. દર વર્ષે સરેરાશ ૧૩.૫ લાખ લોકોએ આ દેશોની વાટ પકડી હતી. આ માહિતી એક અભ્યાસમાં સામે આવી છે.

લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સ એન્ડ પોલિટિકલ સાયન્સ(એલએસઇ), ઓસ્ટ્રિયાની ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર એપ્લાઇડ સિસ્ટમ્સ એનાલિસિસ અને હોંગકોંગ યુનિવર્સિટીના સંશોધકોએ જણાવ્યું કે આ આંકડો ૧૯૯૦થી અત્યાર સુધીમાં મેક્સિકોથી અમેરિકા સ્થળાંતર કરનારા ૧.૩૬ કરોડ લોકો કરતાં વધુ છે.

નેચર જર્નલમાં પ્રકાશિત એક ગ્લોબલ માઇગ્રેશન મેપ અનુસાર વિશ્વભરમાં મધ્યપૂર્વમાં સૌથી વધુ પ્રવાસીઓ આવ્યા છે. જેમાં મોટાભાગે દક્ષિણ એશિયા અને ફિલિપાઇન્સના લોકોનો સમાવેશ થતો હતો. વર્ષ ૨૦૧૦ પછીથી એકલા બાંગ્લાદેશથી સઉદી અરેબિયા સ્થળાંતર કરનારાઓની સંખ્યા દર વર્ષે સરેરાશ ત્રણ લાખ રહી છે.

ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાઇડ સિસ્ટમ્સ એનાલિસિસ(આઇઆઇએએસએ)ના પોપ્યુલેશન એન્ડ જસ્ટ સોસાયટીઝ પ્રોગ્રામના માઇગ્રેશન અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિસર્ચ ગ્રૂપના સંશોધક અને અભ્યાસના સહ-લેખક ગાઇ અબેલે જણાવ્યું કે અમારો વાર્ષિક ડેટા સ્પષ્ટ ચિત્ર રજૂ કરે છે. જે દર્શાવે છે કે ૨૦૦૦ પછીથી આ(સ્થળાંતર) દરમાં વૃદ્ધિ નોંધાઇ છે.

અબેલે વધુમાં જણાવ્યું કે આ વધતો દર અચાનક આવેલા અલગ-અલગ સંકટોને બદલે લાંબા ગાળાના વસ્તી વિષયક ફેરફારો અને આર્થિક વિકાસને કારણે હોવાનું જણાઇ રહ્યું છે. ■

## કૅનેડામાં ટીનેજરોના સોશ્યલ મીડિયા વપરાશ પર બંધી મુકાશે

ઓટાવાઃ કૅનેડાએ ડિજિટલ સુરક્ષા બિલ રજૂ કર્યું છે. આ બિલ ૧૬ વર્ષથી નાની ઉંમરના બાળકો માટે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મના ઉપયોગ પર પ્રતિબંધ મૂકે છે. તેમજ જો કંપનીઓ યુવા યુઝર્સ માટે પૂરતા સુરક્ષા ઉપાય રજૂ કરી શકે છે તો તેઓ છૂટ માંગવાની મંજૂરી આપશે. કૅનેડાના વ્યક્તિત્વ અને સંસ્કૃતિ પ્રધાન માર્ક મિલરે બુધવારે બિલ સી-૩૪ રજૂ કર્યું હતું. જે કૅનેડાની સરકાર દ્વારા ઓનલાઇન નુકસાનનો સામનો કરવા માટે કાનૂની માળખું બનાવવાની દિશામાં વધુ એક પ્રયાસ છે. એક સત્તાવાર નિવેદન અનુસાર પ્રસ્તાવિત કાયદો ચેટજીપીટી જેવી આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ ચેટબોટ સેવાઓનું પણ નિયમન કરશે. તેમજ ઓનલાઇન પ્લેટફોર્મ માટે નવી સુરક્ષા જરૂરિયાતો પ્રસ્તુત કરશે. નિવેદનમાં જણાવાયું છે કે કૅનેડામાં નુકસાન થયા પછી કાર્યવાહી કરવા માટે કાયદો છે, પરંતુ હાલ એવો એકેય કાયદો નથી જે ઓનલાઇન સેવાઓને નુકસાન થાય તે પહેલા જ તેને રોકવા માટે દબાણ કરે. પ્રસ્તાવિત સેફ સોશ્યલ મીડિયા એક્ટનો ઉદ્દેશ્ય આ પરિસ્થિતિને બદલવાનો છે. જે અંતર્ગત સોશ્યલ મીડિયા સેવાઓ અને એઆઇ ચેટબોટ પ્રોવાઇડર નુકસાન થાય તે પહેલા તેનો સામનો કરવા માટે જવાબદાર રહેશે. ■

## વિક્રમી અલ નિનો ભયંકર તારાજી લાવશે

### ▶ અસહ્ય ગરમી, પૂર, દુકાળ અને આગ જેવી આફતો આવશે
### ▶ ભારતમાં હીટ વેવ અને ઓછો વરસાદ

વૉશિંગ્ટનઃ પ્રકૃતિનો અરાજકતા ફેલાવતો ક્લાઈમેટ એજન્ટ અલ નિનો આ વખતે બધા વિક્રમ તોડી નાખે એવી આશંકા હવામાન શાસ્ત્રીઓએ વ્યક્ત કરી છે. હાલમાં આ એજન્ટ પ્રશાંત મહાસાગરમાં માથુ ઊંચકી રહ્યો છે. નિષ્ણાતોનું કહેવું છે કે ગરમીની કુદરતી સાઈકલ અલ નિનોને લીધે ઈંધણના પ્રદૂષણથી પીડાતો પૃથ્વીનો ગોળો ધગધગતો ગરમ થઈ જશે અને આખા ગ્રહમાં બે અંતિમો જેવું હવામાન નિર્માણ થશે. અલ નિનો ભારતમાં ભયંકર હીટ વેવ લાવશે અને ચોમાસામાં વરસાદની ખાધ ઊભી કરશે.

હમામાન શાસ્ત્રીઓની આગાહી છે કે ૧૯૯૭માં શોધી કઢાયેલા અલ નિનો તેના જૂના બધા વિક્રમો તોડી નાખશે એવી ૬૩ ટકા સંભાવના છે. આને લીધે થનારા હીટ વેવ, પૂર, દુકાળ અને વાવાઝોડા-વંટોળને લીધે અબજો ડૉલરનું નુકસાન થશે. યુએસ નેશનલ ઓસએનિક ઍન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (એનઓએએ)એ સત્તાવાર રીતે પ્રશાંત મહાસાગરમાં ધ્રુવની નજીક માથું ઊંચકી રહેલા અલ નિનોના અસ્તિત્વને સમર્થન આપ્યું છે અને આને લીધે આખા વિશ્વની હવામાનની પેટર્ન બદલાઈ જશે. એનઓએએ તરફથી જાહેરાત કરાઈ હતી કે પાનખર અને શિયાળાની શરૂઆતમાં અલ નિનો એટલો ભીષણ હશે કે તે સૌથી મોટા અલ નિનોનું સ્થાન મેળવી શકે. આને લીધે ૧૯૫૦નો ઐતિહાસિક વિક્રમ તૂટી શકે. ક્લાઈમેટ સાયન્ટિસ્ટ એબ્બી ફ્રેઝરે ચેતવણી આપી હતી કે અલ નિનોના ગરમ ઊંડા જળને લીધે સપાટી પર વધારાની ગરમી આવશે જેનાથી આખા વિશ્વમાં આકરા બનાવો બનશે, પેસિફિકમાં આની ભયંકર અસર પડશે. આને લધે દક્ષિણ અમેરિકાના પશ્ચિમના ભાગોમાં ભારે વરસાદ પડશે. હવાઈ અને બીજા ટાપુમાં વંટોળ આવશે. દુષ્કાળગ્રસ્ત મિડલ ઈસ્ટને ફાયદો થશે, પરંતુ ઑસ્ટ્રેલિયામાં દાવાનળ અને ગરમી ફાટી નીકળશે. અમેરિકાના અર્થતંત્ર પર આની માઠી અસર પડશે. (એજન્સી)■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મમતા માટે કૉંગ્રેસમાં ભળવાનો વિકલ્પ શ્રેષ્ઠ

**પશ્ચિમ** બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ સામે ભૂંડી રીતે હારી ગયેલાં મમતા બેનરજી પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવવા માટે ઘરવાપસી કરીને કૉંગ્રેસમાં પાછાં આવી જાય એવો તખ્તો ઘડાઈ રહ્યો છે. તૃણમૂલ કૉંગ્રેસમાં પોતાની સામે થયેલા બળવાને પગલે દિલ્હી દોડી આવેલાં મમતા બેનરજીને સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ભીનો આવકાર આપ્યો ને કલાકો લગી ચર્ચા કરી પછી મીડિયામાં મમતા કૉંગ્રેસમાં જવા માગતાં હોવાની વાતો વહેતી થઈ છે.

મીડિયા રિપોર્ટ પ્રમાણે, કૉંગ્રેસે મમતા બેનરજીને રાષ્ટ્રીય ઉપપ્રમુખપદ અને તેમના ભત્રીજા અભિષેક બેનરજીને મહામંત્રીપદની ઓફર કરી છે. મમતાના બીજા વફાદારોને પણ બંગાળ કૉંગ્રેસમાં સારા હોદ્દાની ખાતરી અપાઈ છે અને હવે મમતાએ નિર્ણય લેવાનો છે એવું મીડિયાના રિપોર્ટ કહે છે. મમતા કે કૉંગ્રેસના નેતાઓમાંથી કોઈ મગનું નામ મરી પાડીને આ વાત સાચી છે કે નહીં તેનો ફોડ પાડતા નથી પણ વાત ખોટી છે એવું પણ કહેતાં નથી તેના કારણે મમતા ૩૦ વર્ષ પછી પાછાં કૉંગ્રેસમાં ઘરવાપસી કરે એવી શક્યતા નકારી શકાય નહીં.

મમતા માટે કૉંગ્રેસમાં ભળી જવું અત્યારે સારો નહીં પણ શ્રેષ્ઠ વિકલ્પ છે કેમ કે વિધાનસભાની ચૂંટણીમાં હરાવીને ભાજપે મમતાનો ગરાસ લૂંટી લીધો છે. આ હાર પછી તૃણમૂલ કૉંગ્રેસના ધારાસભ્યો, સાંસદો એક પછી એક મમતાનો સાથ છોડી રહ્યા હોવાથી મમતા પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા ફાંફાં મારી રહ્યાં છે. આ ફાંફાંના ભાગરૂપે મમતાએ ધારાસભ્યો અને સાંસદોને મનાવવાની મથામણ કરી જોઈ પણ મેળ પડ્યો નથી. પશ્ચિમ બંગાળ વિધાનસભામાં મમતાની તૃણમૂલ કૉંગ્રેસના ૮૦ ધારાસભ્યોમાંથી ૫૯ ધારાસભ્યો નાફરમાની કરીને અલગ ચોકો રચીને પહેલાં જ બેસી ગયા હતા. એ પછી લોકસભામાં તૃણમૂલ કૉંગ્રેસના ૨૮ સાંસદોમાંથી ૨૦ સાંસદોએ નોખો ચોકો રચી નાખ્યો. તૃણમૂલ કૉંગ્રેસના રાજ્યસભામાં ૧૩ સાંસદો છે ને તેમાંથી ત્રણ સાંસદોએ પણ રાજીનામાં ધરી દેતાં કુલ ૨૩ સાંસદો અલગ થઈ ગયા છે. મમતાએ વરસોથી તૃણમૂલ કૉંગ્રેસ પર એકહથ્થુ સત્તા ચલાવી છે. મમતા સત્તામાં નહોતાં ત્યારે પણ ઘણા નેતા તેમને છોડીને ગયેલા પણ આટલા મોટા પાયે બગાવત કદી નહોતી થઈ કેમ કે અત્યારે તો મમતા સામે જ સૌએ બાંયો ચડાવી દીધી છે.

મમતા માટે એક સારી વાત એ છે કે, તૃણમૂલ કૉંગ્રેસના બાગીઓ ભાજપમાં ભળ્યા નથી. ત્રણ જૂને તૃણમૂલ કૉંગ્રેસમાં પહેલી વાર બળવો થયો ને ૫૮ બળવાખોર ધારાસભ્યોએ કાઢી મુકાયેલા ધારાસભ્ય ઋતબ્રત બેનરજીને પોતાના નેતા તરીકે પસંદ કર્યા હતા. આ ધારાસભ્યોએ વિધાનસભા સ્પીકર રથીન્દ્ર બોઝને પત્ર આપીને સત્તાવાર રીતે ઋતબ્રતને વિપક્ષના નેતા જાહેર કરવાની માગ કરેલી. સ્પીકરે આ માગ સ્વીકારીને ઋતબ્રતને વિપક્ષના નેતા બનાવી દીધા. આ બળવો મમતાના નિર્ણય સામે જ હતો પણ બળવાખોર ધારાસભ્યોએ ભાજપમાં ભળવાના બદલે પોતે સાચી તૃણમૂલ કૉંગ્રેસ છે એવું વલણ લીધું છે.

મહત્ત્વની વાત એ છે કે, તેમણે પોતાનાં નેતા મમતા બેનરજી જ હોવાનું પણ કહ્યું છે તેથી મમતા તેમના નિર્ણયને સ્વીકારીને ઋતબ્રતને આશીર્વાદ આપી દે તો આ બળવાની હવા નીકળી જાય. મમતા અક્કડમાં એવું નથી કરી રહ્યાં એ અલગ વાત છે પણ તેમના માટે એ રસ્તો ખુલ્લો જ છે. કાકોલી ઘોષના નેતૃત્વમાં તૃણમૂલ કૉંગ્રેસના ૨૦ સાંસદોએ બગાવત કરી પછી આઠ જૂને કાકોલી ઘોષે ૨૦ લોકસભા સાંસદોના સમર્થન સાથેનો પત્ર સ્પીકર ઓમ બિરલાને મોકલીને અલગ જૂથ તરીકે માન્યતા આપવા વિનંતી કરી છે.

મમતાનાં નજીક મનાતાં જાદવપુરના સાંસદ સાયોની ઘોષ, યુસુફ પઠાણ અને શત્રુઘ્ન સિન્હા સહિતનાં સાંસદોના આ જૂથને કદાચ મમતા ના મનાવી શકે પણ ધારાસભ્યોને તો મમતા મનાવી શકે તેમ છે જ એ જોતાં મમતા માટે પોતાનું ઘર સરખું કરવાનો વિકલ્પ છે જ પણ આ વિકલ્પ બહુ મહેનત માગી લે એવો છે. મમતા પાસે સત્તા હતી ત્યારે કોઈ તેમની સામે ચૂં કે ચાં નહોતું કરી શકતું કેમ કે મમતા દંડો ચલાવીને પોતાની હાલત બગાડી નાખે એવો ડર લાગતો. હવે મમતા પાસે સત્તા નથી તેથી દંડો નથી એટલે કોઈ તેમનાથી ડરવાનું નથી. આ સંજોગોમાં તૃણમૂલ કૉંગ્રેસની ગાડી પાટા પર લાવવામાં મમતા મેડમની હાલત કફોડી થઈ જાય.

મમતા ૭૦ વર્ષનાં છે ને પહેલાં જેવું જોશ કે ઝનૂન તેમનામાં બચ્યું નથી. ઢળતી ઉંમરે આ બધા ઉધામા કરીને શું મળશે એ પણ નક્કી નથી પણ પોતાના ભત્રીજા અને પરિવારની સલામતી માટે મમતા રાજકારણ છોડી શકે તેમ નથી તેથી તેમના માટે સારો વિકલ્પ કૉંગ્રેસમાં પાછા ફરવાનો છે. મમતા ૩૦ વર્ષ પહેલાં ૧૯૯૬માં કૉંગ્રેસની ઘરડા નેતાઓની ગેંગથી થાકીને કૉંગ્રેસ છોડી ગયેલાં ને એ વખતે કોઈએ મમતાને ગણકાર્યાં નહોતાં. બંગાળ પર ૧૫ વર્ષ રાજ કર્યા પછી મમતાનું રાજકીય વજન બહુ વધી ગયું છે અને તેમની તાકાતને કોઈ અવગણી શકે તેમ નથી એ જોતાં કૉંગ્રેસમાં પણ તેમનો પડ્યો બોલ ઝિલાશે નહીં તેથી મમતાએ નાકલીટી તાણીને કૉંગ્રેસમાં જવાનું નથી. અત્યારે મલ્લિકાર્જુન ખડગે કૉંગ્રેસના પ્રમુખ છે ને કૉંગ્રેસ તેમને દૂર કરીને મમતાને પ્રમુખપદે ના બેસાડી શકે પણ ભવિષ્યમાં મમતા કૉંગ્રેસનાં પ્રમુખ પણ બની શકે છે.

કૉંગ્રેસ માટે પણ મમતાને લેવાં ફાયદાનો સોદો છે. બંગાળમાં કૉંગ્રેસ સાવ પતી ગયેલી છે. ડાબેરીઓના સથવારે કૉંગ્રેસે બંગાળમાં ફરી બેઠા થવાની કોશિશ કરી જોઈ પણ મેળ પડ્યો નથી. અત્યારે કૉંગ્રેસની બંગાળમાંથી ના લોકસભામાં એક પણ બેઠક છે ને ના વિધાનસભામાં. ટૂંકમાં કૉંગ્રેસ ઝીરો પર છે. મમતાના આગમનથી તેને બંગાળમાં વિધાનસભામાં પ્રતિનિધિત્વ મળશે ને લોકસભામાં પણ તેની તાકાત વધશે. મમતા ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ છે એ જોતાં બંગાળમાં કૉંગ્રેસને ફરી બેઠી કરવામાં પણ મદદરૂપ થશે. મમતા અત્યંત આક્રમક નેતા છે તેથી વિધાનસભા કે લોકસભામાં તેમની હાજરી ભાજપને ઊંચા જીવે રાખવામાં મદદરૂપ થશે એ જોતાં મમતાને લેવામાં કૉંગ્રેસ માટે વકરો એટલો નફો છે.

મમતા હવે શું કરે એ જોવાનું છે. કૉંગ્રેસે કરેલી ઓફરને એ સ્વીકારશે તો ફાયદામાં રહેશે. કૉંગ્રેસ અને તેમનું એમ બંનેનું ભલું થશે પણ મમતા અહંકારી છે. બંગાળમાં ૧૫ વર્ષ સત્તા ભોગવી પછી આપખુદ પણ બની ગયાં છે એ જોતાં મમતા કૉંગ્રેસમાં ભળવાના બદલે એકલા હાથે ભાજપ સામે લડવાનું પસંદ કરે એવું પણ બને. તેમાં મમતા કંઈ કાંદા નહીં કાઢે કેમ કે આ ૨૦૨૬ છે, ૧૯૯૬ નથી ને સામે ભાજપ છે, ડાબેરીઓ નથી. ડાબેરીઓ ગુંડાગીરીના જોરે સત્તા ટકાવવામાં માનતા જ્યારે ભાજપ સામ,દામ, દંડ, ભેદ એ બધાં હથિયાર વાપરવામાં પાવરધો છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, શુક્રવાર, તા. ૧૨-૬-૨૦૨૬, પ્રદોષ

- ભારતીય દિનાંક ૨૨, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ વદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ વદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨જો બેહમન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૭મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર અશ્વિની સવારે ક. ૦૬-૨૮ સુધી, પછી ભરણી મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૫ સુધી (તા. ૧૩), પછી કૃત્તિકા
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૩, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતી : સવારે ક. ૦૯-૪૪, રાત્રે ક. ૨૧-૦૯
- ઓટઃ બપોરે ક. ૧૫-૩૧, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૩૯ (તા. ૧૩)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અધિક જયેષ્ઠ કૃષ્ણ-દ્વાદશી. પ્રદોષ, સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષ વાહન, દેડકો.

- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ યમદેવતાનું પૂજન, શુક્ર દેવતાનું પૂજન, પ્રદોષ વ્રત ઉપવાસ, શિવરુદ્રાભિષેક, શિવ-પાર્વતી પૂજા, પ્રદોષ વ્રત, રાત્રિ જાગરણ, કીર્તન, ભક્તિ, ભજન, માલ વેચવો, ખેતીવાડી, આમલીના ઔષધીય પ્રયોગો, યમદેવતાનું પૂજન.
- પુરુષોત્તમ માસ મહિમાઃ આ મહિનામાં કરેલું મોન વ્રત (વાણીનો સંયમ) મનની શક્તિઓને કેન્દ્રિત કરવામાં અદ્ભુત મદદ કરે છે.
- આચમનઃ ચંદ્ર-બુધ અર્ધત્રિકોણ ભાષાઓના જાણકાર, ચંદ્ર-મંગળ યુતિ માથા ફરેલ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ અર્ધત્રિકોણ, ચંદ્ર-મંગળ યુતિ (તા. ૧૩)
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-મેષ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્તચૂ-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# રામ મંદિરના ભંડોળના દુરુપયોગ વિશે ઘણું જાણું છું પણ...: ભાજપી નેતા

## ભૂતપૂર્વ સાંસદ બ્રિજભૂષણ સિંહનો દાવોઃ ટ્રસ્ટના મહંત કમલ નયન દાસે નિષ્પક્ષ તપાસની માગણી કરી

અયોધ્યા/લખનઊઃ રામ મંદિર ટ્રસ્ટના પ્રમુખ મહંત નૃત્ય ગોપાલ દાસના ઉત્તરાધિકારી મહંત કમલ નયન દાસે કહ્યું કે રામ મંદિરના દાનમાં કોઈપણ કથિત ગેરરીતિઓની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ, જ્યારે કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે ગુરુવારે આ વિવાદને હળવો કરવાનો પ્રયાસ કરતા કહ્યું કે સમાજવાદી પક્ષ (એસપી) વડા અખિલેશ યાદવના દાવાઓને લોકોએ ગંભીરતાથી લીધા નથી.

ભાજપ નેતા અને ભૂતપૂર્વ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહે દાવો કર્યો છે કે તેઓ અયોધ્યામાં રામ મંદિરમાં દાનના કથિત દુરુપયોગ અને ચોરી વિશે ઘણું જાણે છે પરંતુ તેઓ હાલમાં સત્ય જાહેર કરવાની સ્થિતિમાં નથી.

બુધવારે વિષ્ણોહરપુર સ્થિત તેમના નિવાસસ્થાને પત્રકારો સાથે વાત કરતા સિંહે કહ્યું, ''હું ખૂબ જ નબળી વ્યક્તિ છું. જો હું સત્ય બોલીશ, તો હું મુશ્કેલીમાં મુકાઈશ કારણ કે તેઓ ખૂબ જ શક્તિશાળી લોકો છે. મારી પાસે હમણાં સત્ય બોલવાની હિંમત નથી. જો સમય આવશે, તો હું બોલીશ. તેમણે કોને ''તેઓ'' તરીકે ઓળખાવ્યા તે સ્પષ્ટ કર્યું નહીં.

મંદિરમાં દાનની કથિત ઉચાપત અંગે ચાલી રહેલા વિવાદ વચ્ચે, મહંત દાસે કહ્યું કે જો કોઈ ખોટું કામ થયું હોય, તો તેની પારદર્શક તપાસ થવી જોઈએ, જેથી તમામ હિસ્સેદારોને પ્રક્રિયામાં વિશ્વાસ રહે અને સત્ય બહાર આવે. ■

# સીબીઆઇ થાઈલેન્ડ અને જ્યોર્જિયાથી બે વોન્ટેડને પાછા લાવી

નવી દિલ્હીઃ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન(સીબીઆઇ)એ ગુરુવારે થાઇલેન્ડ અને જ્યોર્જિયાથી ઇન્ટરપોલ રેડ નોટિસનો સામનો કરી રહેલા બે કથિત ગુનેગારોને પરત લાવવાનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરી લીધું છે. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

ફેડરલ એજન્સીએ સાયબર ક્રાઇમના માધ્યમથી લોકો સાથે છેતરપિંડી કરવાના આરોપસર વોન્ટેડ ગણેશ બાલાસો કાલેનું થાઇલેન્ડથી પ્રત્યર્પણ સુરક્ષિત કર્યું હતું. તેના વિરુદ્ધ ઇન્ટરપોલ રેડ નોટિસ જારી થયાના ૨૦ દિવસની અંદર આ કાર્યવાહી કરવામાં આવી છે. આ ઉપરાંત જ્યોર્જિયાથી વૈકેટ ગર્ગને લાવવામાં આવ્યો હતો.

અત્રે નોંધનીય છે કે રેડ નોટિસ એ ઇન્ટરપોલના સભ્ય દેશ દ્વારા વોન્ટેડ વ્યક્તિને અટકાયતમાં લેવા માટે વિશ્વભરની કાયદા અમલીકરણ એજન્સીઓને કરવામાં આવતી આંતરરાષ્ટ્રીય વિનંતી છે. સીબીઆઇએ એક નિવેદનમાં જણાવ્યું કે કાલે પર આ કૌભાંડમાં વિવિધ વ્યક્તિઓને સંડોવીને સાયબર આર્થિક ગુનેગારોનું નેટવર્ક ચલાવવાનો આરોપ છે. તેણે ગેરકાયદે નાણાં ટ્રાન્સફર માટે તેમના બેંક ખાતાઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાના બદલામાં વ્યાજ/કમિશનનું વચન આપીને વ્યક્તિઓને લાલચ આપી અને ત્યારબાદ ઘણા લોકોને ઠગવા માટે આવા ખાતાઓનો ઉપયોગ કર્યો હતો.

એજન્સીના પ્રવક્તાએ જણાવ્યું કે આરોપીએ સહ-આરોપીઓને મોબાઇલ ફોનની વ્યવસ્થા કરવા અને ગુનાઓને અંજામ આપવા માટેની સુવિધા ઉપલબ્ધ કરાવવા નકલી સિમ કાર્ડ મેળવવાનો પણ નિર્દેશ આપ્યો હતો. ■

# મોદી મહાન નેતાઃ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ભારતના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા વડા પ્રધાન બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે મોદીને 'મહાન' નેતા ગણાવ્યા હતા. તેમજ તેમના માટે મહાનતા અને સફળતાથી ભરેલા અનેક વર્ષોની શુભેચ્છા પાઠવી હતી.

મોદીએ ટ્રમ્પનો શુભેચ્છાઓ બદલ આભાર માન્યો હતો. તેમજ કહ્યું કે તેઓ ભારત-અમેરિકા વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ આગળ વધારવા માટે તેમની સાથે કામ કરવા માટે આતુર છે. મોદી બુધવારના રોજ ભારતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા વડા પ્રધાન બની ગયા છે. તેમણે ૪,૩૯૯ દિવસોના સતત કાર્યકાળ સાથે દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુનો રેકોર્ડ તોડ્યો છે.

ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર એક પોસ્ટમાં કહ્યું કે મારા મિત્ર વડા, પ્રધાન નરેન્દ્ર મોદીને ભારતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા વડા પ્રધાન બનવા બદલ અભિનંદન-તેઓ ખરેખર એક મહાન નેતા છે. તેમણે કહ્યું કે તેઓ એક મજબૂત, સ્વસ્થ અને બુદ્ધિશાળી વ્યક્તિ છે. તેમની આગળ મહાનતા અને સફળતાથી ભરેલા અનેક વર્ષો છે.

આ સંદેશનો જવાબ આપતા મોદીએ એક્સ પર જણાવ્યું કે પ્રમુખ ટ્રમ્પ, તમારી શુભેચ્છાઓ બદલ આભાર. હું બંને દેશો અને વિશ્વના ભલા માટે ભારત-અમેરિકા વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ આગળ વધારવા માટે તમારી સાથે કામ કરવા માટે આતુર છું. ■

# બેંક સાથે દસ કરોડ ડૉલરનો ફ્રૉડઃ ભારતીય મૂળનો શખસ પકડાયો

વૉશિંગ્ટનઃ વીમા પોલિસીના ટાઇટલ રેકોર્ડમાં છેડછાડ કરીને બેંક સાથે લગભગ ૧૦ કરોડ ડૉલરની છેતરપિંડી કરવાના આરોપમાં કેલિફોર્નિયામાં એક ૪૪ વર્ષીય ભારતીય-અમેરિકનની ધરપકડ કરવામાં આવી હતી.

મહેન્દ્ર મખીજાની ગ્રીન કાર્ડ પર અમેરિકામાં રહે છે અને જો દોષિત ઠેરવવામાં આવે તો તેને મહત્તમ ૩૦ વર્ષની જેલની સજા થઈ શકે છે.

કેલિફોર્નિયાના સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટના ફર્સ્ટ આસિસ્ટન્ટ અમેરિકી એટર્ની બિલાલ એસ્સેલીએ જણાવ્યું હતું કે કોરોના ડેલ મારમાં રહેતા ભારતના કાયદેસર કાયમી નિવાસી મહેન્દ્ર મખીજાનીની બુધવારે સવારે ફેડરલ ફોજદારી ફરિયાદ પર ધરપકડ કરવામાં આવી હતી, જેમાં તેના પર બેંક સાથે લગભગ ૧૦ કરોડ ડૉલરની છેતરપિંડી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

આરોપ મુજબ, મખીજાનીએ ટાઇટલ ઇન્શ્યોરન્સ રેકોર્ડ ખોટા બનાવ્યા, સાચા લિયન પોઝિશન છુપાવ્યા અને લગભગ ૧૦ કરોડ ડૉલરમાંથી ફેડરલ વીમાકૃત બેંકને ગેરમાર્ગે દોરવા માટે શેલ કંપનીઓના નેટવર્કનો ઉપયોગ કર્યો,'' તેવું ઈજ્જક્રિમિનલ ઇન્વેસ્ટિગેશનના લોસ એન્જલસ ફિલ્ડ ઓફિસના કાર્યકારી સ્પેશિયલ એજન્ટ ઇન ચાર્જ ડેરેન લિયાને જણાવ્યું હતું.

લિયાને બુધવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમારા ખાસ એજન્ટોએ સ્તરીય ટ્રાન્સફર અને છુપાયેલા ખાતાઓ દ્વારા નાણાંની તપાસ કરી અને છેતરપિંડી કરવા માટે રચાયેલ સ્કીમનો પર્દાફાશ કર્યો. ■

# 'મને તો મોંઘવારી ગમે છે'

## અમેરિકામાં ફુગાવો આસમાને છે ત્યારે ટ્રમ્પનું વિચિત્ર વિધાન

વૉશિંગ્ટનઃ અમેરિકા પશ્ચિમ એશિયામાં ઇરાન સાથે યુદ્ધમાં ફસાયેલું છે. ઇરાન સામે યુદ્ધના કારણે અમેરિકાના નાગરિકો મોંઘવારીનો સામનો કરી રહ્યા છે. અમેરિકામાં મોંઘવારીએ ત્રણ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. અમેરિકામાં વધી રહેલી મોંઘવારી વચ્ચે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક વિચિત્ર નિવેદન આપ્યું છે. તેમણે મોંઘવારીનો દર ચાર ટકાને પાર થતા તેનું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, મને મોંઘવારી પસંદ છે. પ્રમુખે એવો પણ દાવો કર્યો હતો કે ઇરાન યુદ્ધ સમાપ્ત થતાં જ ફુગાવો નીચે આવશે અને કિંમતો ઘટશે.

મે મહિનામાં કન્ઝ્યુમર પ્રાઈસ ઇન્ડેક્સ ગયા વર્ષ કરતાં ૪.૨ ટકા વધ્યો હોવાના નવા રિપોર્ટ વિશે પૂછવામાં આવતા પ્રમુખે ચોંકાવનારો જવાબ આપ્યો હતો. અમેરિકી પ્રમુખને એમ પણ પૂછવામાં આવ્યું હતું કે શું નવેમ્બરમાં યોજાનારી મધ્યસત્ર ચૂંટણીમાં વધતી જતી મોંઘવારીથી તેમના પક્ષના નેતાઓને નુકસાન થઈ શકે છે. ■

પહેલા પાનાનું ચાલુ

### ૪ દિવસ, ૩ જહાજ ટાર્ગેટ

કે ભારતે તેના નાગરિકોના જીવન, સલામતી અને સુખાકારી અંગે પોતાનો અભિપ્રાય સ્પષ્ટપણે વ્યક્ત કર્યો છે.

ભારતીય અધિકારીઓએ જણાવ્યું હતું કે ગુરુવારે ઓમાનના શિનાસ બંદર નજીક એક ટેન્કર પર હુમલા બાદ તેના પર સવાર ૨૦ ભારતીયો સહિત તમામ ક્રૂ સભ્યોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. મસ્કતમાં ભારતીય દૂતાવાસે એક્સ પર લખ્યું હતું કે એમટી જલવીર પરથી ક્રૂ મેમ્બર્સને શિનાસ બંદર સુધી સ્થળાંતર રોયલ નેવી ઓફ ઓમાનની મદદથી સંકલન કરવામાં આવી રહ્યું છે.

ભારતીય ક્રૂ સભ્યો સાથેના જહાજોને નિશાન બનાવતા અમેરિકન નેવીએ પ્રથમવાર પ્રતિક્રિયા આપી હતી. બુધવારે થયેલા હુમલા બાદ વિદેશ મંત્રાલયે અમેરિકાના ચાર્જ ડી'અફેયર્સ જેસન મીક્સને બોલાવ્યા અને તેમની સમક્ષ વિરોધ નોંધાવ્યો હતો. અમે વર્તમાન હુમલાઓ પર અમારી ચિંતા વ્યક્ત કરી હતી. અમે અમારો મજબૂત વિરોધ પણ નોંધાવ્યો છે. ■

### ગૃહિણી દેશને ઘડે છે

મોટર વેહિકલ્સ ઍક્ટને સંબંધિત કેસમાં વ્યાપક અસર પાડતા ચુકાદામાં સર્વોચ્ચ અદાલતની જસ્ટિસ સંજય કારોલ અને જસ્ટિસ એન. કોટિશ્વરની બેન્ચે મોટર વેહિકલ્સ એક્સિડન્ટ કેસમાં પત્નીની ક્ષતિ માટે પુરુષ અરજદારને વધુ વળતર આપવાનો હુકમ બહાર પાડ્યો હતો.

બેન્ચે કહ્યું હતું કે અમે એવા મતના છે કે ગૃહિણી પણ માનવ આલમના વિકાસમાં યોગદાન આપે છે. ઘર સંભાળનાર ગૃહિણી દેશનું ઘડતર કરે છે આથી અમે સિદ્ધાંતો ઘડી કાઢ્યા છે અને કોઈ પણ ઘટનામાં પત્નીની ખોટ માટે અપાતું માસિક મહેનતાણું વધારીને ૩૦,૦૦૦ રૂપિયા કર્યું છે.

પહેલાં ગૃહિણીના મરણ માટે અપાતું વળતર ગૃહિણીને કુશળ અને અકુશળ મજૂરો જેવા ગણીને પ્રવર્તમાન લઘુતમ વેતન પ્રમાણે રાષ્ટ્રીય આવક તરીકે આપવામાં આવતું હતું.

સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે એ પણ વક્તા છે કે ગૃહિણીને કમાતા સભ્યની આશ્રીત ગણવામાં આવે છે, જ્યારે વાસ્તવમાં ઘરનું સંચાલન મોટે ભાગે તેમને લીધે ચાલે છે. (એજન્સી)■

### '૩૭૦ રૂપિયાની બિરયાની'

પોલીસ મહાનિર્દેશકને પત્ર લખીને તાત્કાલિક અને સમયબદ્ધ કાર્યવાહી કરવાનો અને આનો અહેવાલ સાત દિવસની અંદર માગ્યો છે.

હરિયાણાના ગુરુગ્રામમાં આયોજિત સ્ટેન્ડ-અપ કૉમેડી શો દરમિયાન થયેલી ઘટના અંગે વ્યાપકપણે થયેલું મીડિયા કવરેજ અને વાઇરલ થયેલા વીડિયો ફૂટેજની મહિલા પંચે આપમેળે નોંધ લીધી છે, જ્યાં એક મહિલા પ્રત્યે અશ્લીલતાને ઉશ્કેરતી કથિત ટિપ્પણીઓ જાહેરમાં કરવામાં આવી હતી અને ત્યારબાદ તેને બિરદાવવામાં પણ આવી હતી, તેવું કમિશને એક નિવેદનમાં જણાવ્યું હતું.

કમિશને રાજ્ય પોલીસ દ્વારા પ્રસ્તાવિત પગલાં અંગે પણ માહિતી માગી છે જેથી જાહેર મનોરંજન પ્લેટફૉર્મ અને ડિજિટલ પ્લેટફૉર્મ પર વર્તનને મહિલાઓના ગૌરવનું ઉલ્લંઘન કરતી જાતીય સતામણી, બળજબરી અથવા આચરણને પ્રોત્સાહન માટેનું સાધન ન બને.

એનસીડબ્લ્યુએ જણાવ્યું હતું કે આ મામલે સુનાવણી બાવીસ જૂને સાંજે ચાર વાગ્યે યોજાશે.

જાંગરાએ શો દરમિયાન ડેટમાં ફુલ ચિકન બિરયાનીની પ્લેટ પર ૩૭૦ રૂપિયા ખર્ચ્યા તે યાદ કર્યા પછી વિવાદ શરૂ થયો હતો.

જ્યારે મહિલાએ તેને ઘરે મૂકવા કહ્યું, ત્યારે જાંગરાએ કહ્યું કે તેણે બિરયાની પર ખર્ચેલા પૈસા માટે જાતીય લાભ માગ્યો હતો. જાંગરાની ટિપ્પણી પર મોરે હસતો જોવા મળ્યો હતો.

બાદમાં, સોશ્યલ મીડિયા પર ટીકાનો સામનો કર્યા બાદ મોરે અને જાંગરા બંનેએ આ ઘટના માટે માફી માગી હતી; બાદમાં તેણે તેનું ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પણ નિષ્ક્રિય કર્યું હતું.

ગુરુગ્રામની એક કંપનીએ પણ તેની ૩૭૦ રૂપિયાની બિરયાનીવાળી ટિપ્પણી બદલ તેને નોકરીમાંથી કાઢી મૂક્યો હતો. (એજન્સી)■

### કેરલમમાં નિપાહનો ખતરો

ક્વોરેન્ટાઇન હેઠળ રાખવામાં આવ્યા છે. કલેક્ટરે જણાવ્યું હતું કે દર્દીનો રૂટ મેપ પણ તૈયાર કરવામાં આવ્યો છે. નિયંત્રણ અને દેખરેખ પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ છે. તૈયારીના ભાગરૂપે બુધવાર અને ગુરુવારે રમનાટ્ટુકારા નગરપાલિકામાં રેપિડ રિસ્પોન્સ ટીમની બેઠકો યોજાઈ હતી.

કલેક્ટરે જણાવ્યું હતું કે પીપીઈ કિટ, ગ્લોવ્સ અને માસ્ક સહિતના પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે અને સાવચેતીના પગલાં તરીકે દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા પગલાં લેવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ રોગ અંગે માહિતી પૂરી પાડવા અને જાહેર પ્રશ્નોના જવાબ આપવા માટે જિલ્લા તબીબી કાર્યાલયમાં એક કંન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે.

કેરલમ આરોગ્ય સેવાની વેબસાઇટ પરના એક દસ્તાવેજમાં જણાવાયું છે કે નિપાહ વાઇરસ એક ઝૂનોટિક વાઇરસ છે જે પ્રાણીઓ અને માણસો વચ્ચે ફેલાઈ શકે છે. ■

### શું કારણ? કોણ જવાબદાર?

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર જીઈ એરોસ્પેસ દ્વારા વિમાનના એન્જિનની વિગતવાર તપાસ બાકી હોવાથી આજે વચગાળાનો અહેવાલ રજૂ થાય તેવી સંભાવના છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, બોઇંગ ૭૮૭ ડ્રીમલાઇનરના કાટમાળમાંથી મળેલા એન્જિનોને વધારે તપાસ માટે ઓહાયોમાં જીઈ એરોસ્પેસના પ્લાન્ટમાં લઈ જવામાં આવ્યા છે. આમ તો વિમાનનો મોટોભાગ બળી ગયો હતો, પરંતુ એન્જિન તપાસ કરી શકાય તેવી હાલતમાં છે.

મીડિયા અહેવાલો અનુસાર, એક અધિકારીએ જણાવ્યું હતું કે તપાસ પૂર્ણ થવા માટે જે બાકી રહ્યું છે તે કામ મહત્ત્વનું છે. એન્જિનોને વધુ તપાસ અને વિશ્લેષણ માટે મોકલવામાં આવ્યા હતા, જેમાં થોડો સમય લાગી શકે છે કારણ કે તેમને વિશેષ અને વિગતવાર તપાસની જરૂર છે. તપાસ પૂર્ણ થાય તે પહેલાં અંતિમ તપાસ અહેવાલ જાહેર કરી શકાતો નથી, તેમ પણ અધિકારીએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું.

આ મામલે જીઈ એરોસ્પેસે નિવેદન આપવા તૈયારી ન બતાવી હોવાનું પણ મીડિયા અહેવાલોએ જણાવ્યું હતું. ■

### બ્રિટનના સંરક્ષણ પ્રધાનનું

વધતા ખતરાના આ યુગમાં રાષ્ટ્રનું રક્ષણ કરવા માટે જરૂરી સંસાધનો એકઠા કરવામાં તમે નિષ્ફળ ગયા છો અને નાણા વિભાગ પણ આ માટે તૈયાર નથી. આ વિલંબથી બ્રિટનના સંરક્ષણ ઉદ્યોગ નારાજ છે.

તેમણે કહ્યુ હતું કે જ્યારે ભૂ-રાજકીયની હાલત અસ્થિર છે ત્યારે આવા સમયમાં અમેરિકા યુરોપની સુરક્ષા પરથી તેનું ધ્યાન હટાવી રહ્યું છે. તેઓ રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત લાંબા ગાળાના કાર્યક્રમોમાં રોકાણ કરી શકતા નથી. હિલીએ કહ્યું કે સરકારની સંરક્ષણ રોકાણ યોજના આ ખતરનાક સમયે જરૂરી કરતાં ઘણી ઓછી છે. હવે મારી પાસે તમારા સંરક્ષણ સચિવ તરીકે રાજીનામું આપવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. ■

### શત્રુઘ્ન સિંહા

હશે કે આ મુશ્કેલ સંજોગોમાં હું પક્ષ કે મમતા બેનરજીનો સાથ નહીં છોડું.

તાજેતરની વિધાનસભાની ચૂંટણીનો ઉલ્લેખ કરતાં શત્રુઘ્ન સિંહાએ ભારપૂર્વક કહ્યું હતું કે મમતા બેનરજી લડાયક વૃત્તિ ધરાવતી વ્યક્તિ છે અને પશ્ચિમ બંગાળમાં હજુ પણ તેમને ૪૧ ટકા મતદારોનો ટેકો છે.

ટીએમસીના બળવાખોર જૂથમાં સામેલ થવા મને આમંત્રણ આપનારાઓનો હું આભાર માનું છું, પરંતુ મારું સૈદ્ધાંતિ વલણ એ છે કે આ મુશ્કેલ સંજોગોમાં હું પક્ષ કે મમતા બેનરજીને નહીં છોડું, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

### કાં હું- કાં અભિષેક...

પાર્ટી બંનેમાંથી રાજીનામું આપનારા ટીએમસીના ત્રીજા સાંસદ બન્યા.

સિનિયર ઍડવોકેટ કલ્યાણ બેનરજીએ જાહેર કર્યુ હતું કે હું અભિષેકને લગતી કાનૂની બાબત કે અદાલતની પિટિશનમાં મારી જાતને દૂર કરી નાખીશ. હા, હું ટીએમસી પક્ષને સંબંધિત કેસોમાં કોર્ટમાં લડવાનું ચાલુ રાખીશ.

સીઆઈડીના બનાવટી સહીના કેસમાં કલકત્તા હાઈ કોર્ટમાં અભિષેક વતી રજૂઆત કરતા કલ્યાણને કથિત રીતે જાણ કરાઈ હતી કે ડાયમન્ડ હાર્બરના સંસદસભ્ય અભિષેકે મમતા બેનરજીના કાલીઘાટ ખાતેના નિવાસસ્થાન અને અભિષેકની કેમાક સ્ટ્રીટ ઑફિસમાં સીઆઈડીએ પાડેલા દરોડાના કેસ અંગેની રીટ અરજી સર્વોચ્ચ અદાલતમાં અલગ નોંધાવી છે અને આને લીધે તેમના વચ્ચેનો ખટરાગ ચરમસીમાએ પહોંચ્યો હતો.

કલ્યાણે વધુમાં કહ્યું હતું કે બોલ મમતાની કોર્ટમાં છે. તે તેમના ભત્રીજા વડે કે પક્ષના વફાદારો વડે પક્ષ ચલાવવા માગે છે. (એજન્સી)■

# સુનકાર અને સન્નાટો છવાયેલો છે એર ક્રેશ સાઈટ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એક વર્ષ પહેલા ઘટનાની જાણ થતાં જ મુંબઈ સમાચારની ટીમ એરક્રેશ સાઈટ પર દોડી હતી. તે સમયે આગની જ્વાળાઓ, ફાયર બ્રિગેડ સહિતની એજન્સીની ટીમ હતી અને ચોમેર અફરાતફરી હતી. એક વર્ષ બાદ ગુરુવારે ૧૧ જૂન, ૨૦૨૬ના રોજ ફરી મુંબઈ સમાચારની ટીમ અહીં ગઈ હતી. અહીં સદંતર સુનકાર અને સન્નાટો છવાયેલો હતો. કાટમાળ એમનો એમ પડ્યો છે.

**અમદાવાદ એર ઈન્ડિયા પ્લેન ક્રેશને એક વર્ષ**

અમુક હોસ્ટેલરૂમના દરવાજા બળેલા છે, પણ તાળાં હજુ લાગેલા છે, હોસ્ટેલમાં જમવામાં સમયે બનાવવામાં આવેલી વસ્તુઓ, સામાન એમ જ પડ્યો છે. અહીં મૃતકોના સ્વજનો પણ આવ્યા હતા અને રડતી આંખે એ ભયાનકતા જોઈ વધુ કોચવાતા હતા. પ્લેન બીજે મેડિકલ હોસ્ટેલ પર પડ્યું હતું અને અહીં હાજર રેસિડેન્ટ ડોક્ટર, કેન્ટિન સ્ટાફ અને અન્ય લોકો પણ આ અકસ્માતનો શિકાર બન્યા હતા. આ તમામ માટે આજનો દિવસ ભારે અને વરવી યાદોને ફરી નજર સમક્ષ લાવનારો રહેશે. ■

## દુર્ઘટનામાં બચી ગયેલો એકમાત્ર પ્રવાસી હજુ આઘાતમાં

એર ઈન્ડિયા-૧૭૧માં બેસેલા ૨૪૨ પ્રવાસીમાંથી એકમાત્ર વિશ્વાસકુમાર રમેશનો ચમત્કારિક બચાવ થયો હતો. ૩૯ વર્ષીય રમેશ ઈમરજન્સી વિન્ડો પાસે બેઠો હતો અને થયો હતો. જોકે તેની સાથે તેનો ભાઈ અજય (૩૫) પણ હતો, પરંતુ તેનું મોત થયું હતું. રમેશ આજે પણ આ આઘાતમાંથી બહાર આવ્યો નથી. અકસ્માત બાદ ૧૫ સપ્ટેમ્બરે તે યુકે પરત ફર્યો હતો.

રમેશ આજે પણ રાબેતા મુજબનું જીવન જીવી શક્યો નથી. તે ટ્રોમામાંથી ધીમે ધીમે બહાર આવી રહ્યો છે. તેનો પરિવાર આર્થિક મુશ્કેલીઓ પણ અનુભવી રહ્યો છે, તેમ તેણે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું. ■

## મૃતકોના પરિવારો પણ રાહ જોઈ રહ્યા છે અકસ્માતના કારણની

અમદાવાદમાં માત્ર ટેકઓફની ૩૨ સેકન્ડમાં ક્રેશ થયેલા એર ઈન્ડિયા-૧૭૧ પ્લેનના મૃતકોના સ્વજનો માટે આખું વર્ષ દુઃખ અને રડતી આંખે પસાર થયું છે. જેને આવજો કહીને હજુ તો તેઓ એરપોર્ટની બહાર પણ ન હતા નીકળ્યા ત્યાં જ તેમના વ્હાલસોયા સ્વજનોએ હંમેશને માટે વિદાય લઈ લીધી. આ મૃતકોના સ્વજનોમાંથી અમુક સ્વજનોએ મીડિયા સામે પોતાની વ્યથા ઠાલવી હતી અને જણાવ્યું હતું કે એક વર્ષથી અમે તપાસના અહેવાલની રાહ જોઈ રહ્યા છે. અમને જાણવું છે કે આ અકસમાત કઈ રીતે થયો. તેમણે અહેવાલ જાહેર કરવામાં આવે તેવી માગણી કરી હતી. આ સાથે તેઓનું કહેવાનું હતું કે વળતરને આ કેસનું ક્લોઝર માનવામાં ન આવે. અમને માત્ર વળતર નહીં ન્યાય અને પારદર્શિતા જોઈએ છે, તેમ તેમણે મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું. તો અમુકે એવી ફરિયાદો પણ કરી હતી કે હજુ સુધી તેમને તેમના મૃત સ્વજનોની વસ્તુઓ, મોબાઈલ વગેરે મળ્યું નથી, તેમ પણ અહેવાલોમાં જાણવા મળ્યું છે. ■

# ગુજરાતમાં આજથી પાંચ દિવસ વરસાદી માહોલની શક્યતા, દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્ર માટે અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં નૈઋર્ત્યનું ચોમાસું ઝડપથી આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ચોમાસું કર્ણાટક, તેલંગાણા, આંધ્ર પ્રદેશના વધુ ભાગો તેમજ તમિલનાડુ, પુડુચેરી અને પશ્ચિમ બંગાળના મોટાભાગના વિસ્તારોમાં પ્રવેશી ચૂક્યું છે. હાલમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને હરિયાણાથી શરૂ થઈ પશ્ચિમ રાજસ્થાન અને ગુજરાત થઈને અરબી સમુદ્ર સુધી લંબાતી લો-પ્રેશર ટ્રફ સક્રિય છે.

આ સાથે જ નીચલા સ્તરે દક્ષિણ-પશ્ચિમના પવનો ફૂંકાઈ રહ્યા હોવાના કારણે આગામી ૨ થી ૩ દિવસમાં મહારાષ્ટ્ર અને મધ્ય અરબી સમુદ્ર સહિતના અન્ય રાજ્યોમાં ચોમાસું આગળ વધવા માટે સ્થિતિ ખૂબ જ સાનુકૂળ બની છે.

ગુજરાતમાં આજથી આગામી પાંચ દિવસ દરમિયાન ગુજરાતના ઘણા વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળશે. આજથી ૧૫ જૂન સુધી દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ તેમજ દમણ અને દાદરા નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડવાની સંભાવના છે. ૧૩ જૂનથી આ યાદીમાં છોટાઉદેપુર અને નર્મદા જિલ્લાનો પણ સમાવેશ થશે. જો કે, આ સમયગાળા દરમિયાન ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને દીવના બાકીના તમામ જિલ્લાઓમાં મુખ્યત્વે હવામાન સૂકું રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આગાહીના ચોથા દિવસથી એટલે કે ૧૫ જૂનથી ૧૮ જૂન દરમિયાન રાજ્યમાં વરસાદનો વ્યાપ થોડો વધશે. દક્ષિણ ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ જિલ્લા અને દીવમાં પણ હળવાથી મધ્યમ વરસાદની એન્ટ્રી થશે. જ્યારે ૧૭ જૂનના રોજ મધ્ય ગુજરાતના દાહાદ જિલ્લામાં પણ છૂટોછવાયો વરસાદ પડી શકે છે. આમ, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં ચોમાસા પૂર્વેની ગતિવિધિઓ વેગ પકડશે, જ્યારે ઉત્તર ગુજરાત અને કચ્છના બાકીના ભાગોમાં હજી વરસાદ માટે રાહ જોવી પડશે તેમ હવામાન ખાતાએ જણાવ્યું હતું. ■

# સોમનાથ મંદિરનો વર્ષો જૂનો રસ્તો બંધ કર્યો અને લોકોની રજૂઆતો ન સાંભળીઃ તંત્રને હાઈ કોર્ટે ઝાટક્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરને સાગર દર્શન ગેસ્ટ હાઉસ સાથે જોડતા વર્ષો જૂના જાહેર રસ્તાને બંધ કરી દેવાના મામલે ગુજરાત હાઈ કોર્ટે રાજ્ય વહીવટીતંત્રની આકરી ઝાટકણી કાઢી હતી.

સ્થાનિક રહીશો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી દરમિયાન કોર્ટે સત્તાવાળાઓ દ્વારા રસ્તો બ્લોક કરાયા બાદ તંત્રની નિષ્ક્રિયતા અને અધિકારીઓના વલણની આલોચના કરી હતી. અરજદારોએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે આ રસ્તો વર્ષોથી સામાન્ય જનતા દ્વારા ઉપયોગમાં લેવાઈ રહ્યો છે અને વર્ષ ૧૯૨૦ના સત્તાવાર સરકારી રેકોર્ડ તેમજ નકશાઓમાં પણ આ માર્ગ સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યો હતો. સ્થાનિક લોકોએ કલેક્ટરને છેલ્લા પાંચ મહિનામાં અનેક વખત રજૂઆતો કરી હોવા છતાં કોઈ જ ઉકેલ ન આવતા આખરે તેમણે ન્યાય માટે હાઈ કોર્ટના દ્વાર ખટખટાવવા પડ્યા હતા.

સુનાવણી દરમિયાન હાઈ કોર્ટે સ્થાનિક લોકોની ફરિયાદોનો જવાબ ન આપવા બદલ ગીર સોમનાથના જિલ્લા કલેક્ટર પાસે ખુલાસો માગ્યો હતો. કોર્ટની ફટકાર બાદ બચાવ પક્ષે સરકારી વકીલે દલીલ કરી હતી કે મુખ્ય માર્ગ પરથી સોમનાથ મંદિર સુધી પહોંચવાનો રસ્તો હજુ પણ ચાલુ જ છે. સરકારે કોર્ટને જણાવ્યું હતું કે, ઐતિહાસિક રીતે આ મંદિર પરિસરમાં પ્રવેશવા માટે પાંચ દરવાજા હતા, પરંતુ હાલમાં સુરક્ષાના કારણોસર મુલાકાતીઓને માત્ર મુખ્ય 'દિગ્વિજય દ્વાર' તરફથી જ પ્રવેશ આપવામાં આવે છે. સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે તાજેતરમાં જ પાછળના એક ગેટને દીવાલ ચણીને સીલ કરી દેવાયો છે, જ્યારે અન્ય બે દરવાજા છેલ્લા પાંચ વર્ષમાં તબક્કાવાર બંધ કરવામાં આવ્યા છે. હાલમાં પ્રભાસ પાટણ તરફથી દિગ્વિજય ગેટ સુધી પહોંચવા માટે માત્ર ટૂ-વ્હિલર વાહનોને જ મંજૂરી આપવામાં આવી રહી છે.

વહીવટીતંત્રે હાઈ કોર્ટને ખાતરી આપી હતી કે આગામી સમયમાં અહલ્યાબાઈ હોલકરની પ્રતિમાથી લઈને સાગર દર્શન રોડ સુધીના સમગ્ર વિસ્તારનું વિગતવાર વીડિયો રેકોર્ડિંગ અને તે વિસ્તારના અદ્યતન સત્તાવાર નકશાઓ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવશે.

હાઈ કોર્ટે આ તમામ પુરાવાઓ રેકોર્ડ પર લેવાનો આદેશ કરીને સરકારી તંત્ર પાસે વિગતવાર ખુલાસો માગ્યો હતો. આ મામલાની આગામી સુનાવણી હવે ૨૨ જૂનના રોજ હાથ ધરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ગુજરાત રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપના ચારેય ઉમેદવારની બિનહરીફ જીત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યની રાજ્યસભાની ચાર બેઠક માટેની દ્વિ-વાર્ષિક ચૂંટણીમાં ભાજપના ચારે ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા. ચૂંટણી અધિકારી અને ગુજરાત વિધાનસભાના સચિવ દ્વારા ચૂંટણી પ્રક્રિયાને સંપૂર્ણપણે બિનહરીફ જાહેર કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચ દ્વારા ૧ જૂન, ૨૦૨૬ના રોજ આ ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૮ જૂન સુધીમાં માત્ર ચાર જ ઉમેદવારોની ઉમેદવારી પ્રાપ્ત થઈ હતી. જો કે ૧૧ જૂને ફોર્મ પાછા ખેંચવાનો સમય પૂર્ણ થતાં, કોઈ અન્ય ઉમેદવાર મેદાનમાં ન હોવાથી ચૂંટણી અધિકારીએ ચારેય ઉમેદવારોને સત્તાવાર રીતે બિનહરીફ વિજેતા જાહેર કરી દીધા હતા.

આ ચૂંટણીમાં રાજ્યસભાના સાંસદ તરીકે ભાજપના બિનહરીફ ચૂંટાયેલા વિજેતા ઉમેદવારોમાં જિતેન્દ્ર કણઝારીયા, માનસિંહ પરમાર, રાજેશ શુક્લ અને રાઠવા મુકેશભાઈનો સમાવેશ થાય છે. આ નવાચૂંટાયેલા સભ્યો આગામી સમયમાં રાજ્યસભાના વર્તમાન સભ્યો રામ મોકરીયા, નરહરિ અમીન, રમીલાબેન બારા અને શક્તિસિંહ ગોહિલનું સ્થાન લેશે, જેમની છ વર્ષની મુદ્દત આગામી ૨૧ જૂન, ૨૦૨૬ના રોજ પૂર્ણ થઈ રહી છે. ઉલ્લેખનીય છે ગુજરાતના ઇતિહાસમાં પહેલી વખત રાજ્યસભામાં કોંગ્રેસ પક્ષ વતી કોઈ જ પ્રતિનિધિત્વ નહિ હોય. ■

# પોલીસ વડાનું સરાહનીય ફરમાનઃ દરરોજ બે કલાક પ્રજાની ફરિયાદો સાંભળશે પોલીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના નવા પોલીસ વડા (ડીજીપી) જી. એસ. મલિકે ચાર્જ સંભાળતાની સાથે જ નાગરિકોને સ્થાનિક સ્તરે જ ઝડપી ન્યાય મળી રહે અને સામાન્ય વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી એક મહત્ત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. આ નવા આદેશ અનુસાર, રાજ્યના તમામ સ્તરના પોલીસ અધિકારીઓએ હવે દરરોજ ફરજિયાતપણે બે કલાકનો સમય માત્ર અને માત્ર જનતાની ફરિયાદોના નિવારણ માટે ફાળવવો પડશે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોની સમસ્યાઓનો પાયાના સ્તરે જ નિકાલ કરવાનો છે, જેથી સામાન્ય લોકોને સામાન્ય બાબતો માટે એક કચેરીથી બીજી કચેરીના ધક્કા ન ખાવા પડે કે ગાંધીનગર સુધી લાંબા ન થવું પડે તે બાબતે ધ્યાન આપવા સ્પષ્ટતા કરવામાં આવી હતી.

નવા વહીવટી માળખા અનુસાર, રાજ્યના તમામ પોલીસ કમિશનર, જોઈન્ટ કમિશનર, એડિશનલ કમિશનર, ડેપ્યુટી કમિશનર, આસિસ્ટન્ટ કમિશનર તેમજ જિલ્લા પોલીસ વડા સહિતના તમામ વરિષ્ઠ અધિકારીઓએ દરરોજ બપોરે ૧૨ થી ૨ વાગ્યા સુધી પોતાના કાર્યાલયમાં જનતા માટે હાજર રહેવું પડશે. તેઓ વ્યક્તિગત રીતે લોકોની રજૂઆતો સાંભળશે અને લેખિત અરજીઓ સ્વીકારીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરશે. જો કોઈ અનિવાર્ય સંજોગોમાં નિયુક્ત અધિકારી હાજર ન હોય, તો કચેરીના સૌથી વરિષ્ઠ અધિકારી અથવા રીડર અરજી સ્વીકારીને તેનો પ્રાથમિકતાના ધોરણે નિકાલ કરવો પડશે. આ ઉપરાંત, પોલીસ ઇન્સ્પેક્ટરોની કોર્ટ કામગીરી અને તપાસના ભારણને ધ્યાનમાં રાખીને પોલીસ સ્ટેશન સ્તરે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધીનો અલગ સમય નક્કી કરાયો છે, જેમાં પીઆઈએ હાજર રહીને પ્રજાની ફરિયાદો સાંભળવી પડશે.

આ આદેશમાં ફરિયાદોના નિકાલ માટે ચોક્કસ સમયમર્યાદા પણ નક્કી કરવામાં આવી છે. આર્થિક ગુનાઓ, લગ્ન-પારિવારિક વિવાદો, મેડિકલ બેદરકારી અને ભ્રષ્ટાચારને લગતી ફરિયાદોનો વધુમાં વધુ ૬ અઠવાડિયામાં નિકાલ કરવાનો રહેશે, જ્યારે અન્ય તમામ સામાન્ય અરજીઓનો ૧૫ દિવસની અંદર નિકાલ કરવો ફરજિયાત રહેશે. પારદર્શિતા જાળવી રાખવા માટે દરેક પોલીસ કચેરીએ એક ખાસ રજિસ્ટર રાખવું પડશે, જેમાં મુલાકાતીની તમામ વિગતો નોંધાશે. પોલીસ પ્રશાસને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો પ્રાથમિક તપાસમાં કોઈ પણ પ્રકારનો સંજ્ઞેય ગુનો જણાશે, તો કોઈપણ વિલંબ વગર તાત્કાલિક એફઆઈઆર નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. ■

# સિનિયર કેજીની પાંચ બાળકીની સતામણી કરતો દિવ્યાંગ શિક્ષક ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શરમ અને ક્રોધની લાગણી જન્માવે તેવી ઘટના ઉપલેટામાં બહાર આવી હતી. અહીં એક દિવ્યાંગ શિક્ષક દ્વારા પાંચ સિનિયર કેજીની નાનકડી બાળા સાથે જાતીય છેડતીની ફરિયાદ નોંધાઈ હતી. આરોપીનું નામ દેવાનંદ બેરા છે અને તે દિવ્યાંગ છે તેમ જ કાંખઘોડીનો ઉપયોગ કરે છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. એક બાળકીએ ઘરે આવી તેનાં માતા-પિતાને ખોટી જગ્યાએ કરવામાં આવતા સ્પર્શ વિશે વાત કરતા આ મામલો પ્રકાશમાં આવ્યો હતો. માતા-પિતાએ સ્કૂલના સંચાલકોને જાણ કરતા અન્ય સ્ટુડન્ટ્સ પણ શિકાર બન્યાં હોવાનું ખૂલ્યું હતું.

સોમવારે રાત્રે, એક બાળકીની માતાએ પાટણવાવ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ હેઠલ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બેરા લગભગ એક વર્ષથી આ પ્રકારે ઘૃણાસ્પદ કૃત્યો કરતો હોવાનું બહાર આવ્યું છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે બેરા ૨૮ જૂન, ૨૦૨૫ થી ૨ મે, ૨૦૨૬ સુધી જાતીય રીતે અયોગ્ય વર્તન, છેડતી અને છોકરીઓ પર અત્યાચાર ગુજારતો હતો. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર આરોપી અને બાળકીની તબીબી તપાસ પૂરી થઈ છે અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રારંભિક તારણોમાં સુવિધામાં સુરક્ષા માળખાનો અભાવ હોવાનું બહાર આવ્યું છે, કારણ કે કોઈ સીસીટીવી કેમેરા ઇન્સ્ટોલ કરેલા નથી.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે મંગળવારે તેમની ઓફિસને પોલીસ ફરિયાદ અંગે એક ઇમેઇલ મળ્યો હતો, ત્યારબાદ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીને ઔપચારિક તપાસ શરૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. બેરાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. ■

# હવે ક્યુઆર કોડથી સ્ટ્રીટ ફૂડની ક્વોલિટી પણ ચેક થશે, અમદાવાદ મનપાની નવી પહેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લારીઓ પરનું ફૂડ હવે શોખ નહીં પણ જરૂરિયાત બની ગયું છે. વિદ્યાર્થીઓ, નોકરિયાતો સવાર સાંજ લારીઓનું ફૂડ જ ખાતા હોય છે અને એક મોટો વર્ગ શોખ ખાતર લારીઓ આસપાસ ઘેરાયેલો રહે છે, પરંતુ લારી પરનું કે બહારનું ખાવાનું હાઈજેનિક અને આરોગ્યપ્રદ ન હોવાનું અવારનવાર જણાય છે. આ માટે ગુજરાત માહિતી આયોગે અમદાવાદ મનપાને નિર્દેશ આપ્યા હતા. હવે મનપાએ ક્યૂઆર કોડ દ્વારા નાગરિકોને ફૂડની ક્વોલિટી અને વેન્ડરના રજિસ્ટ્રેશનની માહિતી આપતી સુવિધા વિકસાવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગયા વર્ષે ફાઈલ કરવામાં આવેલી એક આરટીઆઈ અરજી બાદ હૉસ્પિટલ, હેલ્પલાઈન અને પબ્લિક હેલ્થ સર્વિસમાં પારદર્શકતા માટે બધાને આવરી લેતી આ સુવિધા વિશે વિચારવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. મનપાએ એક ડિજિટલ સિસ્ટમ શરૂ કરી છે જેમાં દરેક ફૂડ વેન્ડરે મનપા દ્વારા જારી કરાયેલ ક્યૂઆર કોડ સ્કેન કરવો જરૂરી છે જે તેમના ચોક્કસ જીપીએસ લોકેશનને ટ્રેસ કરે છે. ત્યારબાદ, વિક્રેતા તેમના નામ, મોબાઇલ નંબર, વ્યવસાયનું નામ, સરનામું અને વોર્ડની વિગતો સાથે એક સરળ ઓનલાઈન ફોર્મ ભરીને પ્રક્રિયા પૂર્ણ કરે છે. સબમિશન પર, સિસ્ટમ એક સ્પેશ્યલ ક્યૂઆર કોડ ધરાવતું પીડીએફ સર્ટિફિકેટ જનરેટ કરશે. વેન્ડરે તેને લોકોને દેખાય તે રીતે ડિસ્પ્લે કરવાનું હોય છે.

મનપાના જણાવ્યા મુજબ, શહેરના ૮,૭૦૦ થી વધુ સ્ટ્રીટ ફૂડ વેન્ડર દ્વારા સિસ્ટમ પર નોંધણી કરાવી છે. ગુજરાત માહિતી આયોગના તારણો અનુસાર, મનપાએ પહેલાથી જ લગભગ ૭,૨૦૦ સ્ટ્રીટ ફૂડ કાર્ટ પર ક્યૂઆર-કોડ સ્ટીકરો લગાવી દીધા છે, જેમાં લગભગ ૧,૭૦૦ પાણીપુરી વેન્ડર્સનો સમાવેશ થાય છે. ■

# એસટી બસના કર્મચારીઓને કામના કલાકો દરમિયાન રીલ્સ કે સોશ્યલ મીડિયા પોસ્ટ કરવા પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડ્રાયવિંગ સમયે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો જીવલેણ સાબિત થઈ શકે છે. જાહેર પરિવહનના વાહનોમાં એકસાથે ઘણા મુસાફરો મુસાફરી કરતા હોવાથી વધારે સાવચેતીની જરૂર પડે છે ત્યારે રાજ્ય સરકારે એસટી બસોના ડ્રાઈવરોને ફરજ પર હોય ત્યારે મોબાઈલ ફોનનો ઉપયોગ કરી રીલ્સ, વીડિયો કે ફોટોગ્રાફ બનાવનારા કમર્ચારીઓ સામે કડક પગલાં લેવાની ચેતવણી આપી હતી. આ સંદર્ભમાં, રાણીપ સ્થિત નિગમની કેન્દ્રીય કચેરીએ રાજ્યભરના તમામ વિભાગીય નિર્દેશકોને એક પરિપત્ર જારી કર્યો છે.

બસ ચલાવતી વખતે કેટલાક ડ્રાઇવરો મોબાઇલ ફોનનો ઉપયોગ કરે છે તેવી ચિંતા વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે, આ નિયમ પાછળ મુસાફરોએ કરેલી ફરિયાદો છે. ઘણીવાર ડ્રાયવર્સ બસ ચલાવતા ચલાવતા મોબાઈલનો ઉપયોગ કરતા હોવાનું મુસાફરોને ધ્યાનમાં આવે છે. કોર્પોરેશનના ચીફ ટ્રાન્સપોર્ટ અને કોમર્શિયલ મેનેજર દ્વારા જારી કરાયેલા પરિપત્ર મુજબ, કર્મચારીઓને અગાઉ બસો ચલાવતી વખતે મોબાઇલ ફોનનો ઉપયોગ ન કરવાની સૂચના આપવામાં આવી હતી. જોકે, એવું જોવા મળ્યું છે કે કેટલાક કર્મચારીઓ બસ ચલાવતી વખતે અથવા અન્ય સત્તાવાર ફરજો બજાવતી વખતે રીલ બનાવવાનું, ફોટોગ્રાફ્સ લેવાનું અને સોશ્યલ મીડિયા પર અપલોડ કરવાનું ચાલુ રાખે છે.

કોર્પોરેશને જણાવ્યું હતું કે આવી પ્રવૃત્તિઓ કર્મચારીઓનું ધ્યાન તેમની પ્રાથમિક જવાબદારી પરથી હટાવી શકે છે અને મુસાફરોની સલામતીને જોખમમાં મૂકી શકે છે. આથી આપી પ્રવૃત્તિઓ ન કરવા તાકીદ કરવામાં આવી હતી. ■

# દાહોદના ખરવાણી ગામમાં ખાડો ખોદી ગંદું પાણી પીવા લોકો મજબૂર, કૉંગ્રેસે સરકારને ઘેરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના તમામ ઘરોમાં 'નલ સે જલ' યોજનાનો લાભ અપાયો હોવાના દાવાઓ વચ્ચે આદિવાસી વસ્તી ધરાવતા દાહોદ જિલ્લામાં પીવાના પાણીની ગંભીર કટોકટી સર્જાઈ હોવાના અહેવાલો બહાર આવ્યા હતા. દાહોદ જિલ્લાના ખરવાણી ગામમાં આજે પણ પીવાના પાણીનું સંકટ એટલું ઘેરું બન્યું છે કે ગ્રામજનોને ટીપું પાણી મેળવવા માટે ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ગામમાં પાણીની કોઈ યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે સ્થાનિક લોકો નદી-નાળા કે સુકાઈ ગયેલા જળાશયોની આસપાસ ઊંડા વીરડા ખોદીને પાણી કાઢવા માટે મજબૂર બન્યા હોવાના અહેવાલો મીડિયામાં પ્રકાશિત થયા હતા. આ વીરડાઓમાં એકત્રિત થતું ગંદુ અને દૂષિત પાણી પીવાના તેમ જ રોજિંદા વપરાશના ઉપયોગમાં લઈ રહ્યા છે, જેના કારણે ગામમાં રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઇ રહી છે.

આ અંગે ગુજરાત કૉંગ્રેસે રાજ્ય સરકાર પર ભાજપના 'વિકાસ મોડલ'ની વાસ્તવિકતા જાહેરાતો મોટી, સુવિધાઓ ખાલી હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે દાહોદના ખરવાણી ગામમાં ૪,૦૦૦ થી વધુ લોકો આજે પણ ગંદુ પાણી પીવા મજબૂર છે. જે ખાડામાંથી ગ્રામજનો પાણી ભરે છે, એ જ પાણી પશુઓ પણ પીવે છે. તેમણે કહ્યું હતું કે આ ગુજરાત મોડલનું સત્ય છે કે, જ્યાં એક તરફ "હર ઘર નલ સે જલ" ના દાવા, બીજી તરફ ૩૧ વર્ષથી ભાજપ શાસિત ગુજરાતમાં લોકો શુદ્ધ પીવાના પાણી માટે તરસી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા, વલસાડ જિલ્લાના મોટી પલસાણ ગામમાં પીવાના પાણીની ગંભીર કટોકટી સર્જાઈ હોવાના અહેવાલોએ ભારે ચર્ચા જગાવી હતી. ગામના કૂવાઓ સાવ સૂકાઈ ગયા હોવાથી ગ્રામજનો પીવાનું પાણી મેળવવા માટે ૪૫ ફૂટથી વધુ ઊંડા કૂવામાં દોરડા અને સીડીની મદદથી નીચે ઊતરી રહ્યા હોવાના અહેવાલો મીડિયામાં ફરતા થયા હતા. આ અંગે કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ રાજ્ય સરકારને આડે હાથ લીધી હતી. અહેવાલો બાદ ઊભી થયેલી ચર્ચા અંગે વલસાડના જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું કે, મોટી પલસાણ ગામમાં પાણી ન મળતું હોવાની સમસ્યા અંગે તેમણે જાતે સ્થળ નિરીક્ષણ કર્યું હતું. આ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, વોટર સપંમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી, જેના કારણે ગામ સુધી પાણી પહોંચી શકતું નહોતું. ખામીની જાણકારી મેળવ્યા બાદ વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ■

# સુરતની સચિન જીઆઈડીસીમાં ૧૧૨ ચાઈનીઝ-ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ્સ જપ્ત

અમદાવાદઃ સુરતમાં માન્ય રજિસ્ટ્રેશન વગર જ ઇલેક્ટ્રોનિક ચીજવસ્તુઓનું ધૂમ વેચાણ કરવામાં આવી રહ્યું હોવાની મળેલી બાતમીના આધારે બ્યૂરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (બીઆઈએસ) ની એક વિશેષ ટીમ દ્વારા સચિન જીઆઇડીસીમાં આવેલી મેસર્સ ફિનિક્સ ઇન્ફોટેક નામની પેઢી પર કાનૂની દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન ટીમ દ્વારા ઘટનાસ્થળેથી વાયરલેસ ઇયરબડ્સ, વાયરલેસ ઇયરફોન, પાવર બેંક અને સ્પીકર્સ સહિત આશરે ૧૧૨ જેટલી ઇલેક્ટ્રોનિક પ્રોડક્ટ્સનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ તમામ પ્રોડક્ટ્સ પર ગેરકાયદે બીઆઈએસના માર્કિંગ્સ લગાડવામાં આવ્યા હતા, પરંતુ તે રજિસ્ટ્રેશનના નિર્ધારિત નિયમો અને માપદંડો મુજબ સુસંગત ન હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. આવા તમામ ઉત્પાદનો પર કમ્પલસરી રજિસ્ટ્રેશન સ્કીમ હેઠળ માન્ય રજિસ્ટ્રેશન નંબર અને બીઆઈએસ સ્ટાન્ડર્ડ માર્ક હોવો ફરજિયાત છે. ■

# ૧૪ વર્ષથી ફરાર હત્યાના મુખ્ય આરોપીને સુરત ક્રાઈમ બ્રાન્ચે બિહારથી ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત ક્રાઈમ બ્રાન્ચે વર્ષ ૨૦૧૨ના ચકચારી મર્ડર કેસના મુખ્ય સૂત્રધાર ભોલાસિંહને આશરે ૧૪ વર્ષ બાદ બિહારથી ઝડપી પાડ્યો હતો. વર્ષ ૨૦૧૨માં સુરતમાં બનેલી આ ઘટના બાદથી જ આરોપી સતત ફરાર હતો, જેના કારણે અદાલતે તેની સામે નોન-બેલેબલ વોરંટ પણ જાહેર કર્યું હતું. સુરત ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે ગાઝિયાબાદમાં છુપાયેલો આ શખસ હાલમાં બેરોજગારીના કારણે બિહારના ભોજપુર જિલ્લાના ઈશ્વરપુરા ગામે આવ્યો છે. આ સચોટ માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચે સ્થાનિક બિહાર પોલીસની મદદથી ગામને ઘેરીને આરોપીને દબોચી લીધો હતો અને ટ્રાન્સફર વોરંટ આધારે સુરત લાવી આગળની કાયદેસરની કાર્યવાહી માટે અમરોલી પોલીસને સોંપ્યો હતો.

આ સમગ્ર મામલાની વિગત એવી છે કે ૨૦૧૨માં આરોપી અને તેનો પરિચિત રોજગારી માટે બિહારથી સુરત આવ્યા હતા અને અમરોલી વિસ્તારમાં આવેલા એક મિત્રના ઘરે આશરો લીધો હતો. બંને મિત્રો અમરોલી સ્ટેશન રોડ પર આવેલી એક પ્રિન્ટિંગ મિલમાં મજૂરી કામ કરતા હતા. આ દરમિયાન રૂમનું ભાડું ચૂકવવા અને ઘરના અન્ય ખર્ચના પૈસા બાબતે ભોલાસિંહ અને મોહિતસિંહ વચ્ચે અવારનવાર ઉગ્ર ઝઘડા થતા હતા. આ આર્થિક વિવાદ એટલો વધી ગયો કે એક દિવસ ભોલાસિંહે તેના અન્ય એક સાથીદાર અમિત સિંહ સાથે મળીને કોસાડ ખાતે એસએમસી આવાસના ચોથા માળની અગાશી પર મોહિતસિંહને ઘેરી લઈને માર મારીને અગાશી પરથી નીચે ફેંકી દીધો હતો, જેથી ગંભીર ઈજાઓ થવાના કારણે મોહિતસિંહનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ પોલીસે તપાસના શરૂઆતના તબક્કામાં સાગરીત અમિત સિંહની ધરપકડ કરી લીધી હતી, પરંતુ મુખ્ય સૂત્રધાર ભોલાસિંહ પોલીસને ચકમો આપીને તાત્કાલિક સુરતથી ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ ભાગી ગયો હતો. કાયદાના સકંજામાંથી બચવા માટે તે છેલ્લા ૧૪ વર્ષથી ઉત્તર પ્રદેશ સહિત અલગ-અલગ રાજ્યોમાં પોતાની ઓળખ છુપાવીને અને સતત રહેઠાણ તેમ જ નોકરીઓ બદલીને છૂટક મજૂર તરીકે જીવન ગુજારતો હતો, પરંતુ આખરે તે કાયદાના સકંજામાં આવી ગયો હતો. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

છેલ્લા પાનાનું ચાલુ

## એસીમાં લાગેલી આગને

હતી. આગને કારણે કોઈ દાઝ્યું નહોતું, પરંતુ અમુક રહેવાસીઓને ધુમાડો ફેલાવાને કારણે ગૂંગળામણ થવા લાગી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે છઠ્ઠા માળે એસી યુનિટમાં ગુરુવારની સવારે ૭.૪૫ વાગ્યે આગ લાગી હતી, જેને કારણે ઉપર-નીચેના માળ પર પણ ધુમાડો ફેલાયો હતો. ધુમાડાને કારણે શ્વાસ લેવામાં તકલીફ થતાં ગૌતમ ઝવેરી (૮૬), કોકિલા ઝવેરી (૯૧), રિચા ગુપ્તા (૪૪), અલ્પા (૬૩), અનુષા (૩૫), નિપુલ (૫૨), સરલા ધરુ (૮૦) અને રાહિલ (૩૬)ને નજીકની ખાનગી હૉસ્પિટલમાં લઈ જવાયા હતા.

ગૌતમ ઝવેરી અને રિચા ગુપ્તાને ઓપીડીમાં પ્રાથમિક સારવાર પછી ઘરે જવા દેવાયાં હતાં, જ્યારે બાકીના છ જણને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર પછી તેમનું સ્વાસ્થ્ય સુધારા પર હોવાનું જાણવા મળ્યું હતું.

દરમિયાન આગની જાણ થતાં ફાયર બ્રિગેડના જવાનો અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ચાર ફાયર એન્જિન અને અન્ય ફાયર ફાઈટિંગ સાધનોની મદદથી સવારે ૧૧.૩૦ વાગ્યા સુધીમાં આગ પર પૂર્ણપણે કાબૂ મેળવવામાં આવ્યો હતો. અદાણી ઈલેક્ટ્રિસિટી, પાલિકાના વૉર્ડના કર્મચારી અને પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા, એમ પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું. ■

## નાશિકમાં ગીતેની

રહેશે.' જ્યારે રેશ્મા કાળેને મનાવવાના પ્રયાસો વરિષ્ઠ સ્તરે ચાલી રહ્યા છે, ત્યારે તેમણે જળગાંવ જિલ્લામાં જોરદાર પ્રચાર પણ શરૂ કરી દીધો છે. શિવસેના (શિંદે જૂથ)ની મહિલા પાંખના જિલ્લા વડા સરિતા માલી સહિત સેંકડો મહિલા કાર્યકરો તેમના માટે પ્રચાર કરતી જોવા મળે છે. પ્રચાર દરમિયાન મીડિયા સાથે વાત કરતા જિલ્લા પ્રમુખ સરિતા માલીએ ધડાકો કરતા દાવો કર્યો - 'આ અંદરની વાત છેઃ ભાજપના ઘણા કોર્પોરેટરો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ અમારા સંપર્કમાં છે!' આ દાવાથી ભાજપ અને મહાયુતિ કેમ્પમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

દરમિયાન, રેશ્મા કાળેએ મહિલાઓને યોગ્ય તક ન મળતાં અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો નીર્ધાર કરીને બળવો પોકાર્યો છે.

તેમના સમર્થકોનો દાવો છે કે તેમના પ્રચારને મતવિસ્તારમાં સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. રેશ્મા કાળેએ જણાવ્યું હતું કે, મતદારોના નોંધપાત્ર સમર્થનને કારણે, તેઓ ચૂંટણી લડવા પર અડગ છે. હવે એ જોવાનું રહેશે કે શું નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેના હસ્તક્ષેપ પછી આ બળવાને કારણે સર્જાયેલી મુશ્કેલી દૂર થશે કે પછી જળગાંવમાં મહાયુતિ ગઠબંધનને ફટકો પડશે. ■

# દીકરાનો પ્રથમ બર્થ-ડે ધામધૂમથી ઉજવવા ઉત્સુક સૈનિકની ઈચ્છા અધૂરી રહી

### જમ્મુ-કાશ્મીરમાં ગ્રેનેડ વિસ્ફોટમાં સાતારા અને નવી મુંબઈના સૈનિક શહીદ

મુંબઈ: બાળકનો પહેલો જન્મદિન ઉજવવાનો હોવાથી સૈનિક પિતાનો આનંદ આસમાને પહોંચી ગયો હતો. બાળક પાસે પહોંચ્યા પછી આ કરવું, પેલું કરવું જેવી ઘણી બધી બાબતો મગજમાં દોડાદોડ કરી રહી હતી. ૧૫ જૂનથી રજા મળી હોવાથી રાજી રાજી થઈ ગયો હતો. ૧૫ જૂનની કાગડોળે રાહ જોઈ રહ્યો હતો. જોકે, એ દિવસ ઉગે એ પહેલા ભયંકર ઘટના બનશે એની કોઈએ સપનામાં પણ કલ્પના નહીં કરી હોય. કામ ચાલુ હતું ત્યારે અચાનક એક ગ્રેનેડનો વિસ્ફોટ થયો અને મહારાષ્ટ્રના બે સૈનિકો શહીદ થયા.

પુત્રના જન્મદિવસ માટે ઘરે જવા માટે ઉત્સુક પિતાનો દેહ લોહીથી લથપથ હાલતમાં પડ્યો હતો. એ સૈનિકને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, પરંતુ ઘણું મોડું થઈ ગયું હતું. જમ્મુ અને કાશ્મીરના બારામુલા જિલ્લાના ઉરી સેક્ટરથી મહારાષ્ટ્રમાં એક ખૂબ જ આઘાતજનક અને દુઃખદ સમાચાર આવ્યા. ઉરીમાં આર્મી બેઝ પર થયેલા કમનસીબ હેન્ડ ગ્રેનેડ વિસ્ફોટમાં મહારાષ્ટ્રના બે બહાદુર સૈનિકો શહીદ થયા છે. આ શહીદ જવાનના નામ અર્જુન જાધવ અને વિક્રમ બાલકૃષ્ણ ચવ્હાણ છે. બંને ૮-રાષ્ટ્રીય રાઈફલ્સમાં ફરજ બજાવતા હતા.

શહીદ અર્જુન જાધવ સાતારાના અને વિક્રમ ચૌહાણ નવી મુંબઈના ઐરોલીના રહેવાસી હતા. બંને બહાદુરના મૃત્યુથી સાતારાના કરાડ તાલુકા સહિત સમગ્ર નવી મુંબઈમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. આ હૃદયદ્રાવક ઘટના ઉરીના કમલકોટ સ્થિત એક આર્મી કેમ્પમાં બની હતી. આર્મી કેમ્પમાં શસ્ત્રો ટ્રાન્સફર કરવાની હંમેશ મુજબની પ્રક્રિયા ચાલી રહી હતી. ■

# એફડીએના કમિશનરના દરોડાની અસરઃ શુદ્ધ પનીરની માગણીમાં વધારો


મુંબઈઃ દૂધ અને ડેરી ઉત્પાદન માં ભેળસેળ સામે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન વિભાગના કમિશનર તુકારામ મુંઢે દ્વારા લેવાયેલા કડક પગલાં અને ભેળસેળ કરનારાઓ સામે કડક કાર્યવાહી શરૂ કરવાના કારણે રાજ્યમાં શુદ્ધ પનીરની માગમાં વીસથી પચીસ ટકાનો વધારો થયો છે. દૂધ ઉત્પાદક અને પ્રોસેસિંગ પ્રોફેશનલ્સ વેલફેર એસોસિએશનના સચિવ પ્રકાશ કુતવળએ આ માહિતી આપી હતી.

તુકારામ મુંઢે કમિશનર બન્યા પછી રાજ્યભરમાં ભેળસેળિયાઓ સામે કાર્યવાહી ચાલુ છે. સતત દરોડાઓ દ્વારા ભેળસેળિયાઓ અને વધારાના નફા માટે ભેળસેળિયા ડેરી ઉત્પાદનો વેચનારાઓ પર કડક કાર્યવાહી કરવામાં આવી છે. કાર્યવાહી પછી ભેળસેળવાળા પનીર, પેંડા, માવો, ચીઝ વગેરેનો નાશ કરવામાં આવી રહ્યો હોવાના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. ■

# સંસ્થા સમાચાર

## ધીરગુરુદેવ સંપાદિત પંચમ આરાના પ્રાણ સમાન દશવૈકાલિક સૂત્રનું પ્રથમવાર પાંચ ભાષામાં પ્રકાશન

જૈન શાસનમાં વૈરાગી અને ત્યાગી આત્માઓ માટે દશવૈકાલિક સૂત્ર બાલપોથી સમાન છે. હજારો સાધુ-સાધ્વી જ નહિ શ્રાવક-શ્રાવિકાઓને




પણ દશવૈકાલિક સૂત્રની ૭૦૦ જેટલી ગાથાઓ કંઠસ્થ હોય છે. આ સૂત્ર પાંચમા આરાના છેડા સુધી ઉપયોગી છે. ૧૮,૫૦૦ વર્ષ પછી આ સૂત્રના ચાર અધ્યયનથી ચાર જીવો એકાવતારી બનશે. સાધુ-સાધ્વીજીને વડી દીક્ષા આ સૂત્રથી અપાય છે.

આશરે આઠ દાયકા પૂર્વે જૈનધર્મ દિવાકર પૂ. ઘાસીલાલજી મ. સા. એ આવા ૩૨ આગમનું આલેખન કરેલ. જેમાં ચાર ભાષા હતી. હાલમાં શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. શ્રી ધીરજમુનિ મ. સા. દ્વારા અર્ધમાગધી, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી એમ પાંચ ભાષામાં સંપાદન કાર્ય ચાલે છે. તેમાં પ્રથમ ભાગમાં ૫૬૪ જેટલા પેજ થશે. જેની વિમોચન વિધિ ૨૧ જૂન, રવિવારના એમ્બીવેલી સિટીમાં ચાતુર્માસ પ્રવેશોત્સવ મધ્યે કરાશે.

## ભૂલેશ્વરના શ્રી વલ્લભ સદનમાં પુરુષોત્તમ માસ નિમિત્તે મનોરથો ઉજવાશે

પુનિત, પાવનપવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે શ્રી વલ્લભ કુટીરમાં બિરાજતા શ્રી મહાપ્રભુજીના અપાવતા વિવિધ મનોરથો ઉજવાશે. શુક્રવાર ૧૨ જૂને સાંજે ૭ વાગ્યાથી કમળ તલાઈનો મહોત્સવ, શનિવાર ૧૩ જૂને સાંજે ૭ વાગ્યાથી ફૂલ મંડળીનો, રવિવાર ૧૪ જૂને સાંજે ૭ વાગ્યાથી રંગબેરંગી ફૂલોની કળાત્મક ફૂલોની સાંજી અને પુરુષોત્તમ માસના અંતિમ દિન સોમવાર ૧૫ જૂને સાંજના ૭.૩૦ કલાકથી દીપ દાન-માનસી ગંગાનો અલભ્ય મનોરથ ઉજવાશે. સર્વે મનોરથો શ્રી વલ્લભ સદન ડૉ. આત્મારામ મર્ચન્ટ રોડ, ભૂલેશ્વરમાં ઉજવાશે.

## શ્રી મદન મોહનજીની હવેલી, ફોર્ટ તરફથી શૈક્ષણિક સહાય

ધોરણ ૧૧ અને ૧૨ માટે શ્રી ચંદાબેટીજી મહારાજ મદન મોહનજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક સહાય માટે અરજી મગાવવામાં આવે છે. ધો. ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓ પાસેથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે વાલીઓ દ્વારા અરજી કરી શકાશે. ઓછામાં ઓછા ૬૦ ટકા કે તેથી વધુ મેળવેલ ગુણાંકવાળા વિદ્યાર્થીઓએ જ અરજી કરવી. ફોર્મ અહીં આપેલ લિંક ઉપરથી ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ કઢાવીને ભરવાનું રહેશે. ફોર્મ ઓનલાઈન ભરવાનું નથી. ફોર્મ ડાઉનલોડ લિંક - https://cbmmadanmohanlalji.org/form.php. જૂની લિંક ઉપરથી ડાઉનલોડ કરેલું ફોર્મ રદ બાતલ ગણાશે. ફોર્મ પૂરેપૂરી વિગતો ભરીને અને જોઈતી વિગતો સાથે જોડીને નિર્ધારિત તારીખ સુધીમાં પોસ્ટ/ કુરિયર દ્વારા ટ્રસ્ટની ઓફિસેઃ ૧૦ મંગેશ શેણોય સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૧ રવાના કરવાના રહેશે. ફોર્મ તા. ૧૫-૭-૨૬ સુધીમાં ટ્રસ્ટની ઓફિસે મળી જવા જોઈએ. ફોર્મમાં ભલામણ કરનાર વ્યક્તિનું નામ, સરનામું, મોબાઈલ/ટેલિફોન નંબર અને ભલામણ કરનાર વ્યક્તિની સહી નહીં હોય તો તે ફોર્મ રદ્ બાતલ ગણાશે. ફોર્મમાં માતા/પિતા/ વાલીઓએ સહી કરવી ફરજિયાત છે.

ફોર્મ સાથે જોડવાની વિગતો

૧) આધાર કાર્ડની કોપી વિદ્યાર્થી અને સહી કરનાર વાલી બંનેની.

૨) છેલ્લા પરિણામ પત્રકની કોપી

૩) ફી ભર્યાની રસીદની કોપી

૪) જ્યાં કામ કરતા હોવ તે ઓફિસ/દુકાન વગેરેના લેટરહેડ ઉપર આવકનું ઓરિજીનલ સર્ટિફિકેટ. કરંટ પિરિયડનું સહી-સિક્કા સાથે. ઓફિસનો ફોન/ મોબાઈલ નંબર જરૂરી.

## સુધારાવાદી વોહરા સમાજ માટે મોહરમ વાયઝ

સર આદમજી પીરભોય પરિવાર દ્વારા સુધારાવાદી વોહરા સમાજ માટે મોહરમ મજલિસ ૧૪૪૮ હિજરીનું આયોજન સર્વશક્તિમાનની કૃપા અને પંજતાનેપાકના આશીર્વાદથી કરવામાં આવ્યું છે અને આ વખતે વાયઝનું આયોજન તૈયબી મંઝિલની જગ્યાએ નૂરબાગ, મુંબઈની બાજુમાં આવેલા સના હોલમાં કરવામાં આવશે, જેની બધાએ નોંધ લેવી.

૧૬ જૂનથી ૨૩ જૂન દરમિયાન રોજની વાયઝનો સમય સવારે ૧૧.૦૦ વાગ્યાથી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી રહેશે, જ્યારે ૨૪ જૂનના રોજ અશુરા દિન નિમિત્તે વાયઝનો સમય સવારે ૧૧.૦૦ વાગ્યાથી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી રહેશે. આ સાથે જ નિયાઝ, નમાઝ અને જિયારતનું પણ આયોજન રહેશે. ■

## અમિત શાહ

માળખાકીય સુવિધાઓના વિકાસ માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી રહી છે. આમાં ભીડ વ્યવસ્થાપન, રસ્તા સુધારણા, સ્વચ્છતા અને ભક્તોની સુવિધા માટે સુવિધા કેન્દ્રોનો સમાવેશ થાય છે.

એવું પણ કહેવામાં આવ્યું છે કે અમિત શાહ પ્રવાસના બીજા દિવસે, એટલે કે ૨૦ જૂને, વિકાસ કાર્યોનું નિરીક્ષણ પૂર્ણ કર્યા પછી, જાહેર સભા કરશે. આ બેઠકમાં, તેઓ કેન્દ્ર સરકારની વિકાસ યોજનાઓ, રાજ્યમાં પ્રોજેક્ટ્સની પ્રગતિ અને આગામી રાજકીય વિકાસ પર ટિપ્પણી કરે તેવી શક્યતા છે.

આ મુલાકાતને કારણે, કોલ્હાપુર જિલ્લા વહીવટીતંત્રે સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા માટે તૈયારી શરૂ કરી દીધી છે અને મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવશે. સ્થાનિક સ્તરે, રાજકીય અને વહીવટી દ્રષ્ટિકોણથી પણ આ મુલાકાતને મહત્વ આપવામાં આવી રહ્યું છે. દરમિયાન, મુલાકાતનું અંતિમ સમયપત્રક અને કાર્યક્રમની વિગતવાર રૂપરેખા હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી નથી. ■

## શરદ પવાર

પાટીલ સાથે રવીન્દ્ર ચવ્હાણને મળવા પહોંચ્યા તે વાતથી ઓપરેશન લોટસની ચર્ચાને વેગ મળ્યો છે.

દરમિયાન, રવીન્દ્ર ચવ્હાણ જે બેઠકમાં હાજરી આપી રહ્યા છે ત્યાં સોલાપુરના પાલક પ્રધાન જયકુમાર ગોર પણ હાજર હતા. જોકે, બેઠક પહેલા જ એનસીપી-એસપી જૂથના ૩ વિધાનસભ્યો રવીન્દ્ર ચવ્હાણને મળવા પહોંચી ગયા હોવાથી બધાના ભવાં ઊંચા થયા છે.

સોલાપુરમાં વિધાન પરિષદની ચૂંટણીમાં, ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર રાઉતની એનસીપી-શરદ પવાર જૂથના ઉમેદવાર વસંતરાવ દેશમુખ સામે સીધી લડાઈ છે. જોકે, વિધાનસભ્ય ઉત્તમરાવ જાનકરે એનસીપી દ્વારા વસંતરાવ દેશમુખને મેદાનમાં ઉતારવા પર જાહેરમાં નારાજી વ્યક્ત કરી હતી. તેમણે વિધાનસભાની ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરવાની પણ જાહેરાત કરી હતી. જોકે, સોલાપુરમાં ભાજપ અને મહાયુતિના નેતાઓની બેઠકમાં હાજરી આપતાં હવે રાજકીય વર્તુળોમાં એનસીપી-એસપીમાં વધુ એક ભંગાણની ચર્ચા ચાલી રહી છે. ■

## ટિપ આપો,

સંખ્યામાં સૂચનો પ્રાપ્ત થયા છે. મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની કલમ ૭૩, ૭૪ અને ૯૩ હેઠળ તૈયાર કરાયેલા નિયમોમાં મુસાફરો અને ડ્રાઇવરોના અધિકારો તેમજ એગ્રીગેટર કંપનીઓની જવાબદારીઓ નક્કી કરવામાં આવી છે. જોકે, નિયમોના અમલના અભાવે, ડ્રાઇવરોની મનસ્વીતાને રોકવા માટે હજુ સુધી અસરકારક પદ્ધતિ લાગુ કરવામાં આવી નથી. મુલુંડના એક મુસાફર નિલેશ કદમે જણાવ્યું હતું કે, 'ડ્રાઇવરો દ્વારા સવારી સ્વીકાર્યા પછી નિયમો અને શરતોમાં ફેરફાર કરવો એ મુસાફરો સાથે સીધી છેતરપિંડી છે. ફરિયાદો પછી પણ, ઘણીવાર નક્કર પગલાં લેવામાં આવતા નથી. આના કારણે મુસાફરોને આર્થિક અને માનસિક તકલીફ સહન કરવી પડે છે.' વધારાના પૈસાની માંગણી ગેરકાયદે છે અને કંપનીઓએ ફરિયાદ નિવારણ પ્રણાલીને વધુ અસરકારક બનાવવાની જરૂર છે. મુસાફરો સંગઠનો એવો મત વ્યક્ત કરી રહ્યા છે કે જો રાજ્યમાં એગ્રીગેટર નિયમો લાગુ કરવામાં આવે તો આવી ગેરરીતિઓ પર મોટા પ્રમાણમાં નિયંત્રણ મેળવી શકાય છે. ■

## ગુજરાતની કંપનીની

ગણાવી છે. શિવસેનાએ વારંવાર માગ કરી છે કે મુંબઈમાં કામગીરી શરૂ કરતી કંપનીઓ સ્થાનિક મરાઠી યુવાનોને પ્રાથમિકતા આપે. હવે, તે સાઈટ પર આ જાહેરાત પર એક નવો વિવાદ ફાટી નીકળ્યો છે, જેનાથી રાજકીય વાતાવરણ ગરમાયું છે. હવે કંપની શું પગલાં લે છે, ગજાનન કીર્તિકરની ચેતવણી બાદ શું વલણ અપનાવે છે અને શું મરાઠીઓને નોકરી પર રાખે છે કે નહીં તેના પર બધાની નજર છે. ■

## સુનેત્રા પવારના

કાર્યકરોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે, બારામતીમાં વિમાન દુર્ઘટનામાં અજિત પવારનું અવસાન થયું તે આ જ વીએસઆર કંપનીનું વિમાન હતું. એનસીપીના શરદ પવાર જૂથના વિધાનસભ્ય અને અજિત પવારના ભત્રીજા રોહિત પવારે વિમાનની ગુણવત્તા અને અન્ય મુદ્દાઓ અંગે આક્ષેપો કર્યા હતા અને કંપની સામે કાર્યવાહીની માગ કરી હતી. આ આરોપોએ લોકોના મનમાં શંકા જગાવી હતી કે શું અજિત પવારનું મૃત્યુ કાવતરું હતું. ■

## પક્ષથી કોઈ મોટું નથી

રમતમાં ન લાવો, એમ ભુજબળે તટકરેને વળતો જવાબ આપ્યો. ભુજબળના આ જવાબ પર ગૃહમાં તાળીઓનો ગડગડાટ થયો.

જ્યારે પણ કોઈ કટોકટી ઊભી થાય છે, ત્યારે દરેક પાસે કંઈક કહેવા માટે હોય છે, એવું જ હોય તો હું સૌથી પહેલા બોલીશ. મતભેદો હોઈ શકે છે, પરંતુ કોઈ દુશ્મનાવટ નથી. હોદ્દા ક્ષણિક હોય છે, જેમ કે પાન પર પાણીનું ટીપું ગમે ત્યારે સરકી શકે છે, પરંતુ દરેકે યાદ રાખવું જોઈએ કે પક્ષથી મોટું કોઈ નથી,એમ ભુજબળે જણાવ્યું હતું. ■

## પાંચ વર્ષ અગાઉ

સમયે મુલાની દારૂના નશામાં હતો. પરિણામે કે અકસ્માતમાં મૃત્યુ પામ્યો હોવાનું પોલીસે માન્યું હતું.

આ ઘટનાને પાંચ વર્ષ વીત્યા ત્યારે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીને માહિતી મળી કે ચાર આરોપીએ તેના બે સાથીની મદદથી આર્થિક વિવાદને પગલે એક યુવકની હત્યા કરીને મૃતદેહને ફોંડા ઘાટની ખીણમાં ફેંક્યો હતો. માહિતીને આધારે પોલીસે ચારેયને મીરા રોડ, નવી મુંબઈ અને થાણે પાસેના દીવાથી શોધી કાઢ્યા હતા. પૂછપરછમાં ચારેય આરોપીએ ગુનાની કબૂલાત કરતાં કણકવલી પોલીસને જાણ કરાઈ હતી. પાંચ વર્ષ અગાઉ યુવક મુલાનીનો મૃતદેહ ખીણમાંથી મળ્યાની ખાતરી કરાઈ હતી. આરોપીના બે સાથીની શોધ ચાલી રહી છે. ■

## '૮૦ વર્ષના

ભુજબળના રાજકારણને પોતાનાથી વધુ સારી રીતે કોઈ નહીં જાણતું હોય એમ પણ સુનીલ તટકરેએ કહ્યું હતું. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષની ૨૭મી વર્ષગાંઠ નિમિત્તે મુંબઈના ઐતિહાસિક સભાગૃહમાં આયોજિત એક કાર્યક્રમમાં પક્ષના પ્રદેશ પ્રમુખ અને સંસદસભ્ય સુનીલ તટકરેએ તેમના ભાષણમાં પક્ષની પ્રગતિ વિશે ટિપ્પણી કરી ત્યારે વિધાન સભ્ય રોહિત પવારનું નામ લીધા વિના તેમણે ૨૦૧૯ માં ભાજપ સાથે સરકાર બનાવવાની તેમની વ્યૂહરચનાનો ઉલ્લેખ કરીને તેમને પડકાર ફેંક્યો. ૧૯૯૯થી ૨૦૨૬ દરમિયાનની પક્ષની ૨૭ વર્ષની સફરનો ઉલ્લેખ કરતી વખતે સુનીલ તટકરે અત્યંત ભાવુક થઈ ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે 'વર્ષગાંઠ નિમિત્તે આપણે અજિત દાદાને યાદ કરીએ છીએ. ભલે તેઓ આજે મંચ પર હાજર નથી, પણ આપણે બધા તેમણે આપેલા વિચારો અને ઊર્જા પર કામ કરવાનું ચાલુ રાખીશું.'

સુનીલ તટકરેએ વધુમાં જણાવ્યું હતું કે 'છગન ભુજબળ સાહેબ રાજકારણમાં કબડ્ડીના એક ઉત્તમ ખેલાડી છે. તેઓ એક સારા કોર્નરબેક અને સેન્ટ્રલ ડિફેન્ડર (રક્ષાણત્મક જવાબદારી) તરીકે જાણીતા છે. ભુજબળ સિવાય કોઈને અંદર ઘૂસી આક્રમણ કરવાનું આવડતું નથી. આ ૮૦ વર્ષનો યુવા ખેલાડી હવે સુનેત્રા ભાભીના હાથ મજબૂત કરવા માટે મેદાનમાં પાછો આવ્યો છે. ફૂટબોલર પ્રફુલ્લ પટેલ તેમની બાજુમાં બેઠા છે, જ્યારે કુસ્તીબાજ હસન મુશ્રીફ તેમની સામે બેઠા છે. આ બધી મજબૂત ટીમ અજિત દાદા દ્વારા બનાવવામાં આવી છે અને અમે ચોક્કસપણે આ ટીમને સફળ બનાવીશું.' ■

# જૈન મરણ

### સુડતાળીસ જ્ઞાતિ જૈન

વડાવલી નિવાસી હાલ મલાડ સ્વ. બાબુલાલ નાથાલાલ શાહના સુપુત્ર હર્ષદભાઇ બાબુલાલ શાહ (ઉં. વ. ૭૦) અરિહંતશરણ પામેલ છે. તે જયશ્રીબેનના પતિ. ઉષા-જયકુમાર દેસાઇ, પારુલ-જયેશકુમાર શાહ તથા સ્વ. બીના-કેતનના ભાઇ. તેજસ-મૃણાલીની, નીરવ-અંકિતા ગાંધીના પિતા. તે કલ્પના નાના. ઊંઢાઇ નિવાસી તારાચંદ ભાઇચંદ શાહના જમાઇ તા. ૧૧-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. અંતિમ યાત્રા તા. ૧૩-૬-૨૬ શનિવારના સવારે આઠ વાગ્યે તેમના નિવાસસ્થાન : ૧૭૦૧, વીના સુયોગ, એસ. વી. રોડ, મલાડ (વેસ્ટ). લૌક્કિ વ્યવહાર રોખલ નથી.

### ઝાલાવાડી સ્થાનકવાસી જૈન

બોટાદ નિવાસી હાલ મલાડ સ્વ. મહેશ મગનલાલ મહેતાના ધર્મપત્ની પ્રિતી (પ્રતિમાબેન) (ઉં.વ.૭૭) તા. ૯-૬-૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે ચંદ્રેશના માતુશ્રી. માનસીના સાસુમા. વિદીતાના દાદીમા. તે સ્વ. ભૂપતરાય, સ્વ. જયોતિ અરવિંદ અજમેરા, સ્વ. વનલિલા નરેશકુમાર શેઠ, સ્વ. કમલેશભાઇ, રમેશભાઇના ભાભી. પિયરપક્ષે સ્વ. નગીનદાસ સવચંદ સોમાણીના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

### અમદાવાદ વિશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન

હાલ મુંબઇ સાંતાક્રુઝ નિવાસી કિર્તીકુમાર પુરુષોતદાસ શાહ તા. ૧૦-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. ઇલાબેનના પતિ. મનીષા, રિન્કુ ને આશિષના પિતા. નિશાના સસરા. શિવાનના દાદા. ભાવેશકુમાર ને સુજનકુમારના સસરા. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૨-૬-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. હીરાવતી હોલ, ટાગોર રોડ, સાંતાક્રુઝ વેસ્ટ.

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

જેસર નિવાસી હાલ મુલુંડ સ્વ. સુંદરજીભાઇ જસરાજભાઇ શેઠની દીકરી સ્વ. કૈલાસબેન (ઉં. વ. ૭૨) તા. ૧૧-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. અમુલખભાઇ, સ્વ. પ્રવીણભાઇ, સ્વ. હિંમતભાઇ, મનુભાઇ, સ્વ. બીપીનભાઇ, વસંતબેન વૃજલાલ ગાંધી, પ્રભાબેન ધીરજલાલ શાહ, કાંતાબેન લહેરચંદ શાહ, હર્ષાબેનના બેન. મોસાળ પક્ષે ચંદુભાઇ ઝવેરચંદ ભાઇ મહેતા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### દશા શ્રીમાળી જૈન

મોરબી (ગાળા) હાલ ઘાટકોપર નેમચંદ જયશંકર મહેતાના પુત્ર મહેન્દ્રભાઇ (ઉં. વ. ૭૬) તા. ૧૦-૬-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. ભાવનાબેન મહેન્દ્ર મહેતાના પતિ. રિનાબેન મિતુલભાઇ કામદારના પિતાશ્રી. મિતુલભાઇ જિતુભાઇ કામદારના સસરા. મનસુખભાઇ ભુરાભાઇ કોઠારીના જમાઇ. જિતેન્દ્રભાઇ તથા રાજેશભાઇના બનેવી. લૌકિક વ્યવહાર બંધ છે.

### દશા શ્રીમાળી દેરાવાસી જૈન

સરધાર નિવાસી હાલ માટુંગા સ્વ. શારદાબેન લાભુલાલ દોશીના પુત્ર શશીવદન (કાકુભાઇ) (ઉં. વ. ૮૧) બુધવાર, તા. ૧૦-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે અરુણાબેનના પતિ. દીપેન-ઇશિતા અને રસેશ-ભક્તિના પિતા. સ્વ. બિંદુબેન ગિરીશ કામાણી, અજય-અમિતા અને તરુબેન રમેશચંદ્ર દફતરીના ભાઇ. સ્વ. દલીચંદ નારાયણદાસ વૈદ્ય, આકોલાના જમાઇ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

લાખાપુરના જયાબેન જેઠાલાલ મારૂ (ઉં.વ. ૭૯) તા. ૧૦-૬-૨૬ના દેહ પરિવર્તન કરેલ છે. કુંવરબાઈ વેલજીના પુત્રવધૂ. જેઠાલાલ વેલજી (બચુભાઇ)ના ધર્મપત્ની. સ્વ. ભરત, બાડાના મીના ખુશાલ ગડા, મોટી ખાખરના અંજના અનિલ છાડવા, ડોણના ફાલ્ગુની મુલચંદ છેડાના માતૃશ્રી. ગુંદાલાના ઝવેરબેન ડુંગરશી રાંભિયાના દીકરી. પ્રવીણ, ઈશ્વર, નીરુના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. એ/૩૦૨, નવનીત નગર, દેશલેપાડા ડોમ્બીવલી (ઇ.).

સાડાઉના અ.સૌ. ઈંદિરા પ્રવિણ ગોગરી/પટેલ (ઉં.વ. ૬૪) તા. ૧૦-૬-૨૬ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન પ્રેમજી રવજી (ગગુ પટેલ)ના પુત્રવધૂ. પ્રવિણના ધર્મપત્ની. દિપા, પ્રેમલના માતુશ્રી. બેરાજા પ્રભાબેન નાનજી ગણપત સુરાણીના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રવિણ ગોગરી, ૬૦૩, ગૌરવ હાઈટ, મહાવીર નગર, લીંક રોડ, કાંદીવલી (વેસ્ટ).

### વિજાપુર સત્તાવીસ વિશાશ્રીમાળી જૈન

ગવાડા નિવાસી હાલ કાંદીવલી, અરુણાબેન મહેન્દ્રભાઈ નેમચંદ વખારિયા (ઉં.વ. ૮૬) તા. ૧૧/૬/૨૬ ગુરુવારના અરિહંતશરણ થયેલ છે. તે મહેન્દ્રભાઈના પત્ની. હિમાંશુ અને તુષારના માતા. હિનાબેન અને હેતલબેનના સાસુ. અમન, ખુશી અને અયાનના દાદી. ગુણવંતીબેન, પ્રવિણભાઇ, રાજેન્દ્રભાઈ, રોહિતભાઈ, પંકજભાઈના બેન. બબલદાસ વેણિચંદ શાહ લોદ્રાની દિકરી.

### ઝાલાવાડી વિશાશ્રીમાળી જૈન

વઢવાણ નિવાસી હાલ મુંબઈ, નાથાભવાનવાળા અ.સૌ. આરતી અભયભાઈ દાદભાવાળા (ઉં.વ. ૬૭) તા. ૧૧-૬-૨૬ના દેહપરિવર્તન થયેલ છે. તે ધીરજબેન યશવંતભાઈના સુપુત્ર ચિ. અભયભાઈના ધર્મપત્ની. હિમા-દર્શક, દિશા અને ડોલીના માતુશ્રી. પીયરપક્ષે સ્વ. સવિતાબેન અમૃતલાલભાઈ સુખલાલભાઈ શાહના સુપુત્રી. શ્રીમતી મીરાબેન અનીલભાઈ શાહના ભાભી. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૧૩-૬-૨૬ના શનિવાર ૩.૩૦ થી ૫.૦૦. ભારતીય વિદ્યા ભવન - ચોપાટી. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

### પાટણ જૈન

તંબોલીવાડો, હાલ મરીનડ્રાઇવ, જગદીશભાઈ રમણલાલ શાહ (ઉં.વ. ૮૬) કાંતાબેન રમણલાલ શાહના સુપુત્ર. ગીતાબેનના પતિ. સ્વ. કંચન કેસરિચંદ શાહના જમાઈ. રૂપલબેન, સોનલબેન, ચેતલબેન તથા રવિભાઈના પિતા. સૌરિનભાઈ, રાજીવભાઈ, વિનયભાઈના તથા ભૂમિબેનના સસરા. તા. ૧૧/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

દિનયાર શેરીયાર તીરનદાઝ તે રોશનના ધની. તે મરહુમો લાલ શેરીયાર તીરનદાઝના દીકરા. તે ફરઝાના ને ફેરંગીના પપા. તે સોરાબ ને અસપીના સસરા. તે મરહુમો રુસ્તમ ને આબાનના ભાઇ. તે નઇશા, ઝીયાન, યોહાન, મીશેલના મમાવાજી. (ઉં. વ. ૭૪) રે. ઠે. ૮૦૪/ડી, જય ભગવતી, બીજે માળે, ડો. બી. એ. રોડ, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૩-૬-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની વાડીયા બંગલીમાં ડુંગરવાડી.

કાવસ ફરામજી તંબોલી તે મરહુમો તેહમી ફરામજી તંબોલી. તે હોશંગ જમશેદ દોકતરના મામાની દીકરા. તે ફિરદોશ ને ફરહાદના મામાના દીકરાના દીકરા. (ઉં. વ. ૭૩) રે. ઠે. ૬૭૧, બોઇસ બિલ્ડિંગ, બીજે માળે, કારતક રોડ, પારસી કોલોની, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૨-૬-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે મીથાઇવાલા અગિયારીમાં.

# હિન્દુ મરણ

### કચ્છી ભાટીયા

જગદીશભાઇ કરસનદાસ ધમાણી (ઉં. વ. ૬૭)અમદાવાદ નિવાસે તા. ૧૦-૬-૨૬ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. કોકીલાબેન કરસનદાસના પુત્ર. પૂર્ણિમાબેનના પતિ. વત્સલના પિતાશ્રી. પ્રફુલભાઇ, રીટાબેન, પ્રતીમાબેનના ભાઇ. મંજુલાબેન માનસિંહના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૩-૬-૨૬ના ગજ્જર હોલ, લો-ગાર્ડન સામે, સવારે ૯થી ૧૦. લૌકિક વ્યવહાર બંધ છે.

### જામનગર ગિરીનારા બ્રાહ્મણ

મુંબઈ ગોવાલ્યાટેંક નિવાસી, દિનેશભાઇ શંકરલાલ પુરોહિત ૧૦/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. જયાબેનના પતિ. સ્વ. મહેન્દ્રભાઈના ભાઈ. ગં.સ્વ. વીણાબેનના જેઠ. ભારતી, કેતકી તથા આશિષના બાપા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### કપોળ

શીહોરવાળા હાલ વસઈ, સ્વ. ગીરજાલક્ષ્મી હરીવલ્લભ દુલેરાય મહેતાના પુત્ર જયંતભાઈ (ઉં.વ. ૮૩) મંગળવાર, તા. ૯-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મૃદુલાબેન (મંગળાબેન)ના પતિ. માધવી પંકજકુમાર દોશી, કેતન, રૂપલ અજય કુમાર મહેતાના પિતાશ્રી. ચંદ્રીકાબેન હસમુખરાય સંઘવી, સ્વ. રાજેષ, સુનીલના મોટાભાઈ. સ્વસુરપક્ષે જાફરાબાદવાળા સ્વ. વનમાળીદાસ લવજી ગોરડીયાના જમાઈ. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

### પરજીયા સોની

ગાધકડાવાળા, સ્વ. નિર્મળાબેન બચુભાઈ ભીમભાઈ ધાણકના સુપુત્ર સ્વ. હસમુખભાઈ ધાણક (ઉં.વ. ૭૦) તે સ્વ. રમાબેનના પતિ. સ્વ. શાંતિભાઈ, સ્વ. મુળજીભાઈ, ગં.સ્વ. શારદાબેન કાંતિલાલ ધકાણ, ગં.સ્વ. હિરાબેન ભગવાનદાસ ધકાણ, સ્વ. જસવંતભાઈ, સ્વ. દિનેશભાઈ, સ્વ. ભરતભાઈ, હરેશભાઈ, કિશોરભાઈ, વિનોદભાઈના ભાઈ. તા. ૭-૬-૨૬ના સાવરકુંડલા (ગુજરાત) મુકામે શ્રીજીશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

### હાલાઇ ભાટિયા

પ્રવીણભાઈ મનુભાઈ કાપડિયા (ઉં.વ. ૮૦) તે જયાબાઈ મનુભાઈના પુત્ર. કુમુદના પતિ. તેજલ અમિત, મીતા ચેતનભાઈ તથા નીપા યોગેશના પિતા. સ્વ. સુરેશભાઈ, સ્વ. નલીનભાઇ, સ્વ. રજનીબેન, જ્યોતિબેન, અરુણાબેન તથા હેમંતના ભાઈ. સ્વ. વલ્લભદાસ વિઠ્ઠલદાસના જમાઈ. ૧૦/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ

ઉરસડ નિવાસી હાલ કાંદિવલી, રમાબેન રમેશચંદ્ર જાની (ઉં.વ. ૮૧) તે સ્વ. રમેશચંદ્ર જાનીના ધર્મપત્ની. તૃપ્તિ, ધર્મેન્દ્ર તથા મેહુલના માતા. પ્રદીપના સાસુ. સ્વ. જેન્તીલાલ ભટ્ટના દીકરી. દિલીપભાઈ, જગદીશભાઈ, ચંદુભાઈ, વનરાજભાઈ, શારદાબેન, ચંદ્રિકાબેન, મંજુલાબેન, અનસૂયાબેનના ભાભી. ૧૦/૬/૨૬ના કૈલાશવાસી પામેલ છે. ટેલિફોનિક બેસણું ૧૨/૬/૨૬ના રોજ ૩ થી ૬.

### લુહાર જ્ઞાતિ

ગામ પડધરી હાલ થાણે, જાધવજીભાઈ દામજીભાઇ સિધ્ધપુરા (ઉં.વ. ૮૭) ૧૦/૬/૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. ઉજમબેન દામજીભાઇ સિધ્ધપુરાના પુત્ર. સ્વ. મણીબેન માધવજીભાઈ પીઠવા જામખંભાળિયાના જમાઈ. રંજનબેનના પતિ. નિશાંત, નીરવ, વૈશાલી તથા મધુના પિતા. દીપ્તિ, શાયલી, હર્ષદકુમાર તથા નિહાલકુમારના સસરા. પ્રાર્થનાસભા ૧૨/૬/૨૬ના ૫ થી ૭. કે એન એસ ડી નામદેવવાડી હોલ, મહર્ષિ કર્વે રોડ, બેડેકર હોસ્પિટલ અને ન્યુ ઈંગ્લીશ સ્કૂલ પાસે, નૌપાડા થાણે વેસ્ટ.

### કચ્છી સારસ્વત બ્રાહ્મણ

રત્નેશ્વર કચ્છ કોઠારા હાલે મુલુંડ, ગં.સ્વ. તારાબેન પુરષોત્તમ (બચુમારાજ) તે પુરષોત્તમ વેલજીના ધર્મપત્ની (ઉં.વ. ૯૫) તે વિઠ્ઠલદાસ પ્રાગજી રાડીયા અંજારવાળાની પુત્રી. જયાબેન લવજી રત્નેશ્વર, સ્વ. કમળાબેનના નાનાબહેન. સ્વ. હીરાભાઇના મોટાબેન. નિરંજના પ્રવીણકુમાર હરિયામાણેક, મધુભાઇ, અજીતભાઈના માતૃશ્રી. વિભાબેનના સાસુમા. તા. ૧૦/૬/૨૬ના કૈલાશવાસી થયેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, ૧૨/૬/૨૬ના સાંજે ૫ થી ૭. આર્યસમાજ હોલ, ૨જે માળે, સૌંદર્ય હોટલની ઉપર, ગાલાનગર, જે. એન. રોડ, મુલુંડ પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી લોહાણા

સ્વ. કેશવજી રાઘવજી ચંદન વમોટી મોટીવાળાના જયેષ્ઠ પુત્ર, સ્વ. જીતેન્દ્ર (ઉં.વ. ૬૦) શ્રીરામશરણ થયેલ છે. તે કુંવરજી રામજી ઘૂંઘટ મુરૂવાળાના નાનાજમાઈ. કિરણબેનના પતિ. રુચિતના પિતા. ભરત, કમલેશ, સંજય તથા નીતાબેન બીપીનભાઇ કોટક અને જ્યોતિબેન દીપકભાઈ પોપટના ભાઈ. તા. ૧૦મી જૂને શ્રી રામ શરણ થયેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે. સરનામુંઃ દોસ્તી કોમ્પલેક્ષ, કલ્હેર, ભિવંડી.

## મુંબઈનો 'આ'

કરવામાં આવશે. ત્યાંથી તેઓ ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ (જીએમએલઆર) અને સોનાપુર જંકશન થઈને ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે તરફ આગળ વધી શકશે. હળવા વાહનો માટે વધારાના વૈકલ્પિક માર્ગોમાં મારુતિ મંદિર રોડ, લેક રોડ, સ્વતંત્ર સૈનિક નાથા બાબાજી થોરાટ રોડ અને શ્રી કાયકાઈ શેટ્ટી માર્ગ ઉપલબ્ધ રહેશે. તેવી જ રીતે, સોનાપુર જંકશન અને મુલુંડથી કાંજુરમાર્ગ અને ભાંડુપ તરફ જતા વાહનોને સુભાષ નગર રોડ, બાલકૃષ્ણ તાતોજીરાવ શિંદે ચોક અને ભાંડુપ ગામ રોડ થઈને ડૉ. કલ્પના ચાવલા ચોક તરફ વાળવામાં આવશે. તેથી નાગરિકોને મુસાફરી કરતા પહેલા ટ્રાફિક અપડેટ્સ તપાસવા અને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવી છે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# શું સરકારી તંત્ર વડા પ્રધાનની અપીલને અવગણી રહ્યું છે?

## ‘ઈંધણ બચાવો, સાદગી અપનાવો’ના સંદેશ વચ્ચે, ૧૨ કરોડ રૂપિયાના ખર્ચે મુંબઈ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવની ઝાકઝમાળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વધતી જતી મોંઘવારી, વૈશ્વિક ઉર્જા સંકટ અને તેલની ચિંતાઓ વચ્ચે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને સાદગી અપનાવવા, બિનજરૂરી ખર્ચ પર કાબુ મેળવવા અને ઈંધણ બચાવવાની અપીલ કરી છે. જોકે, મુંબઈમાં આગામી આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવની તૈયારીઓને જોતાં એવો સવાલ ઉપસ્થિત થાય છે કે શું સરકારી તંત્ર વડા પ્રધાનની અપીલને અવગણી રહ્યું છે.

મુંબઈમાં યોજાનારો મુંબઈ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ-૨૦૨૬ ૧૫ જૂનથી ૨૧ જૂન, ૨૦૨૬ સુધી ચાલશે. આ કાર્યક્રમમાં વિશ્વભરની ફિલ્મો દસ્તાવેજી, ટૂંકી ફિલ્મો, એનિમેશન અને વેવ્સ ડોક બજાર જેવા વિભાગોમાં ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવશે.

ફિલ્મ અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવું ચોક્કસપણે મહત્વપૂર્ણ છે. પરંતુ જ્યારે સરકારી સંસાધનો અને જાહેર ભંડોળથી આયોજિત કાર્યક્રમો પર ખર્ચ કરવાની મર્યાદાઓ અને પ્રાથમિકતાઓ વિશે ચર્ચા શરૂ થાય છે ત્યારે પ્રશ્નો ઉભા થાય છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, મુંબઈ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ માટે અંદાજે ૧૨ કરોડ રૂપિયાના બજેટની ચર્ચા થઈ રહી છે. આ કાર્યક્રમની જવાબદારી જનરલ મેનેજર ડી. રામકૃષ્ણ અને મેનેજિંગ ડિરેક્ટર એમડી પ્રકાશ મગદુમના નેતૃત્વ હેઠળ હોવાનું કહેવાય છે.

અહેવાલ છે કે આ કાર્યક્રમમાં ૧૦૦થી વધુ વિદેશી મહેમાનો હાજરી આપે તેવી અપેક્ષા છે. હોટેલ ટ્રાઇડેન્ટમાં તેમના રહેવા માટે આશરે ૧૫૦ રૂમ બુક કરવામાં આવ્યા છે. મહેમાનોના પરિવહન માટે ૧૦૦થી વધુ ભાડાના વાહનોની વ્યવસ્થા કરવામાં આવ્યા હોવાની પણ ચર્ચા થઈ રહી છે.■

### સૌથી મોટો સવાલ

જ્યારે વડા પ્રધાન ઇંધણ બચત અને સરળતા માટે અપીલ કરી રહ્યા છે, ત્યારે સરકારી કાર્યક્રમો માટે આટલી મોટી વાહન વ્યવસ્થા કેમ? એક તરફ, સામાન્ય નાગરિકોને જરૂર મુજબ વાહન ચલાવવા, પેટ્રોલ અને ડીઝલ બચાવવા અને ખર્ચમાં સંયમ રાખવાનું કહેવામાં આવે છે. બીજી તરફ, સરકારી કાર્યક્રમોમાં વીઆઈપી સુવિધાઓ પર મોટા પ્રમાણમાં થઈ રહેલો ખર્ચ લોકોના મનમાં વિરોધાભાસ પેદા કરે છે.

### મહારાષ્ટ્ર સરકારના સાંસ્કૃતિક અને ફિલ્મ વિભાગની ભૂમિકા અંગે પણ પ્રશ્નો

મુંબઈ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ જેવા કાર્યક્રમોને હંમેશા મહારાષ્ટ્ર સરકારના સાંસ્કૃતિક અને ફિલ્મ વિભાગ તરફથી સમર્થન મળ્યું છે. રવિન્દ્ર નાટ્ય મંદિર જેવા સાંસ્કૃતિક કેન્દ્રોમાં ઉદ્‌ઘાટન અને સમાપન સમારોહ માટે પણ સરકારી સહાય પૂરી પાડવામાં આવે છે.

જ્યારે સરકારી વિભાગો આવા કાર્યક્રમોમાં સીધી રીતે સામેલ હોય છે, ત્યારે લોકોની અપેક્ષાઓ વધે છે, તમામ ખર્ચમાં પારદર્શિતા સુનિશ્ચિત થાય છે અને વડા પ્રધાનનો સાદગી અને કરકસરનો સંદેશ સરકારી વ્યવસ્થામાં સૌ પ્રથમ પ્રતિબિંબિત થવો જોઈએ એવી સામાન્ય અપેક્ષા છે. ■

# અમિત શાહ બે દિવસની મહારાષ્ટ્રની મુલાકાતે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ ૧૯ અને ૨૦ જૂને કોલ્હાપુર જિલ્લાની સત્તાવાર મુલાકાતે આવી રહ્યા છે. આ બે દિવસની મુલાકાત દરમિયાન તેઓ વહીવટી સ્તરે વિવિધ વિકાસ કાર્યોની વિગતવાર સમીક્ષા કરશે. તેમની મુલાકાતનો મુખ્ય હેતુ ઐતિહાસિક કરવીર નિવાસિની શ્રી અંબાબાઈ મંદિરના વિસ્તરણની નવી વિકાસ યોજના સંબંધિત રહેશે. ગૃહ પ્રધાનના આ આયોજનબદ્ધ આગમનને કારણે કોલ્હાપુર જિલ્લામાં વહીવટી તંત્ર સતર્ક બની ગયું છે અને સ્થાનિક સ્તરે આ મુલાકાત માટે સઘન તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, ૨૦મી જૂને, અંબાબાઈ વિકાસ યોજના હેઠળ પૂર્ણ થયેલા કાર્યોનું ઉદ્‌ઘાટન અમિત શાહ દ્વારા કરવામાં આવશે. તેઓ હજુ પણ ચાલી રહેલા કાર્યોનું પણ વ્યક્તિગત ધોરણે નિરીક્ષણ કરશે. આ મુલાકાત દરમિયાન વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ અને સ્થાનિક જનપ્રતિનિધિઓ હાજર રહેશે. કોલ્હાપુર વિસ્તારમાં મહાલક્ષ્મી મંદિરના સૌંદર્યકરણ અને

(જુઓ પાનું ૪) ▸▸

# શરદ પવાર જૂથના વિધાનસભ્યો નારાજ?

## પવારના વિશ્વાસુ વિધાનસભ્યો ભાજપ પ્રદેશ પ્રમુખને મળ્યાઃ ઓપરેશન લોટસની શંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજકીય વર્તુળમાંથી મોટા સમાચાર બહાર આવી રહ્યા છે. રાજ્ય હાલમાં વિધાન પરિષદના ચૂંટણી પ્રચારની વચ્ચે ભાજપના પ્રદેશ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણ ગુરુવારે સોલાપુરમાં હતા. વિધાન પરિષદની ચૂંટણીના સંદર્ભમાં, પ્રદેશ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણની હાજરીમાં મહાયુતિના સ્થાનિક નેતાઓની બેઠક યોજાઈ હતી. જોકે, તે પહેલાં પણ ઘટનાક્રમ ઝડપી બન્યો છે. એનસીપીના શરદ પવાર જૂથના ત્રણ વિધાનસભ્યો ભાજપના પ્રદેશ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણને મળવા પહોંચ્યા હતા. આમાં માળશીરસના વિધાનસભ્ય ઉત્તમ જાનકર, માઢાના વિધાનસભ્ય અભિજીત પાટીલ અને એનસીપી-એસપી જૂથના કરમાળાના વિધાનસભ્ય નારાયણ પાટીલનો સમાવેશ થતો હતો. આમાંથી ઉત્તમ જાનકર શરદ પવારના નજીકના અને વિશ્વાસુ વ્યક્તિ માનવામાં આવે છે. ઉત્તમ જાનકર વિધાનસભ્ય અભિજીત પાટીલ અને નારાયણ

(જુઓ પાનું ૪) ▸▸

**એ જ કંપની અને એ જ પરિવાર!**

# સુનેત્રા પવારના ખાનગી વિમાનમાં ટેક્નિકલ ખામી સર્જાઈ

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારના ખાનગી વિમાનમાં નવમી જૂનની સાંજે અચાનક ટેકનિકલ ખામી સર્જાઈ હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી હતી. વિમાન મુંબઈથી દિલ્હી જઈ રહ્યું હતું ત્યારે બનેલી આ ઘટનાને કારણે એરપોર્ટ પર થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે, ફ્લાઇટ ટેકઓફ થાય તે પહેલાં જ ખામી ધ્યાનમાં આવતા મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સુનેત્રા પવારનું ખાનગી જેટ નવમી જૂને સાંજે પાંચ વાગ્યે મુંબઈથી દિલ્હી માટે ઉડાન ભરવાનું હતું. જોકે, છેલ્લી ઘડીએ પાઇલટને ટેકનિકલ ખામી હોવાનું ધ્યાનમાં આવ્યું. આ સમસ્યાને કારણે, વિમાનને મુંબઈ એરપોર્ટ પર પૂરા બે કલાક રોકવું પડ્યું. અંતે, તમામ ટેકનિકલ પાસાઓની તપાસ કર્યા પછી અને જરૂરી સમારકામ કર્યા પછી ફ્લાઇટ નિર્ધારિત સમય કરતા બે કલાક મોડી સાંજે સાત વાગ્યે દિલ્હી માટે રવાના થઈ હતી.

ફ્લાઇટમાં નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર સાથે મહાયુતિના અગ્રણી નેતાઓ, જેમાં તેમના પુત્ર અને એનસીપી નેતા પાર્થ પવાર, સાંસદ સુનીલ તટકરે અને સાંસદ પ્રફુલ પટેલનો સમાવેશ થાય છે. આ નેતાઓ એક મહત્વપૂર્ણ રાજકીય બેઠક માટે દિલ્હી જઈ રહ્યા હતા.

ઉપલબ્ધ માહિતી અનુસાર, જે ખાનગી વિમાનમાં ખામી સર્જાઈ હતી તે ‘વીએસઆર’ કંપનીનું હતું. ટેકનિકલ ખામી દૂર થયા પછી બધા નેતાઓએ તેમની બાકીની મુસાફરી એ જ વિમાનમાં સુરક્ષિત રીતે પૂર્ણ કરતા વહીવટીતંત્ર અને પક્ષના

(જુઓ પાનું ૪) ▸▸

# ટિપ આપો, નહીંતર રાઈડ રદ થશો!

## એપ ટેક્સી ડ્રાઈવરોની વધતી મનમાની

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એપ-આધારિત ટેક્સી સેવાઓમાં ડ્રાઈવરોની મનમાનીથી મુંબઈમાં મુસાફરો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. રાઈડ સ્વીકાર્યા પછી થોડીવારમાં જ વાહન આવ્યા પછી પણ ડ્રાઈવરો ૧૦૦ થી ૧૫૦ રૂપિયાની વધારાની ’ટિપ’ માંગી રહ્યા હોવાની ફરિયાદો વધી છે.

ઓલા, ઉબેર, રેપિડો જેવી એપ-આધારિત સેવાઓનો ઉપયોગ કરતા મુસાફરો વધારાના પૈસાની માંગણી અંગે સતત ફરિયાદ કરી રહ્યા છે. એરપોર્ટ, રેલવે સ્ટેશન, શોપિંગ મોલ અને ભીડના સમયે, ડ્રાઈવરો મુસાફરોનો સંપર્ક કરી રહ્યા છે અને એપ પર દર્શાવેલ ભાડા ઉપરાંત રકમ માગી રહ્યા છે. જો વધારાના પૈસા ન મળે તો, ડ્રાઈવરો રાઈડ રદ કરે છે અને બીજા પેસેન્જરની શોધ કરે છે, જેના કારણે મુસાફરોને ભારે અસુવિધા થાય છે.

રાજ્ય સરકાર દ્વારા એપ-આધારિત ટેક્સી, રિક્ષા અને ઈ-બાઈક ટેક્સી જેવી પરિવહન સેવાઓમાં પારદર્શિતા, શિસ્ત અને મુસાફરોની સલામતી માટે તૈયાર કરાયેલા ‘મહારાષ્ટ્ર મોટર વ્હીકલ એગ્રીગેટર રૂલ્સ, ૨૦૨૫’નો હજુ સુધી અમલ કરવામાં આવ્યો નથી. નિયમોના મુસદ્દા પર વાંધા અને સૂચનો મંગાવવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને મુસાફરો, ડ્રાઇવરો અને વિવિધ સંગઠનો તરફથી મોટી

(જુઓ પાનું ૪) ▸▸

## ‘ફક્ત ગુજરાતી-મારવાડીઓએ જ અરજી કરવી’

# ગુજરાતની કંપનીની નોકરી માટેની આવી જાહેરાતથી મહારાષ્ટ્રના નેતા શા માટે ભડક્યા?

મુંબઈઃ નોકરી માટેના એક પોર્ટલ પર એક જાહેરાતને લઈને ફરી ભાષાવાદ ઉભો થયો છે. અમદાવાદ સ્થિત એક કંપની દ્વારા જનરલ મેનેજરના પદ માટે ફક્ત ગુજરાતી અને મારવાડી ઉમેદવારોની જ પસંદગી કરવામાં આવશે એવી જાહેરાત બાદ શિવસેનાના નેતા અને ભૂતપૂર્વ સાંસદ ગજાનન કીર્તિકરે આક્રોશ વ્યક્ત કર્યો છે. તેમણે ચેતવણી આપી છે કે જો મરાઠી ઉમેદવારોની પસંદગી નહીં થાય તો કંપનીનું સંચાલન બંધ કરી દેવામાં આવશે.

અમદાવાદ સ્થિત એક કેમિકલ કંપનીમાં જનરલ મેનેજર પદ માટે તે વેબસાઈટ પર ₹૨૨ લાખનું પેકેજ ઓફર કરતી એક જાહેરાત પ્રકાશિત થઈ હતી. જાહેરાતમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે આ પદ ફક્ત ગુજરાતી અને મારવાડી ઉમેદવારો માટે જ ખુલ્લું છે. શિવસેનાના નેતા ગજાનન કીર્તિકરે આનો સખત વિરોધ કર્યો છે અને કહ્યું છે કે મુંબઈમાં આવીને વ્યવસાય કરવો અને મરાઠીઓને જ નોકરી ન આપવી, આ સહન કરવામાં આવશે નહીં.

ગજાનન કીર્તિકરે આ ઘટનાને ‘મરાઠી લોકો સામે અન્યાય’

(જુઓ પાનું ૪) ▸▸

# ‘૮૦ વર્ષના યુવાન ભુજબળ રાજકારણના અઠંગ ખેલાડી’

## તટકરેએ પ્રશંસા કરી કે ટોણો માર્યો

મુંબઈઃ કાર્યક્રમ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ની ૨૭મી વર્ષગાંઠની ઉજવણીનો હતો, પરંતુ ચર્ચા પ્રદેશ પ્રમુખ અને સંસદ સભ્ય સુનીલ તટકરે અને તેમણે ભુજબળને મારેલા ટોણાંની વધુ ચર્ચા થઈ રહી હતી. છગન ભુજબળ એક સારા કબડ્ડી ખેલાડી છે, સામી છાવણીમાં ઘૂસી આક્રમણ કરવાની આવડત તેમને હસ્તગત છે. ક્યારેક બોનસ પોઈન્ટ મેળવશે તો ક્યારેક વિરોધી છાવણીના સાતેયને લાવી શકવાની ક્ષમતા તેમનામાં છે, એમ સુનીલ તટકરેએ જણાવ્યું હતું. છગન

(જુઓ પાનું ૪) ▸▸

### પક્ષથી કોઈ મોટું નથી, રમતગમત અને રાજકારણની ભેળસેળ ન કરોઃ ભુજબળ

અમે છેવાડાના વ્યક્તિ સુધી પહોંચવા માગીએ છીએ. અમે આને નંબર વન પાર્ટી બનાવવા માગીએ છીએ. કેટલાક મને કબડ્ડી ખેલાડી કહે છે, તો કેટલાક ચેસના ખેલાડી; તેથી હું કહેવા માગુ છું કે,રમતગમતમાં રાજકારણ ન લાવો, અને રાજકારણને

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈનો ‘આ’ મુખ્ય રસ્તો 30 સપ્ટેમ્બર સુધી રોજ રાત્રે રહેશે બંધ

મુંબઈઃ મુંબઈ મેટ્રો લાઈન-૪ (વડાલા-થાણે)ના શાંગ્રીલા મેટ્રો સ્ટેશનના નિર્માણ માટે ભાંડુપ અને મુલુંડ વિસ્તારોમાં ટ્રાફિકમાં નોંધપાત્ર ફેરફારો લાગુ કરવામાં આવ્યા છે. મુંબઈ ટ્રાફિક પોલીસ દ્વારા જારી કરાયેલા એક જાહેરનામા અનુસાર, ભાંડુપ પશ્ચિમમાં ડૉ. કલ્પના ચાવલા ચોક (ભાંડુપ પોલીસ સ્ટેશન પાસે) અને સોનાપુર જંકશન વચ્ચેનો લાલ બહાદુર શાસ્ત્રી (એલબીએસ) રોડ છઠ્ઠી જૂનથી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી દરરોજ રાત્રે ૧૧ વાગ્યાથી સવારે છ વાગ્યા સુધી ટ્રાફિક માટે બંધ રહેશે.

મેટ્રો પ્રોજેક્ટ માટે જરૂરી યુ, ટી અને એલ આકારના પ્રીકાસ્ટ ગર્ડર્સના ઇન્સ્ટોલેશન અને ક્રેન અને મલ્ટી-એક્સલ ટ્રેઇલર્સ જેવી ભારે મશીનરીના સલામત પરિવહનને સુનિશ્ચિત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગર્ડર ઇન્સ્ટોલેશન કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી આ રૂટ પર બંને દિશામાં બિન-આવશ્યક ટ્રાફિક પર પ્રતિબંધો અમલમાં રહેશે. જોકે, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ વાહનો અને અન્ય કટોકટી વાહનોને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે.

ટ્રાફિકની સુગમતા માટે વૈકલ્પિક માર્ગો પણ નક્કી કરવામાં આવ્યા છે. કાંજુરમાર્ગ અને ભાંડુપથી મુલુંડ અને થાણે તરફ જતા વાહનોને ભાંડુપ વિલેજ રોડ, બાલકૃષ્ણ તાતોજીરાવ શિંદે ચોક અને સુભાષ નગર રોડ તરફ ડાયવર્ટ

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ મેટ્રો એક્વા લાઈનના પ્રવાસીઓને રાહતઃ આરેથી વરલી સુધી મોબાઈલ નેટવર્ક સેવા શરૂ

મુંબઈઃ મુંબઈગરાઓ માટે રાહતના સમાચાર આવ્યા છે. મુંબઈની સૌથી પહેલી અંડરગ્રાઉન્ડ એક્વા લાઈનમાં આરે જેવીએલઆરથી આચાર્ય અત્રે ચોક વચ્ચે મોબાઈલ નેટવર્કની સેવાઓ સત્તાવાર રીતે શરૂ કરવામાં આવી છે. મુંબઈ મેટ્રોના અંડરગ્રાઉન્ડ પર આરે જેવીએલઆરથી આચાર્ય અત્રે ચોક વચ્ચે મોબાઈલ કનેકટિવિટી શરૂ થઇ ચુકી છે. આગામી સમયમાં આ સેવા સાયન્સ સેન્ટરથી કફ પરેડ સુધી લંબાવવામાં આવશે.

મુંબઈગરાઓ માટે મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. બે ટેલિકોમ ઓપરેટરોએ ગુરાવારે સવારે મુંબઈ મેટ્રો સેવાની એક્વા લાઈનના ૧૬ સ્ટેશનમાં મોબાઈલ નેટવર્ક ફરીથી જોડવાની જાહેરાત કરી હતી. એરટેલની કનેક્ટિવિટી હવે આરે જેવીએલઆરથી બીકેસી સુધીના ૧૦ મેટ્રો સ્ટેશન પર સક્રિય થઇ ચુકી છે. આરે જેવીએલઆરથી આચાર્ય અત્રે ચોક એમઆઇડીસી અંધેરી, મરોલ નાકા, સીએસએમઆઈ એરપોર્ટ ટી-ટૂ, સહારા રોડ, સીએસએમઆઇ એરપોર્ટ ટી-વન, સાંતાક્રુઝ, બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી), ધારાવી, શીતળા દેવી મંદિર, દાદર, સિદ્ધિવિનાયક અને વરલી સહિત દરેક સ્ટેશનોમાં મોબાઈલ નેટવર્ક સેવા શરૂ કરી દેવામાં આવી છે. અમુક સપ્તાહમાં આ મેટ્રો લાઈન સેવા સાયન્સ સેન્ટરથી કફ પરેડ વચ્ચે શરૂ થઇ જશે. ■

# મહાયુતિનું ટેન્શન બરકરાર નાશિકમાં ગીતેની આખરે પીછેહઠ, પણ જળગાંવમાં રેશ્મા કાળે માની નથી રહ્યા

મુંબઈઃ જલગાંવ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાના વિધાનસભા પરિષદની ચૂંટણીને લઈને મહાયુતિ ગઠબંધનમાં આંતરિક બળવાને કારણે સર્જાયેલ કટોકટી વધુ તીવ્ર બની છે. શિવસેના (શિંદે જૂથ)ના બળવાખોર ઉમેદવાર રેશ્મા કાલેએ કોઈપણ સંજોગોમાં પીછેહઠ નહીં કરવાનો દઢ નિર્ધાર કર્યો છે. આનાથી જળગાંવમાં મહાયુતિના સત્તાવાર ઉમેદવાર નંદકિશોર મહાજન માટે મુશ્કેલીઓ વધી ગઈ છે.

નાશિકમાં ગોકુલ ગીતેએ પીછેહઠ કર્યા બાદ રાજકીય વર્તુળોમાં એવી અટકળો ચાલી રહી હતી કે જળગાંવથી રેશ્મા કાળે પણ પીછેહઠ કરશે. જોકે, રેશ્મા કાળેએ આ અટકળો પર પાણી ફેરવી દીધું છે. તાજેતરમાં મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે, ‘તેઓ શિવસેનાના નેતૃત્વ અને મુખ્ય નેતા એકનાથ શિંદે સાથે ચર્ચા કર્યા પછી જ અંતિમ નિર્ણય લેશે. ત્યાં સુધી તેમની ઉમેદવારી અકબંધ

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્ર એસટી કામદાર સમિતિની આંદોલનની ચીમકી

મુંબઈ : મહારાષ્ટ્ર એસટી વર્કર્સ જોઈન્ટ એક્શન કમિટીએ ફરી એકવાર આંદોલનની ચીમકી આપી છે. સમિતિએ ૨૯ જૂનથી રાજ્યભરમાં અનિશ્ચિત સમય માટે ધરણા અને ’ચક્કા જામ’ (રસ્તા રોકો) કરવાની જાહેરાત કરી છે. પરિણામે ચોમાસાની ઋતુમાં ‘લાલપરી’ તરીકે ઓળખાતી એસટી બસ સેવાઓ ખોરવાઈ જવાની પ્રબળ સંભાવના છે.

૧૧ જૂન, ૨૦૨૬ ના રોજ, પ્રધાન અને એસટી (રાજ્ય પરિવહન) કામદાર સંગઠનોનું પ્રતિનિધિત્વ કરતી સંયુક્ત કૃતિ સમિતિ વચ્ચે મુંબઈમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન, પડતર આર્થિક બાબતો અને એસટી કામદારોના હિતોને લગતા મુદ્દાઓ અંગે ઉગ્ર આંદોલન શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ચોમાસુ સત્ર દરમ્યાન, ૨૯ જૂન, ૨૦૨૬થી મુંબઈમાં કેન્દ્રીય કાર્યાલય તેમજ તમામ વિભાગીય કાર્યાલયો અને કેન્દ્રીય કાર્યશાળાઓ પર અનિશ્ચિત સમય માટે ધરણા પ્રદર્શન કરવામાં આવશે. કૃતિ સમિતિએ સરકાર પાસે એસટી કર્મચારીઓના નાણાકીય પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ લાવવાની માગણી કરી છે. ■

# એસીમાં લાગેલી આગને કારણે ગૂંગળામણઃ ચાર સિનિયર સિટિઝન સહિત આઠને અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જૂહુની ઈમારતના એક ફ્લેટના ઍર કન્ડિશનરમાં આગ લાગતાં ગૂંગળામણને કારણે ચાર સિનિયર સિટીઝન સહિત આઠ રહેવાસીને હૉસ્પિટલ લઈ જવા પડ્યા હતા. બે જણને પ્રાથમિક સારવાર બાદ હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી, જ્યારે છ જણને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

મુંબઈ મહાપાલિકાના ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના અધિકારીના જણાવ્યા મુજબ વિલેપાર્લે પશ્ચિમમાં જેવીપીડી રોડ નંબર-૧૨ પર આરોગ્ય નિધિ હૉસ્પિટલ નજીકની ૧૧ માળની મનીષા બિલ્ડિંગમાં આગની ઘટના બની

(જુઓ પાનું ૪) ▸▸

# કલ્યાણમાં બે જૂથ વચ્ચેની અથડામણમાં ગોળીબારઃ યુવક ઘાયલ

થાણેઃ થાણે જિલ્લાના કલ્યાણમાં રાતના બે હરીફ જૂથ વચ્ચે થયેલી અથડામણ દરમિયાન થયેલા ગોળીબારમાં ૩૪ વર્ષના યુવકને ઇજા થઇ હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે કલ્યાણના ખડેગોળવલી વિસ્તારમાં બુધવારે રાતે ૧૧ વાગ્યે બનેલી આ ઘટના બાદ બે સગીર સહિત સાત જણને તાબામાં લેવાયા હતા.

કોલસેવાડી પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા મુજબ બે જૂથ વચ્ચે થયેલી સામાન્ય દલીલ અથડામણમાં પરિણમી હતી. અથડામણ દરમિયાન એક જૂથના સભ્યએ બીજા જૂથ પર ગોળીબાર કર્યો હતો. રાહુલ વર્મા નામના યુવકને ગોળી વાગતાં તે ઘાયલ થયો હતો. રાહુલને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

## ‘દીકરીનું હિત તેની માતા સાથે રહેવામાં છે’

# જાતીય અત્યાચારનો ભોગ બનેલી દીકરીની કસ્ટડી હત્યાની આરોપી માતાને સોંપતા હાઇ કોર્ટે નોંધ્યું

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે એક ૧૨ વર્ષની છોકરીને તેની માતાને સોંપી દીધી. આ છોકરી પર તેના કાકા દ્વારા કથિત રીતે જાતીય અત્યાચાર કરવામાં આવ્યો હતો. માતા પર પ્રેમીની મદદથી તેના પતિની હત્યા કરવાનો આરોપ છે. જોકે, હાઈ કોર્ટનું કહેવું છે કે આ નિર્ણય બાળકના હિતમાં છે. આ છોકરી તેના પિતાના હત્યા કેસમાં મુખ્ય સાક્ષી પણ છે.

મંગળવારે આપવામાં આવેલા આદેશમાં ન્યાયમૂર્તિ સારંગ કોટવાલ અને ન્યાયમૂર્તિ આશિષ ચવ્હાણની ખંડપીઠે જણાવ્યું હતું કે ગયા વર્ષે માતાની ધરપકડ બાદ બાળકી તેના પિતાના સગા પાસે રહેતી હતી ત્યારે તેના કાકાએ તેના પર કથિત રીતે જાતીય અત્યાચાર કરવામાં આવ્યો હોવાથી દીકરીને માનસિક સાંત્વના મળે એ માટે એ માતા સાથે રહે એ એના હિતમાં છે. પોલીસે પતિની હત્યાના આરોપમાં ધરપકડ કર્યા બાદ મહિલાએ કાકી સાથે રહેતી પુત્રીની કસ્ટડી મેળવવા અરજી કરી હતી. અદાલતે નોંધ્યું હતું કે પુત્રી હત્યા કેસમાં મુખ્ય સાક્ષી હોવા છતાં પોતાની માતા સાથે રહેવા માગતી હતી. ગયા વર્ષે ઓગસ્ટમાં મહિલાની તેના પતિની હત્યા કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. આ વર્ષે જાન્યુઆરીમાં હાઈ કોર્ટે તેને જામીન આપ્યા હતા. જામીનની એક શરત એ હતી કે તે તેની સામેના કેસમાં કોઈપણ સાક્ષીનો સંપર્ક કરશે નહીં. હાઈ કોર્ટે નોંધ્યું કે બાળકીનું તેની માતા સાથે રહેવું તેના હિતમાં રહેશે અને બાળકની કસ્ટડી તેને સોંપવામાં આવી હતી. (પીટીઆઈ)■

# પાંચ વર્ષ અગાઉ અકસ્માતમાં મૃત્યુ પામેલા યુવકની ખરેખર તો હત્યા થયેલીઃ ચાર પકડાયા

## સિંધુદુર્ગની હૉટેલમાં હત્યા કરીને યુવકને બાઈક સાથે ખીણમાં ફેંકી દીધોઃ પોલીસ એક્સિડન્ટ સમજી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાંચ વર્ષ અગાઉ સિંધુદુર્ગની કણકવલી પોલીસને ફોંડા ઘાટની ખીણમાંથી યુવકનો કોહવાયેલો મૃતદેહ અને તેની બાઈક મળી આવી હતી. યુવક અકસ્માતે ખીણમાં પડીને મૃત્યુ પામ્યો હોવાનું તે સમયે પોલીસે માન્યું હતું, પરંતુ હાલમાં જ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે ચાર શકમંદને તાબામાં લઈ પૂછપરછ કરતાં આંચકાજનક માહિતી સામે આવી હતી. એ યુવક અકસ્માતે મર્યો નહોતો, સિંધુદુર્ગની હૉટેલમાં હત્યા બાદ તેના મૃતદેહને બાઈક સાથે ખીણમાં ફેંકવામાં આવ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૭ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીઓની ઓળખ સુરેન્દ્ર ચંદ્રહાસ સોનાવડેકર, મનોજ નારાયણ ભંડગે, અતિશ ભગવાન મોરે અને ઋતુરાજ શેટ્ટી તરીકે થઈ હતી. ચારેય આરોપીને વધુ તપાસ માટે કણકવલી પોલીસને સોંપાયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ડિસેમ્બર, ૨૦૨૧માં બનેલી ઘટનામાં અશપાક ઉર્ફે નિહાલ રાજવલ્લી મુલાની (૨૫)ની હત્યા કરવામાં આવી હતી. સોલાપુરના માળશિરસ ખાતે રહેતા અશપાકનો કોહવાયેલો મૃતદેહ વીસેક દિવસ પછી સિંધુદુર્ગના ફોંડા ઘાટની ખીણમાંથી મળી આવ્યો હતો. મૃતદેહ નજીક બાઈક અને એક બૅગ પડી હતી. બૅગમાંની નોટબુકમાં મુલાનીનું નામ લખ્યું હતું, જેને આધારે તેની ઓળખ થઈ હતી.

તે સમયે કણકવલી પોલીસની પ્રાથમિક તપાસમાં જણાયું હતું કે અશપાક બૅન્ક લોનના કામ નિમિત્તે નિયમિત રીતે પુણે, કોલ્હાપુર, સિંધુદુર્ગ અને મુંબઈ જતો હતો. કણકવલીથી કોલ્હાપુર જતી વખતે તેની બાઈક ફોંડા ઘાટના એક વળાંક પાસે રસ્તાની સુરક્ષા દીવાલ સાથે ભટકાયા બાદ ખીણમાં પડી હતી. ઘટના

(જુઓ પાનું ૪) ▸▸

# હાઇ અલર્ટ! વૈભવ સૂર્યવંશી ફરી બાઉન્સરમાં આઉટ: ઇન્ડિયા-એ હારી ગયું

દામ્બુલાઃ ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી હાલમાં ક્રિકેટજગતનો નંબર-વન સેન્સેશનલ ખેલાડી છે અને તેને વહેલો આઉટ કરવા માટે હરીફ ટીમોના બોલર્સ કોઈ કસર બાકી નથી રાખતા અને એમાં ગુરુવારે દામ્બુલાના ત્રિપાંખિયા જંગમાં અફઘાનિસ્તાનના બાવીસ વર્ષીય પેસ બોલર અબદોલ્લા અહમદઝાઈએ સફળતા મેળવી હતી. વૈભવ પોતાના ૪૪ રનના સ્કોર પર અહમદઝાઈના ઑફ સ્ટમ્પની બહારના બાઉન્સરમાં કૅચ આપી બેઠો હતો. ભારત આ મૅચમાં વરસાદના વિઘ્ન બાદ ડકવર્થ-લુઇસ મેથડ મુજબ ચાર રનથી પરાજિત થયું હતું. વૈભવે તાજેતરમાં આઇપીએલમાં પણ બે વખત બાઉન્સરમાં વિકેટ ગુમાવી હતી તેણે બાઉન્સરનો સામનો કરવા વિશેની કચાશ દૂર કરવી પડશે. તેણે અહમદઝાઈના બૉલમાં (પોતાના બાવીસમાં બૉલ પર) આઉટ થતાં પહેલાં ૨૧ બૉલમાં નવ ચોગ્ગાની મદદથી ૪૪ રન બનાવ્યા હતા. તેની અને સાથી ઓપનર પ્રભસિમરન સિંહ (૮૪ રન) વચ્ચે ૭૪ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. કૅપ્ટન તિલક વર્મા તથા વાઇસ-કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડે ૬૬-૬૬ રન બનાવ્યા હતા. ઇન્ડિયા-એનો સ્કોર વરસાદને કારણે ૪૯મી ઓવરમાં ૯/૩૪૯ના સ્કોર પર સમાપ્ત જાહેર કરાયો ત્યાર બાદ અફઘાનિસ્તાન-એ ટીમને જીતવા ૨૫.૫ ઓવરમાં ૧૭૪ રન બનાવવા કહેવામાં આવ્યું હતું. અફઘાનિસ્તાને ૨૫.૫ ઓવરમાં ૨/૧૭૭ના સ્કોર સાથે વિજય મેળવી લીધો હતો. ■

# ૨૦૨૭નો વન-ડે વર્લ્ડ કપ ૪ ઑક્ટોબરથી ૨૧ નવેમ્બર સુધી રમાશેઃ વિરાટ-રોહિત રમશે?

નવી દિલ્હીઃ ૨૦૨૭નો મેન્સ વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૭માં ચોથી ઑક્ટોબરથી ૨૧મી નવેમ્બર સુધી રમાશે એવું કામચલાઉ પદ્ધતિ મુજબ નક્કી કરવામાં આવ્યું છે. આ વિશ્વ કપ સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં રમાશે. મે મહિનામાં અમદાવાદમાં આઇપીએલની ફાઇનલ વખતે આઇસીસીએ આ નક્કી કર્યું હોવાનું મનાય છે. વિરાટ અને રોહિત આ વર્લ્ડ કપમાં રમવા માગે છે અને તેમના કરોડો ચાહકો પણ ઇચ્છે છે કે તેઓ હમણાં નહીં, પણ આ મેગા ટૂર્નામેન્ટમાં રમ્યા પછી જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી વિદાય લે. ■

# દ્રવિડનો પુત્ર ભારતની અન્ડર-૧૯ ટીમમાં

## એક ગુજરાતી ખેલાડી પણ સામેલ

નવી દિલ્હીઃ આગામી જુલાઈમાં ભારતની જે મેન્સ અન્ડર-૧૯ ટીમ ત્રણ વન-ડે તેમ જ એક કરતાં વધુ દિવસવાળી બે મૅચ રમવા માટે શ્રીલંકાના પ્રવાસે જશે અને એ ટીમમાં ભારતના ક્રિકેટ-લેજન્ડ રાહુલ દ્રવિડના પુત્ર અન્વય દ્રવિડ તેમ જ કેટલાક ગુજરાતી ખેલાડીઓનો સમાવેશ છે.

અન્વય રાહુલ દ્રવિડ ૧૭ વર્ષનો છે. તે વિકેટકીપર-બૅટ્સમૅન છે અને અફઘાનિસ્તાન-એ ટીમ સામે એક મૅચ રમી ચૂક્યો છે જેમાં તેણે બે કૅચ ઝીલ્યા હતા.

શ્રીલંકાના પ્રવાસ માટેની અન્ડર-૧૯ ટીમનું નેતૃત્વ યશબર્ધન સિંહ ચૌહાણ સંભાળશે અને લક્ષ્ય રાયચંદાની ટીમનો વાઇસ-કૅપ્ટન છે. આ પ્રવાસમાં શ્રીલંકા અન્ડર-૧૯ ટીમ સામે જે વન-ડે સિરીઝ રમાશે એની ટીમમાં અન્વય દ્રવિડને સમાવવામાં આવ્યો છે. કાવ્ય પરેશ પટેલ નામના ગુજરાતી ખેલાડીને બન્ને ટીમમાં સામેલ કરાયો છે.

ભારતની અન્ડર-૧૯ વન-ડે ટીમઃ યશબર્ધન સિંહ ચૌહાણ (કૅપ્ટન), લક્ષ્ય રાયચંદાની (ઉપ-કૅપ્ટન), સાગર વિર્ક, વિનીત વીકે, અર્જુન રાજપૂત, કુશાગ્ર ઓઝા, રજત બાઘેલ (વિકેટકીપર), અન્વય રાહુલ દ્રવિડ (વિકેટકીપર), અનમોલજીત સિંહ, વુતકુરી યશવીર ગૌડ, રોહિત યાદવ, શવિન વી., કાવ્ય પરેશ પટેલ, મોહિત ઉલવા અને ઇશાન સૂદ. ■




# વર્લ્ડ કપમાં ભાઈઓની સાત જોડી

ન્યૂ જર્સીઃ મોટા ભાગની રમતોના વર્લ્ડ કપ રમાતા હોય છે જેમાં ફૂટબૉલનો ફિફા વર્લ્ડ કપ સૌથી મોટો ગણાય છે, કારણકે એની મૅચો વિશ્વના લગભગ તમામ દેશોમાં ટીવી પર જોવામાં આવે છે અને દર વખતની જેમ આ વખતે પણ એમાં કંઈક નવું, કંઈક રસપ્રદ અચૂક જોવા મળશે. આ વખતના વિશ્વ કપમાં ભાઈઓની સાત જોડી એવી છે જેઓ એક યા અલગ દેશ વતી રમશે. એમાં પણ ખાસ કરીને ચાર ભાઈઓ એવા છે જેમાંના બે એક દેશ વતી અને બીજા બે અન્ય દેશ વતી રમતા જોવા મળશે.

કુલ ૪૮ દેશ ફિફા વર્લ્ડ કપમાં ભાગ લઈ રહ્યા છે. એ રીતે આ સૌથી મોટો સૉકર વર્લ્ડ કપ છે. આ વખતે ભાઈઓની સાત જોડી એવી છે જેમાંથી ત્રણ જોડી એકસરખા દેશ વતી રમશે. એ રીતે, આ વિશ્વ કપ સ્પેશ્યલ બની રહેશે.

થીઓ હર્નાન્ડેઝ અને લુકૅસ હર્નાન્ડેઝ ફ્રાન્સ વતી રમશે, જ્યારે તેમના બે ભાઈઓ યુનિન્હો બાકુના અને લીઍન્ડ્રો બાકુના ક્યૂરસૉ નામના ટચૂકડા દેશનું પ્રતિનિધિત્વ કરશે. ૨૧ વર્ષના ડેઝીરે ડૂએની ગણના વિશ્વના શ્રેષ્ઠ મિડફીલ્ડર્સમાં થાય છે અને તે ફ્રાન્સ વતી રમવાનો છે, જ્યારે તેનો મોટો ભાઈ ગ્વેલા ડૂએ આ ટૂર્નામેન્ટમાં આઇવરી કોસ્ટ વતી રમતો જોવા મળશે. તેમના પપ્પા આઇવરી કોસ્ટના છે અને મમ્મી ફ્રેન્ચ છે. એ રીતે, બન્ને ભાઈને બેઉ દેશનું નાગરિકત્વ મળ્યું છે. બ્રાયન બૉબી નેધરલૅન્ડ્સ વતી અને તેનો ભાઈ ડેરિક લૂકાસેન ઘાનાનું પ્રતિનિધિત્વ કરશે બન્ને ભાઈ મૂળ ઘાનાના છે, પણ તેમની રાષ્ટ્રીય ટીમ ભિન્ન છે.

જૉન સૉટેર સ્કૉટલૅન્ડ વતી અને તેનો ભાઈ હૅરી સૉટેર ઑસ્ટ્રેલિયા વતી રમશે. નિકો વિલિયમ્સ સ્પેનનો ખેલાડી છે, જ્યારે તેનો ભાઈ ઇનૅકી વિલિયમ્સ ઘાનાનો છે. ■

# નોર્વેના ફૂટબૉલર્સ માટે અમેરિકા પહોંચી ગઈ ૩૦૦ કિલો માછલી, ૧૧૬ કિલો ચીઝ અને ૬,૦૦૦ સંતરા

ન્યૂ યૉર્કઃ ૨૩મા ફિફા વર્લ્ડ કપનો રોમાંચ શરૂ થઈ રહ્યો છે, તમામ ૪૮ ટીમના ખેલાડીઓ અમેરિકા, કૅનેડા અને મેક્સિકોની ધરતી પર સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે પસીનો પાડી રહ્યા છે અને ભારે સંઘર્ષ માટે તૈયારી કરી રહ્યા છે ત્યારે ૨૮ વર્ષના લાંબા સમયગાળા બાદ પહેલી વખત ફૂટબૉલના આ મહાકુંભ માટે ક્વૉલિફાય કરનારી નોર્વેની ટીમે પોતાની ફિટનેસ અને પ્રદર્શનમાં સુધારો કરવા એક અનોખું અને મોટું પગલું ભર્યું છે. નોર્વેથી ૧,૦૦૦ કિલોથી પણ વધુ પારંપારિક ભોજન સામગ્રી અમેરિકા પહોંચાડી દીધી છે.

આ પ્રચંડ ફૂડ શિપમેન્ટમાં ૧૧૬ કિલો નોર્વેની પ્રખ્યાત 'બ્રૂનોસ્ટ' ચીઝ, ૩૦૦ કિલો લાલ માછલી અને ૬,૦૦૦ સંતરા સામેલ છે. આ ભોજન નોર્વેના ખેલાડીઓને અમેરિકામાં પૂર્ણપણે ફિટ રાખવામાં તેમ જ મૅચ દરમ્યાન ઊર્જાનું ઊંચુ સ્તર બનાવી રાખવામાં મદદરૂપ થશે. ■

# ઐતિહાસિક ત્રણ ઓપનિંગ સેરેમનીઃ આજે નોરા ફતેહીનો પર્ફોર્મન્સ



ન્યૂ યૉર્કઃ ફિફા વર્લ્ડ કપની ૨૦૨૬ની ઐતિહાસિક ટૂર્નામેન્ટનો આરંભ થઈ ચૂક્યો છે જેમાં ત્રણ-ત્રણ શાનદાર ઓપનિંગ સેરેમનીની અભૂતપૂર્વ યોજના અમલમાં મુકાઈ. મેક્સિકોમાં ગઈ કાલે મોડી રાત્રે ઓપનિંગ થઈ ગયું. 'ડાઈ ડાઈ...' સોન્ગ ફેમ પૉપ સિંગર શકિરા ઉપરાંત બર્ના બૉય વગેરેના નામ સ્ટેજ આર્ટિસ્ટ્સની યાદીમાં સામેલ છે. ટોરન્ટોમાં કેનેડાની બોસ્નીયા સામેની મેચ આજે (મધરાત બાદ ૧૨.૩૦ વાગ્યાથી ) રમાશે એટલે ટૉરન્ટોની ઓપનિંગ સેરેમનીનો આરંભ આજે રાત્રે ૧૧ વાગ્યે થશે. આ ૧૩ મિનિટના શૉમાં ભારતીય એક્ટ્રેસ નોરા ફતેહી હોમટાઉન કૅનેડામાં 'સર... સર...' સોન્ગ પર પર્ફોર્મ કરશે. કેલિફોર્નિયામાં અમેરિકાની પારાગ્વે સામેની પ્રથમ મૅચ શનિવારે (વહેલી સવારે ૬.૩૦ વાગ્યે) શરૂ થશે એટલે ત્યાંની અમેરિકાની ૧૩ મિનિટની ઓપનિંગ સેરેમનીનો પ્રારંભ સવારે ૫.૦૦ વાગ્યે થશે. ■

# શું તમે આ 'સોનાલ્ડો' વિશે જાણો છો?

## વર્લ્ડ કપની ટિકિટોના ભાવ જાણવા છે?

* વર્ષોથી ફૂટબૉલની વાત થાય ત્યારે રોનાલ્ડોનું નામ અચૂક સંભળાય અને જેમને આ રમતમાં રુચિ હશે કે નહીં હોય, તેઓ પોર્ટુગલના આ સુપરસ્ટારના નામથી પરિચિત હશે જ, પરંતુ 'સોનાલ્ડો' નામ પણ ફૂટબૉલ જગતમાં ચર્ચામાં છે એની કેટલાકને જાણ નહીં હોય. સાઉથ કોરિયાના 'સોનાલ્ડો' તરીકે ઓળખાતા કૅપ્ટન સૉન હ્યુન્ગ-મિનથી ઘણા અજાણ હશે. 'સોનાલ્ડો'નો આ ચોથો વર્લ્ડ કપ છે. તે 'સોનાલ્ડો' તરીકે ફેમસ છે. મેક્સિકોના ફૂટબૉલલવર્સને સાઉથ કોરિયાનો 'સોનાલ્ડો' બેહદ પ્રિય છે. સૉન હ્યુન્ગ-મિનને રોનાલ્ડોની અપ્રતિમ પ્રતિભા જોતાં 'સોનાલ્ડો' હુલામણું નામ પસંદ નથી.

* વર્લ્ડ કપની લીગ મૅચોનો એક ટિકિટનો ઓછામાં ઓછો ભાવ ૧૪૦ ડૉલર (અંદાજે ૧૩,૪૦૨ રૂપિયા) છે. સત્તાધીશો કહે છે કે ટિકિટનો સરેરાશ ભાવ ૫૦૦ ડૉલર (૪૭,૮૬૩ રૂપિયા) છે. ફાઇનલ માટેની ટિકિટના ભાવ વિશે વિવાદ થયો હતો. ફિફાએ ૧૯મી જુલાઈએ ન્યૂ જર્સીમાં રમાનારી ફાઇનલ માટે શરૂઆતમાં એક રેગ્યુલર સીટનો ભાવ ૮,૬૮૦ ડૉલર (૮,૩૦,૭૯૬ રૂપિયા) રાખ્યો હતો. પછીથી ફિફાએ એક સીટ દીઠ ભાવ વધારીને ૧૦,૯૯૦ ડૉલર (૧૦,૫૧,૮૮૩ રૂપિયા) કર્યો હતો અને ત્યાર બાદ ૩૨,૯૭૦ ડૉલર (૩૧,૫૫,૭૬૦ રૂપિયા) કરીને સનસનાટી મચાવી દીધી હતી. જોકે વિવાદ ચરમસીમાએ પહોંચતાં ફિફાએ ૪૮માંથી દરેક દેશના ફૂટબૉલ ફેડરેશનને તેમના સપોર્ટર્સ માટે ૬૦ ડૉલર (૫,૭૪૩ રૂપિયા)વાળી કેટલીક કૉમ્પ્લિમેન્ટરી ટિકિટો ઑફર કરી. ■

# વિમ્બલ્ડનના ખેલાડીઓએ બહિષ્કારની ધમકી આપતાં ઇનામમાં કરોડો રૂપિયા વધ્યાં!

## સિંગલ્સનો તાજ જીતનારના ૯.૨૦ કરોડ રૂપિયા વધી ગયા!

લંડનઃ ટેનિસ જગતની ચારેય ગ્રૅન્ડ સ્લૅમમાં વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપ સૌથી મોટી અને સૌથી લોકપ્રિય ગણાય છે અને એમાં હવે ખેલાડીઓને અગાઉ કરતાં વધુ ઇનામી રકમ મળશે. આયોજકોએ કુલ ઇનામી રકમમાં તેમ જ સિંગલ્સમાં ચૅમ્પિયન બનનાર (પુરુષ તથા મહિલા) ખેલાડી માટેની ઇનામી રકમમાં ૨૦ ટકાનો વધારો કર્યો છે. ખેલાડીઓએ આ રકમ ઘણી વધારી આપવા ચૅમ્પિયનશિપના બહિષ્કારની ધમકી આપી હતી જેને પગલે આ નિર્ણય લેવાયો છે. વિમ્બલ્ડન સ્પર્ધાનો આરંભ ૨૯મી જૂને થશે. ઇનામની કુલ રકમમાં મોટો વધારો કરાયો છે અને આ વખતે રમાનારી વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપમાં કુલ ૮૫.૮ મિલિયન ડૉલર (અંદાજે ૮૨૨ કરોડ રૂપિયા)ના ઇનામ આપવામાં આવશે.

જે પુરુષ કે મહિલા ખેલાડી આ વખતે વિમ્બલ્ડનનો સિંગલ્સનો તાજ જીતશે તેને ઇનામમાં ૪.૮ મિલિયન ડૉલર (૪૬ કરોડ રૂપિયા) મળશે. આ રકમ ગયા વર્ષ કરતાં ૨૦ ટકા (૯.૨૦ કરોડ રૂપિયા) વધુ છે. ફ્રેન્ચ ઓપન પહેલાં વર્લ્ડ નંબર-વન મહિલા ખેલાડી અરીના સબાલેન્કાએ જાહેરમાં કહ્યું હતું કે 'જો વિમ્બલ્ડન સહિતની ચારેય ગ્રૅન્ડ સ્લૅમના આયોજકો ઇનામી રકમમાં ધરખમ વધારો ન કરે તો ખેલાડીઓએ બહિષ્કાર કરવો જોઈએ.' પુરુષોના નંબર-વન યાનિક સિનરે તેમ જ અન્ય ટોચના ખેલાડીઓએ સબાલેન્કાની માગણીને ટેકો આપ્યો હતો. આ ધમકીને પગલે વિમ્બલ્ડનની માલિકી ધરાવતી ઑલ ઇંગ્લૅન્ડ ક્લબે વિચારણા કરી અને ઇનામની રકમ ખૂબ વધારી આપી છે અને ક્લબનાં મહિલા અધ્યક્ષ દેબોરા જેવાન્સે કહ્યું છે કે 'આશા રાખું છું કે ખેલાડીઓને આ વધારેલી ઇનામી રકમથી ખુશ હશે. અમે મોટી રકમ વધારી આપી છે.' ■

---




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી – ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दागना | ન્યાય |
| दादुर | રાક્ષસ |
| दानव | સળગાવવું |
| दाम | દેડકો |
| दाद | પૈસા |

## જાણવા જેવું

પડછંદ શરીરને કારણે ફિલ્મમાં રોલ મેળવનારા અફલાતૂન ઍક્ટર જયંત (મૂળ નામ ગુલ હમીદ)નો ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પ્રવેશ મૂંગી ફિલ્મ 'સરફરોશ' (૧૯૩૦)થી થયો. ત્યારબાદ પહેલી પંજાબી ફિલ્મ 'હીર રાંઝા'માં પણ તેમણે કામ કર્યું. 'યહૂદી કી લડકી'માં હતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે બહુમાન મેળવનાર પ્રથમ ભારતીય બોલપટ 'સીતા' સહિત અનેક ફિલ્મોમાં તેમણે કામ કર્યું હતું.

## ગુજરાત મોરી મોરી રે

પન્નાલાલ પટેલની પ્રસિદ્ધ નવલકથા પરથી બનેલી નૅશનલ એવૉર્ડ મેળવનારી ફિલ્મ 'કંકુ'માં મુખ્ય ભૂમિકા કોણે કરી હતી એ જણાવો.

અ) સરિતા જોશી બ) અરુણા ઈરાની ક) પલ્લવી મહેતા ડ) ઝંખના દેસાઈ

## નોંધી રાખો

પહેલી જેમ્સ બોન્ડ ફિલ્મ 'ડો. નો' (૧૯૬૨)થી દરેક ફિલ્મમાં શોં કોનરીએ ટુપે તરીકે ઓળખાતી કૃત્રિમ વાળ રચના – વિગ પહેરી હતી.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | | ૬ | ૭ |
| ૮ | | | ■ | ૯ | | | ■ | ૧૦ | |
| | ■ | | ■ | | ■ | ૧૧ | ૧૨ | ■ | |
| ■ | ૧૩ | ■ | ૧૪ | | | ■ | ૧૫ | ૧૬ | ■ |
| ■ | ૧૭ | | | | ■ | ૧૮ | ■ | ૧૯ | |
| ૨૦ | | ■ | | ■ | ૨૧ | | | | ■ |
| ■ | ૨૨ | ૨૩ | ■ | ૨૪ | | | | | ■ |
| ૨૫ | ■ | ૨૬ | ૨૭ | ■ | | | ૨૭અ | ■ | ૨૮ |
| ૨૯ | ૩૦ | ■ | ૩૧ | | | ■ | ૩૨ | ૩૩ | |
| ૩૪ | | | | ■ | ૩૫ | | | | |

### આડી ચાવી

૧. ખોડખાંપણ, કોઈ ને કોઈ વિરોધનું કારણ (૫)
૫. બંદોબસ્ત, જોગવાઈ (૪)
૮. --- સૌથી બળવાન છે (૩)
૯. ગીની, સિક્કો (૩)
૧૦. વિશ્વ, દુનિયા (૨)
૧૧. લાખ (૨)
૧૪. રાશ (૩)
૧૫. --- ન --- મેં તેરા મહેમાન (૨)
૧૭. બારોબાર (૪)
૧૯. નાકની નથ (૨)
૨૦. એક ને ગોળ અને એક ને--- (૨)
૨૧. આનંદનો ઉછાળો (૪)
૨૨. મહેણું, ટોણો (૨)
૨૪. મુશ્કેલ, અઘરું (૩)
૨૬. આનંદ, લહેર (૨)
૨૯. લીટી (૨)
૩૧. દરકાર, કાળજી (૩)
૩૨. સમત્વ, સરખાપણું (૩)
૩૪. વાટવાનો પથ્થર (૪)
૩૫. પેદા કરનાર ઈશ્વર (૫)

### ઊભી ચાવી

૧. બંસરી (૩)
૨. દેવસ્થાન કે તીર્થ (૨)
૩. ઉંમરલાયક (૩)
૪. મોહક (૪)
૫. જલદી ઊડી જાય તેવું, અસ્થિર (૩)
૬. વિદ્યુત (૨)
૭. અતિ મુશ્કેલ કે મોટું કામ, યજ્ઞ (૩)
૧૨. વીરનું ભૂષણ (૨)
૧૩. ચંચળતા, ચાલાકી (૪)
૧૪. જૂઠાડું (૩)
૧૬. નવું આવેલું (૪)
૧૮. થોડી ઊંડાઈવાળું (૩)
૨૧. પાણીના વહનની વિરુદ્ધ દિશાએ (૫)
૨૩. નવમી તિથિ (૨)
૨૫. ઘાટીલું, પ્રમાણસર (૩)
૨૭. પાકો બંદોબસ્ત (૩)
૨૭અ. બેસવાની જગા (૩)
૨૮. એક તંતુ વાદ્ય (૩)
૩૦. ચામડી (૨)
૩૩. મોટું (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ પ | રિ | ૨ દું | ■ | ■ | ૩ આ | ૪ રો | વા | ૫ રો |
| ૬ મો | દ | ■ | ૭ દ | ધિ | ■ | ૮ યુ | ગ | ■ | ચ |
| ■ | ૯ ભ્ર | ૧૦ મ | ■ | ■ | ૧૧ સ | વૅ | ■ | ૧૨ ધ | ક |
| ૧૩ સ્પ | ષ્ટ | તા | ■ | ૧૪ કે | ■ | દ | ■ | ર | ■ |
| ■ | ■ | ૧૫ પ્ર | હે | શ | ■ | ■ | ૧૬ રા | વ | ટી |
| ૧૭ ત | ૧૮ બા | હી | ■ | ■ | ૧૯ આ | રો | હ | ■ | ■ |
| ■ | વ | ■ | ૨૦ અ | ■ | રો | ■ | ૨૧ બ | ૨૨ ખો | લ |
| ૨૩ આ | ફ્ર | ■ | ૨૪ લ | ક્ષ્ય | ■ | ■ | ૨૫ ર | ત | ■ |
| વા | ■ | ૨૬ ખ | મા | ■ | ૨૭ સ | ૨૮ મો | ■ | ૨૯ ર | વ |
| ૩૦ સ | વોં | પ | રી | ■ | ■ | ૩૧ ત | ર | ણી | ■ |

## ઓળખાણ પડી?



તાજેતરમાં સદેહે વિદાય લેનારાં ગાયિકા સુમન કલ્યાણપુરે કઈ ફિલ્મમાં યુગલ ગીત ગાયું છે જે ગીત લતા મંગેશકરના સ્વરમાં સોલો સૉન્ગ છે.

અ) મમતા બ) શગુન ક) દિલ ને ફિર યાદ કિયા ડ) દિલ એક મંદિર

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

કઈ હિન્દી ફિલ્મમાં મશહૂર જોડી ધર્મેન્દ્ર – હેમા માલિનીએ કેવળ એક ગીત પૂરતી મહેમાન કલાકારની ભૂમિકા કરી હતી એ જણાવો.

અ) ચરસ બ) નયા જમાના ક) જમાઈ રાજા ડ) છોટી સી બાત

## માઈન્ડ ગેમ

અનેક હિન્દી ફિલ્મોમાં અવિસ્મરણીય ધૂન બનાવનારા એસ. ડી. બર્મને કઈ ફિલ્મમાં ગાયકની જવાબદારી પણ સંભાળી હતી?

અ) ચલતી કા નામ ગાડી બ) બાત એક રાત કી ક) તીન દેવિયાં ડ) ગાઈડ

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | ૬ | | | ૭ | | ૩ | |
| ૩ | ૨ | ૭ | ૪ | | | ૯ | | |
| | | | | | | | ૧ | |
| ૯ | | | ૭ | | | | ૨ | |
| ૮ | | | ૩ | | ૧ | | | ૯ |
| | ૬ | | | | ૯ | | | ૧ |
| | ૮ | | | | | | | |
| | | ૩ | | | ૪ | ૮ | ૯ | ૭ |
| | ૭ | | ૮ | | | ૬ | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૪ | ૨ | ૮ | ૩ | ૬ | ૭ | ૯ |
| ૩ | ૬ | ૨ | ૯ | ૭ | ૧ | ૫ | ૮ | ૪ |
| ૭ | ૯ | ૮ | ૫ | ૪ | ૬ | ૩ | ૨ | ૧ |
| ૨ | ૭ | ૧ | ૮ | ૩ | ૪ | ૯ | ૬ | ૫ |
| ૯ | ૮ | ૬ | ૧ | ૫ | ૨ | ૪ | ૩ | ૭ |
| ૫ | ૪ | ૩ | ૭ | ૬ | ૯ | ૮ | ૧ | ૨ |
| ૮ | ૩ | ૯ | ૪ | ૨ | ૭ | ૧ | ૫ | ૬ |
| ૬ | ૧ | ૭ | ૩ | ૯ | ૫ | ૨ | ૪ | ૮ |
| ૪ | ૨ | ૫ | ૬ | ૧ | ૮ | ૭ | ૯ | ૩ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| दवात | ખડિયો |
| दाहिना | જમણું |
| दास्तान | વૃતાંત |
| दाह | બળતરા |
| दाखिला | પ્રવેશ |

**ગુજરાત મોરી મોરી રેઃ** બચુની બહેનપણી

**ઓળખાણ પડી?** મીનાક્ષી શેષાદ્રી

**માઈન્ડ ગેમ :** ઝુક ગયા આસમાન

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ઉત્સવ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભારતી બુચ (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભામિની સંપટ (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) વિપીન શાહ (૧૦) ભરત કજરિયા (૧૧) હર્ષા મહેતા (૧૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૩) મીનળ કાપડિયા (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મહેશ સંઘવી (૧૬) નૂતન વિપીન શાહ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) ભાવના કર્વે (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) કમલ માતલિયા (૨૫) ખુશરૂ કાપડિયા (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) અંજુ ટોલિયા (૨૮) વિણા સંપટ (૨૯) અલકા વાણી (૩૦) ડાયના સંતોકે (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) રશીક જુથાણી – ટોરંટો – કેનેડા (૩૩) અરવિંદ કામદાર (૩૪) સુભાષ મોમાયા (૩૫) પુષ્પા પટેલ (૩૬) પ્રવીણ વોરા (૩૭) મહેન્દ્ર લોઢાવિયા (૩૮) તાહેર ઔરંગાબાદવાલા (૩૯) શીરીન ઔરંગાબાદવાલા (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) ઈનાક્ષીબેન દલાલ (૪૨) હિનાબેન દલાલ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) નીતા દેસાઈ (૪૫) નિતીન જયંતીલાલ બજરિયા (૪૬) હેમાંગી કે. મારુ (૪૭) કલ્પના આશર (૪૮) નયના ગિરીશ મિસ્ત્રી (૪૯) વિરલભાઈ ઉદય શેઠ (૫૦) મહેશ દોશી

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૧૮૧ જવાબ ૧) અંકુશ – નાના પાટેકર ૨) સીમા – બલરાજ સાહની ૩) ગુડ્ડી – સુમિત ભાંજા ૪) ગોપી – દિલીપ કુમાર ૫) પુકાર – અનિલ કપૂર ૬) દો આંખે બારહ હાથ – વી. શાંતારામ ૭) મૈં ચૂપ રહૂંગી – સુનિલ દત્ત

ક્વિઝ ૧૮૨ ૧) પતિ પત્ની ૨) મૈં મેરી પત્ની ઔર વો ૩) મેરા પતિ સિર્ફ મેરા હૈ ૪) પતિ પત્ની ઔર તવાયફ ૫) પતિ પત્ની ઔર વો ૬) પતિ પરમેશ્વર ૭) સૌતેલા પતિ

# મેટિની


કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# સરસ્વતીચંદ્રઃ ઉત્તમ સાહિત્યકૃતિ પરથી ઉમદા ફિલ્મ

## ગોવર્ધનરામ ત્રિપાઠીની અનન્ય નવલકથાના સવાસો વર્ષની ઉજવણી નિમિત્તે હિન્દી ફિલ્મ ‘સરસ્વતીચંદ્ર’ની સ્મૃતિ લટાર

સરસ્વતી પુત્ર કરતાં લક્ષ્મીનંદન ઓળખ મેળવવામાં - ધરાવવામાં ગર્વ અનુભવતી ગુજરાતી પ્રજાને વિશ્વવિખ્યાત ધનિક બિઝનેસમેન ઈલોન મસ્કની અવકાશી કંપની ‘સ્પેસ એક્સ’ કંપનીના આઈપીઓનું લિસ્ટિંગ આજે (૧૨ જૂન) પ્રતિ શેર ૧૩૫ ડૉલરની ઓફર પ્રાઈસથી યુએસના નેસ્ડેક સ્ટોક માર્કેટમાં થવાનું છે એની રજેરજ જાણકારી હશે. આઈપીઓમાં શેર ન લાગે તો શું ભાવથી લેવા જોઈએ એનું પણ વિગતવાર વિશ્લેષણ કર્યું હશે. ઈલોન મસ્ક એટલે ‘ટેસ્લા’ ઈ-કારના ઉત્પાદક પાસે કેટલી મૂડી (નેટવર્થ) છે એનોય અંદાજ હશે, પણ...

... પણ આ જ ગુજરાતીઓને ગુજરાતી સાહિત્યનાં યુગપ્રવર્તક સર્જક ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની મહાનવલ ‘સરસ્વતીચંદ્ર’ ચોથા ભાગ સાથે પ્રકાશિત થઈ એના સવાસો વર્ષની ઉજવણી ગુજરાતમાં કેટલેક ઠેકાણે અનન્ય રીતે થઈ રહી છે એની રજભાર જાણકારી નહીં હોય. ‘ગોમાત્રિ’ તરીકે ઓળખાતા આ સાક્ષર કોણ એ પણ અનેક લોકો નહીં જાણતા હોય. આ પરિસ્થિતિમાં ‘સરસ્વતીચંદ્ર’ અને ગોવર્ધનરામ ત્રિપાઠી ગુજરાતી સાહિત્યની જ નહીં માતૃભાષાની અનન્ય ઘટના છે એવી ખબર હોવાની અપેક્ષા ન રખાય કારણ કે એની ઉપેક્ષા (ઉદાસીનતા) જોવા મળે છે.


‘સરસ્વતીચંદ્ર’માં નૂતન અને મનીષ

અલબત્ત, ‘મુંબઈ સમાચાર’ના જાગૃત કલારસિક વાચકોને ‘સરસ્વતીચંદ્ર’ નામની ફિલ્મ આવી હતી એની ખબર હશે એવી આશા રાખીએ તો સદંતર નિરાશા તો ન જ મળે. ‘સરસ્વતીચંદ્ર’ના સવાસો વર્ષ નિમિત્તે ૫૮ વર્ષ પહેલા આવેલી ‘સરસ્વતીચંદ્ર’ ફિલ્મની કેટલીક વાતો આજે મમળાવીએ કારણ કે નવલકથા પરથી નિર્માણ થયેલા ચિત્રપટોમાં ગુજરાતીઓનો સિંહફાળો હતો. ફિલ્મ સામયિકની જવાબદારી સંભાળી હતી એ દરમિયાન ‘સરસ્વતીચંદ્ર’ના દિગ્દર્શક ગોવિંદ સરૈયાને તેમજ સંગીતકાર કલ્યાણજી ભાઈને પાંત્રીસેક વર્ષ પહેલા મળવાનું થયું હતું. એ સમયે એમની સાથે થયેલી ‘સરસ્વતીચંદ્ર’ સંબંધિત વાતો સ્મૃતિને આધારે અને બીજી અન્ય જાણેલી સાંભળેલી કેટલીક વાત અહીં પેશ છે, જેમકે ...

ગુજરાતી નવલકથા પરથી તૈયાર કરવામાં આવેલા આ ચિત્રપટના મુખ્ય કલાકારોની યાદીમાં ગુજરાતી એક્ટરનું નામ દીવો લઈને શોધીએ તો નથી મળતું. પણ હા, ફિલ્મના દિગ્દર્શક ગુજરાતી હતા - ગોવિંદ સરૈયા. દિગ્દર્શક તરીકે તેમની આ પ્રથમ ફિલ્મ હતી. ૧૯૭૨માં તેમણે આ જ નવલકથાના બીજા ભાગ પર આધારિત ‘ગુણસુંદરીનો ઘરસંસાર’ ફિલ્મ (જુઓ ફ્લેશબેક કોલમ) બનાવી હતી. આ ફિલ્મના સંગીત દિગ્દર્શક હતા કલ્યાણજી - આણંદજી જેમના વિશે સમસ્ત ગુજરાતી પ્રજા ગર્વ અનુભવે છે. ફિલ્મના સિનેમેટોગ્રાફર હતા પારસી નરીમન ઈરાની. ગોવિંદ સરૈયા, કલ્યાણજી - આણંદજી અને નરીમન ઈરાનીને નેશનલ એવોર્ડ મળ્યા હતા. ‘સરસ્વતીચંદ્ર’ને શ્રેષ્ઠ સંગીતનો અને શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફી માટે નેશનલ એવોર્ડ મળ્યા હતા જ્યારે ‘ગુણસુંદરીનો ઘરસંસાર’ને શ્રેષ્ઠ ગુજરાતી ચિત્રપટ માટે રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત થયો હતો.

‘સાહિત્યકૃતિ પરથી ફિલ્મ બનાવવાનું ગજું ગુજરાતીઓનું નહીં, એ કુશળતા તો બંગાળીઓ પાસે જ છે’ એવા મહેણાંમાંથી ‘સરસ્વતીચંદ્ર’નું બીજ રોપાયું હતું. ‘મારે સંજીવકુમાર અને નિમ્મીને લઈ ફિલ્મ બનાવવી હતી’, ગોવિંદ ભાઈએ એ વખતે જણાવ્યું હતું, પણ ફિલ્મ શરૂ કરવામાં વિલંબ થતા સંજીવકુમારએ બી ગ્રેડની સ્ટન્ટ ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કરી દીધું હતું. ‘સરસ્વતીચંદ્ર’ શરૂ થશે એવી જાહેરાત થઈ ત્યારે સંજીવ કુમારની બદલે બંગાળી એક્ટર મનીષનું નામ જોતા સંજીવકુમાર ચોંકી ગયા. નિર્ણયમાંથી ફરી જવાનો ખુલાસો માગતા ગોવિંદ ભાઈએ તેમને સમજાવ્યું કે પોતાની ફિલ્મ એક ઊંચા દરજ્જાની સાહિત્યકૃતિ પર આધારિત છે અને એમાં સ્ટન્ટ ફિલ્મનો એક્ટર ન ચાલે. ગોવિંદભાઈએ જ્યારે ‘ગુણસુંદરીનો ઘરસંસાર’ નક્કી કરી ત્યારે સંજીવકુમારને રોલ ઓફર કર્યો ત્યારે આપણા હરિભાઈએ ‘હિન્દી ફિલ્મ સ્ટાર જો પ્રાંતીય ભાષાની ફિલ્મ કરે તો એના સ્ટેટસને અસર થાય’ એમ કહી જાણે કે જૂનો હિસાબ ચૂકતે કર્યો. અલબત્ત, ગોવિંદ સરૈયાએ ઉત્તમ સાહિત્યકૃતિ પરથી કેવું ઉમદા ચિત્ર બનાવી શકાય એ પુરવાર કરી આપ્યું હતું.

નૂતનની કામ પ્રત્યેની નિષ્ઠાનો એક કિસ્સો ગોવિંદભાઈએ કહ્યો હતો. ‘ચંદન સા બદન’ ગીતના ફિલ્માંકનમાં નૂતને પાણીના હોજમાં ઊતરી કેટલાક શોટ આપવાના હતા. એ દિવસે અભિનેત્રીને તાવ હતો. એટલે ઠંડાબોળ પાણીમાં ઊતરવું નહીં એવી ડૉકટરે સલાહ આપી હતી. ગોવિંદભાઈ શૂટિંગ કેન્સલ કરવા તૈયાર થયા હતા, પણ નૂતનજીએ એ જ હાલતમાં ચાર પાંચ રી- ટેક થયા તો પણ નિર્ધારિત શૂટિંગ પૂરું કર્યું હતું.

આપણે ઈલોન મસ્ક અને ‘સ્પેસએક્સ’ના આઈપીઓમાં ઊંડો રસ જરૂર લઈએ, પણ ગોવર્ધનરામ ત્રિપાઠી અને ‘સરસ્વતીવતીચંદ્ર’ જેવાં યાદગાર ગ્રંથ તથા ફિલ્મનું આચમન કરવાની રુચી પણ કેળવવી પડશે ...

## ‘ફૂલ તુમ્હે ભેજા હૈ ખત મેં’નો મજેદાર કિસ્સો...

સંગીતકાર આણંદજી ભાઈએ ખાસ ‘મુંબઈ સમાચાર’ માટે ‘સરસ્વતીચંદ્ર’ના સંગીતની મજેદાર વાતો શેર કરી. આણંદજીભાઈના પુત્ર ધીરેનભાઈના સહકારને કારણે આ શક્ય બન્યું.

પરમાનંદ પટેલ નામના એક ફિલ્મ ફાઇનેન્શિયર હતા. એમને કલ્યાણજી - આણંદજીના સંગીત માટે ઘણો આદર હતો. એટલે તેમણે સંપર્ક કરી ફિલ્મમાં કલ્યાણજી - આણંદજીનું જ સંગીત હોવું જોઈએ એવો આગ્રહ રાખ્યો હતો.

આ ફિલ્મ બ્લેક એન્ડ વ્હાઈટમાં જ બનાવવી એવા નિર્માતાના જીદ - આગ્રહ હતા. એ સમયે કલર ફિલ્મ્સ વધુ બની રહી હોવા છતાં બ્લેક એન્ડ વ્હાઇટમાં તૈયાર કરવાનું જોખમ લેવાનું કારણ એ હતું કે વાર્તાનો સમયગાળો જૂના સમયનો છે એટલે એ વાતાવરણને યોગ્ય ન્યાય મળે એ આશય સાથે ફિલ્મ બ્લેક એન્ડ વ્હાઈટમાં બની.

આ ફિલ્મની એક મજેદાર વાત એ છે કે શરૂઆતમાં ફિલ્મ વિતરકો એવું સમજી બેઠા કે સરસ્વતીચંદ્ર એક પાત્ર નથી, પણ સરસ્વતી અને ચંદ્ર એવા બે કેરેક્ટર છે. એટલે શરૂઆતમાં સંગીતને ગુંજતું કરી દીધું અને પછી ફિલ્મ રિલીઝ કરી. સંગીતને મળેલી અફાટ લોકપ્રિયતાનો લાભ ફિલ્મને મળ્યો. કલ્યાણજીભાઈ - આણંદજીભાઈએ ગીતોના સ્વરાંકનમાં લોક સંગીતને પ્રાધાન્ય આપ્યું હતું. પછી થયું એવું કે આગામી ફિલ્મોમાં લોક સંગીતના વપરાશને પ્રાધાન્ય મળવા લાગ્યું અને એને સંગીત રસિયાઓએ બહોળો આવકાર આપ્યો.


કલ્યાણજી-આણંદજી સાથે ગોવિંદ સરૈયા

કલ્યાણજી - આણંદજીને ફિલ્મ માટે શ્રેષ્ઠ સંગીતકારનો નેશનલ એવૉર્ડ મળ્યો હતો. આ એવૉર્ડનો પ્રારંભ ૧૯૫૪માં થયો હતો, પણ શ્રેષ્ઠ સંગીત દિગ્દર્શન માટે નેશનલ એવૉર્ડ આપવાની શરૂઆત ૧૯૬૭થી થઈ હતી. પહેલો એવૉર્ડ તમિલ ફિલ્મના સંગીતકારને મળ્યો હતો અને બીજો એવોર્ડ કલ્યાણજી - આણંદજીને મળ્યો હતો. આમ આ એવૉર્ડ મેળવનારા તે બંધુ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પ્રથમ સંગીતકાર હતા.

‘ફૂલ તુમ્હે ભેજા હૈ ખત મેં’ ગીત પાછળ એક સરસ મજાનો કિસ્સો છે. એ સમયે સંગીતકાર ભાઈઓને ચાહકોના ઘણા પત્રો આવતા હતા. એક પત્રમાં કોઈ લખાણ નહોતું, માત્ર લિપસ્ટિક અને એક ફૂલ હતું. આ પત્ર લઈ આણંદજી ભાઈ ગીતકાર ઈન્દીવર પાસે ગયા અને કહ્યું કે જુઓ, ‘આજકાલ કેવા ફેનમેઈલ આવે છે.’ ઈન્દીવરજીએ તરત કહ્યું કે ‘અરે આના પરથી તો સરસ ગીત બની શકે.’ અને ‘ફૂલ તુમ્હે ભેજા હૈ ખત મેં, ફૂલ નહીં મેરા દિલ હૈ’ ગીત તૈયાર થઈ ગયું.! ઈન્દીવરજીનાં બધા ગીતોમાં લગભગ શુદ્ધ હિંદીનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો, કારણ કે વાર્તામાં ગુજરાતની પાર્શ્વભૂમિ હતી.

એ ફિલ્મને ધારી નહોતી એથી વધુ સફળતા મળી, સંગીતને પણ લોકોએ વધાવી લીધું - આજે પણ એના ગીતો લોકો યાદ કરી ગાય છે, પણ આ ફિલ્મને લેજન્ડરી ચિત્રપટનો દરજ્જો મળવો જોઈતો હતો એ ન મળ્યો એનો અફસોસ છે. ■

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

# કલા વિરુદ્ધ કારીગરીઃ એ.આઈ.ની જાદુગરી કે દાદાગીરી?

મને લાગે છે કે AI (આર્ટિફિશયલ ઈન્ટેલિજન્સ) ખૂબ શક્તિશાળી છે, પરંતુ તે માનવીય સર્જનાત્મકતા અને આત્માની જગ્યા લઈ શકતું નથી.

આ શબ્દો છે હોલિવૂડનો સફળ અને આદરણીય નિર્દેશક માર્ટિન સ્કોર્સેસીના.

થોડાં વર્ષો પહેલાં જો કોઈએ કહ્યું હોત કે કમ્પ્યુટર વાર્તા લખશે, ગીત બનાવશે, અભિનેતાનો અવાજ બદલી નાખશે તો આપણે એને ગપ્પુ માની લેતે, પણ આજે હકીકતમાં એઆઈ ટેકનિક (અર્થાત્ કૃત્રિમ બુદ્ધિ) હવે ફિલ્મ ઉદ્યોગના દરવાજા ખખડાવતું નથી, પણ અંદર આવીને ખુરશી ખેંચીને બેસી ગયું છે.

હોલિવૂડથી લઈને બોલિવૂડ સુધી એક જ સવાલ પૂછાય છેઃ હવે ફિલ્મો બનાવવા માટે માણસોની જરૂર પડશે? છેલ્લા બે વર્ષમાં બનેલી ઘટનાઓ જોતાં અસંભવ પણ નથી લાગતું!

આ જ ‘મુંબઇ સમાચાર’માં લગભગ પચાસેક વરસ પહેલાં મેં એક વિજ્ઞાનકથા વાંચેલી, જેમાં બધું જ કામ કરી શકતો, બુદ્ધિશાળી-શક્તિશાળી વિરાટ યંત્રમાનવ (રોબો) જ્યારે ધીમેધીમે ખોટકાવા માંડે છે, ત્યારે એ પોતાની જ ખોપડી ખોલીને એનું વાયરિંગ વગેરે ઉખેડીને સમારકામ કરવા માંડે છે ને એ પણ કોઇ સાયન્સની કિતાબ વાંચી વાંચીને! પછી એ રોબો વધારે બગડી જાય છે ને આસપાસ તોડફોડ કરાવા માંડે છે, પોતાના માલિકને જ મારી નાખવા માંડે છે!




આજે AI દ્વારા અનેક ક્ષેત્રોમાં કામકાજ, રોજગાર માણસ પાસેથી છીનવાઇ રહ્યા છે તો ફિલ્મો કેમ રહી જાય?

તાજેતરમાં રિલીઝ થયેલ અભિનેતા રીતેશ દેશમુખની મરાઠી ફિલ્મ ‘છત્રપતિ શિવાજી’ની હિન્દી આવૃત્તિ જોઇને ફિલ્મકારો મોંમાં આંગળા નાખી ગયા. AI આધારિત વોઇસ ટેક્નોલોજીની મદદથી કલાકારોના મૂળ અવાજને મરાઠીમાંથી હિંદીમાં રૂપાંતરિત કરવામાં આવ્યો. દર્શકોને એવું જ લાગે કે કલાકારો હિન્દીમાં જ બોલી રહ્યા છે.

માત્ર અવાજ જ નહીં, હોઠની હિલચાલ પણ ભાષા સાથે મેળ ખાતી દેખાય. અગાઉ આ કામમાં મોટા ડબિંગ સ્ટુડિયો, અનેક કલાકારો, અનુવાદકોને ખૂબ સમય લાગતો. હવે પલક ઝપકતા કામ તૈયાર અને એ પણ સાવ સસ્તામાં! એક જ ફિલ્મને દસ કે પંદર ભાષાઓમાં ઝડપથી રજૂ કરી શકાશે. પ્રોડ્યુસરોના ખર્ચાઓ ઘટશે. આંતરરાષ્ટ્રીય બજારમાં ધંધાનો વ્યાપ વધશે. પ્રાદેશિક ફિલ્મોને નવી નવી તકો મળશે. નિર્માતાઓ માટે આ AIની ટેકનિક એક ક્રાંતિ છે, પણ દરેક ક્રાંતિ કિંમત કે ભોગ માગે છે ને આમાં અપાશે કલાકારો કે લેખકોનો ભોગ.

મુંબઈ, ચેન્નઈ, હૈદરાબાદ અને કોલકાતામાં હજારો વોઇસ આર્ટિસ્ટ, ડબિંગ કલાકારો, સાઉન્ડ ટેક્નિશિયન અને અનુવાદકો કામ કરે છે. તેમની વચ્ચે હવે એક સવાલ ચર્ચાઈ રહ્યો છે- જો મશીન મારો અવાજ શીખી જશે તો પછી મારી જરૂર કેટલી રહેશે? નાના નાના કલાકારો આનાથી જ ઘર ચલાવતા અને મોટા કલાકારો હવે પોતાનો ચહેરા કે અવાજને પેટંટ બનાવીને કોઇ કોપી ના કરે એની કાનૂની કાર્યવાહી કરવા લાગ્યા છે. આ ચિંતા માત્ર ડબિંગ પૂરતી મર્યાદિત નથી. પોસ્ટર ડિઝાઇનર, એડિટર, સંગીતકાર, ગીતકાર અને લેખકો પણ ભાવિની અસલામતી અનુભવવા લાગ્યા છે.

૨૦૨૩માં હોલિવૂડના લેખકોની ‘પેન ડાઉન’ નામની ‘કલમ રોકો’ જેવી ઐતિહાસિક હડતાળનું કારણ જ AI હતું. લગભગ ૬ મહિના હોલિવૂડમાં શૂટિંગ બંધ રહેલું. લેખકોને ડર હતો કે મોટી મોટી ફિલ્મ કંપનીઓ/નિર્માતાઓ AI પાસે સ્ક્રિપ્ટનો પહેલો મુસદ્દો કે ડ્રાફ્ટ લખાવશે અને પછી અમુક સારા લેખકોને માત્ર કથા,પટકથા,સંવાદ મઠારવા માટે નજીવી કિંમતે બોલાવશે. અભિનેતા,અભિનેત્રીઓને પણ ચિંતા છે કે જો સ્ટુડિયો એક દિવસ માટે કલાકારનો ચહેરો અને અવાજ સ્કેન કરી લે તો શું ભવિષ્યમાં તેની ડિજિટલ નકલનો ઉપયોગ અનંત વખત થઈ શકશે? એક અમેરિકન અભિનેત્રીએ મજાકમાં કહ્યું હતું, મને હવે ડર લાગે છે કે હું ઘરે સૂતી હોઉં અને મારું ડિજિટલ સ્વરૂપ ક્યાંક કોઈ ફિલ્મમાં કામ કરતું હોય! આ મજાક પાછળ એક ગંભીર સત્ય છુપાયેલું છે.

આજે હોલિવૂડમાં ભીડના દશ્યો માટે હજારો એક્સ્ટ્રા કલાકારો બોલાવવાની જરૂર ઓછી થવા લાગી છે. થોડાક લોકોને સ્કેન કરીને કમ્પ્યુટર હજારો લોકોની ભીડ ઊભી કરી શકે છે. સાઉન્ડ ઇફેક્ટ, ટ્રેલર, બેકગ્રાઉન્ડ લોકેશન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, માર્કેટિંગ વગેરેમાં એ.આઈ. ઝડપથી ઘુસી રહ્યું છે. કેટલીક ફિલ્મ કંપનીઓ તો હવે વૃદ્ધ કલાકારોને યુવાન દેખાડવા કે મૃત કલાકારોને ફરીથી પડદા પર જીવંત કરવા માટેય AIનો ઉપયોગ કરી રહ્યા છે.

તાજેતરમાં સસ્પેન્સ નવલકથાની દંતકથા સમાન લેખિકા અગાથા ક્રિસ્ટીના પ્રપૌત્ર જેમ્સ પ્રિચાર્ડને પૂછવામાં આવ્યું, શું AI ક્યારેય અગાથા જેવી નવલકથાઓ લખી શકશે? ત્યારે જેમ્સે કહ્યું, AI અગાથા ક્રિસ્ટીની શૈલીની નકલ ચોકકસ કરી શકે, પરંતુ અગાથા ક્રિસ્ટી જે રીતે વાર્તાને અચાનક નવા વળાંક પર લઈ જતી હતી, એ સર્જનાત્મક છલાંગ મશીન માટે હજુય મુશ્કેલ છે. મશીન ભૂતકાળમાંથી શીખે છે, જ્યારે મહાન સર્જક ભવિષ્ય સર્જે છે. આ વાત માત્ર સાહિત્ય માટે નહીં, ફિલ્મો માટે પણ એટલી જ સાચી છે.

જોકે દરેક નવી ટેક્નોલોજી શરૂઆતમાં ડર ઊભો કરે છે. મૂંગી ફિલ્મો પછી જ્યારે બોલતી ફિલ્મો આવી ત્યારે મૂંગી ફિલ્મોના કલાકારો હલી ગયેલા, અમુક તો બેકાર થઇ ગયેલા. રંગીન ફિલ્મો આવી ત્યારે ઘણા લોકોએ કહ્યું કે હવે સિનેમા ખતમ થઈ જશે. ટેલિવિઝન આવ્યું ત્યારે સિનેમાના મૃત્યુની આગાહી થઈ હતી,પણ આખરે કોઇપણ ટેક્નોલોજી માત્ર સાધન છે, સર્જક નથી. એક વાત મશીન હજુયે નથી કરી શકતુંઃ એ માણસનું ધબકતું જીવન નથી જીવી શકતું!

કમ્પ્યુટર હજારો પ્રેમકથાઓ વાંચી શકે છે, પરંતુ પ્રથમ પ્રેમનો ધબકારો અનુભવી શકતું નથી. તે લાખો સંવાદોનું વિશ્લેષણ કરી શકે છે, પણ બાપના ખભા પર બેઠેલા બાળકનું સુખ જાણતું નથી. તે શોકગીત લખી શકે છે, પણ પ્રિયજનને વિદાય આપ્યા પછીની ખાલી સાંજને અનુભવી શકતું નથી.

ફિલ્મો આખરે ટેક્નોલોજીથી નહીં, દિલથી બને છે. રાજ કપૂરથી લઇને રણબીર કપૂરની આંખોનું સપનું કે દિલીપ કુમાર કે આમિર ખાનનું રુદન, બિમલ રોય કે ઋષિકેશ મુખર્જીની સંવેદના, મણિ રત્નમની સર્જકતા, મનમોહન દેસાઇ કે કિશોરકુમારની મેડનેસ, સત્યજિત રેની કલાત્મકતા લાવી શકતું નથી. સની દેઓલ કે અમિતાભનો ગુસ્સો, દેવ આનંદ- રાજેશ ખન્ના કે મધુબાલાની રોમેન્ટિક અદાઓ સર્જવા AI કે કમ્પ્યુટરનું અલ્ગોરિધમ કામ આવશે?

મધરાતે કોઇ લેખકને અચાનક કોઈ વાર્તા કેમ સૂઝે છે? એક કવિને પ્રેમભંગ પછી ગીત કેમ લખવાનું મન થાય છે? એક દિગ્દર્શક વર્ષો સુધી એક દશ્યને મનમાં કેમ સાચવી રાખે છે? આ બધાના જવાબો કમ્પ્યુટર પાસે નથી, કારણ કે ફિલ્મ માત્ર વિચારો, કલ્પનાઓ કે ચિત્રોની ભેળપૂરી નથી. એ માણસના સપનાઓ, ડર, પ્રેમ, પીડા અને આશાઓનું પ્રતિબિંબ છે. AI સિનેમાનું શરીર બદલી શકશે, પણ આત્મા હજુય પણ હાડચામના દિલમાં જ વસે છે. ■

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# ... અને 'ગુણસુંદરીનો ઘરસંસાર'ને પણ નેશનલ અવૉર્ડ!

## 'સરસ્વતીચંદ્ર' નવલકથાના બીજા ભાગ પરથી ગોવિંદ સરૈયાએ બનાવેલી ગુજરાતી ફિલ્મને પણ રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો

એક જ સાહિત્યકૃતિ પરથી બે ભિન્ન ભાષામાં બનાવેલી ફિલ્મને નેશનલ અવૉર્ડ મળ્યો હોય એવા ગોવિંદ સરૈયા સંભવતઃ એકમાત્ર અથવા પ્રથમ ગુજરાતી દિગ્દર્શક હોવા જોઈએ.

ગોવર્ધનરામ ત્રિપાઠીની મશહૂર નવલકથા 'સરસ્વતીચંદ્ર' પર આધારિત એ જ નામની હિન્દી ફિલ્મને શ્રેષ્ઠ સંગીતકારનો નેશનલ અવૉર્ડ મળ્યો હતો. ૧૯૭૨માં સરૈયા સાહેબે એ નવલકથાના ગુણસુંદરીના પાત્રને કેન્દ્રમાં રાખીને 'ગુણસુંદરીનો ઘરસંસાર' ફિલ્મ બનાવી હતી. આ ફિલ્મને ૧૯૭૨નો શ્રેષ્ઠ ગુજરાતી ચલચિત્રનો રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત થયો હતો. 'સરસ્વતીચંદ્ર' નવલકથાના ગુણસુંદરી પાત્રના સંયુક્ત કુટુંબવ્યવસ્થામાં રહીને સામાજિક સંઘર્ષો અને પતિનિષ્ઠ પત્નીની મનોવેદનાને ફિલ્મમાં વાચા આપવામાં આવી છે. નવલકથાના ચાર ભાગ પૈકી બીજા ભાગ 'ગુણસુંદરીનું કુટુંબજાળ' પર આધારિત આ ચિત્રપટમાં ગુણસુંદરી આજના યુગમાં અલોપ થઈ ગયેલી આદર્શ ગૃહિણી છે. પરિવાર અને પારિવારિક જીવનને મહત્ત્વ આપતી આ ગૃહિણી કુટુંબની મર્યાદામાં રહીને આધુનિક રીતભાત અપનાવી પતિ વિદ્યાચતુરને પાછો પોતાની તરફ વાળી સાચી જીવનસંગિની બને છે. ફિલ્મમાં કલ્પના દિવાન, કિશોર જરીવાલા, કે.કે. (કૃષ્ણકાંત ભૂખણવાલા) અને કાનન કૌશલ મુખ્ય કલાકાર હતા.

ગોવર્ધનરામ ત્રિપાઠી અને ગોવિંદ સરૈયા વચ્ચે પ્રથમ અક્ષરનું સામ્ય હોવા ઉપરાંત એક સામ્ય એ હતું કે બંનેનું જન્મસ્થાન નડિયાદ. આ સ્થૂળ સામ્ય સિવાય બેઉમાં સાહિત્ય પ્રત્યે તીવ્ર પ્રમાણમાં રુચિનું પણ સામ્ય હતું. ફિલ્મોમાં ગોવિંદ સરૈયાનો પ્રવેશ ૧૯૬૦ના દાયકાના ઉત્તરાર્ધમાં થયો, પણ તેમને રંગભૂમિ માટે આકર્ષણ કિશોરાવસ્થાથી જ હતું. મુંબઈ આવ્યા પછી તેમણે હોમી વાડિયા દિગ્દર્શિત 'બાલમ' ફિલ્મના સિનેમેટોગ્રાફર જિમી કાપડિયાના સહાયક તરીકે કામ કર્યું હતું. ત્યારબાદ ડોક્યુમેન્ટરી ફિલ્મો સાથે પણ સંકળાયા. ડોક્યુમેન્ટરી ફિલ્મોના કામને પ્રશંસા મળતા ગોવિંદ સરૈયાને ફિલ્મ ડિવિઝનમાં નોકરી મળી, જ્યાં તેમણે પચીસેક ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી. તેમની દસ્તાવેજી ફિલ્મો રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સન્માન મેળવવામાં સફળ રહી હતી.


'ગુણસુંદરીનો ઘરસંસાર'


દિગ્દર્શક ગોવિંદ સરૈયા

અહીં રસપ્રદ વાત એ છે કે ગોવર્ધનરામ ત્રિપાઠીનું ગુણસુંદરીનું સશક્ત પાત્ર અનેક ફિલ્મમેકરોને આકર્ષી ગયું હતું. 'ગુણસુંદરી' ટાઈટલ ધરાવતું ચલચિત્ર મૂક ગુજરાતી ચલચિત્રોના ગાળા દરમિયાન ૧૯૨૪માં તૈયાર થયું હતું અને ૧૯૩૧માં બોલપટનો યુગ શરૂ થયા પછી બે વખત ૧૯૩૪ અને ૧૯૪૮માં પણ એનું નિર્માણ થયું હતું. ગોવર્ધનરામની આ નવલકથાના સશક્ત પાત્ર ગુણસુંદરી પર આધારિત ત્રણ ફિલ્મો વિશે વાકેફ થઈએ....

મૂક ફિલ્મોના દોર પર નજર નાખતા એક બાબત ઊડીને આંખે વળગે છે કે પૌરાણિક કથાવસ્તુ ધરાવતી ફિલ્મોનું મહત્તમ નિર્માણ થયું હતું. એ સમયકાળમાં સફળતા મેળવવી હોય તો પૌરાણિક ફિલ્મો બનાવવી એવો વણલખ્યો નિયમ જાણે કે બની ગયો હતો. 'નરસિંહ મહેતા' (મૂક ફિલ્મ), 'સતી સાવિત્રી', 'ભક્ત સુરદાસ' ઇત્યાદિ ફિલ્મો બની સારો પ્રેક્ષકવર્ગ મેળવી રહી હતી. શેરબજારમાંથી ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશનારા જામનગરના ખંતીલા યુવાન ચંદુલાલ શાહે લક્ષ્મી ફિલ્મ કંપની માટે 'પંચદંડ' ફિલ્મથી દિગ્દર્શક તરીકે પ્રારંભ કર્યો. હાથ બેસી જતા તેમણે ૧૯૨૭માં 'ગુણસુંદરી' મૂકપટ બનાવ્યું. સંયુક્ત કુટુંબ-વ્યવસ્થામાં રહી સામાજિક સંઘર્ષ કરતી પતિનિષ્ઠ પત્નીની મનોવેદનાને આ ચલચિત્રમાં વાચા આપવામાં આવી હતી. માત્ર બાવીસ દિવસમાં તૈયાર થયેલા સામાજિક અભિવ્યક્તિના રૂપેરી અવતારને બહોળો આવકાર મળ્યો હતો. ચલચિત્રમાં ગુણસુંદરીનું પાત્ર ગૌહર બાનુએ ભજવ્યું હતું. 'ગુણસુંદરી'ને મળેલી વ્યાવસાયિક સફળતાને પગલે ચંદુલાલ શાહે 'રણજિત મૂવિટોન કંપની'ની સ્થાપના કરી હતી. ટૂંકમાં 'ગુણસુંદરી' એક ગુજરાતી ફિલ્મ સાહસિકના પ્રભાવી યુગના પ્રારંભમાં નિમિત્ત બની હતી. ફિલ્મમાં ગૌહર બાનુના અભિનય અને ચંદુલાલ શાહના દિગ્દર્શનની પ્રશંસા થઈ હતી.

૧૯૩૧થી શરૂ થયેલો બોલપટ યુગ ધમધમવા લાગ્યો હતો. ૧૯૩૪માં ચંદુલાલ શાહએ 'રણજિત ફિલ્મ કંપની'ના નેજા હેઠળ બોલપટ 'ગુણસુંદરી'નું પુનઃ નિર્માણ કર્યું. આ ફિલ્મમાં સુધ્ધાં ગુણસુંદરીની ભૂમિકા ગૌહર બાનુએ જ ભજવી હતી. એ સમયે પ્રભાવી ગણાય એવા ૧૪ અઠવાડિયા સુધી આ ફિલ્મ ચાલી હતી અને લોકપ્રિયતા મેળવી હતી. ફિલ્મમાં એક પાત્ર કમલાબાઈ ગોખલેએ સાકાર કર્યું હતું. એમના પૌત્ર વિક્રમ ગોખલેએ પછીના વર્ષોમાં મરાઠી નાટકો - ચલચિત્રો અને હિન્દી ફિલ્મોમાં ખાસ્સો ઠસો ઉમટાવ્યો હતો.

ચંદુલાલ શાહે 'ગુણસુંદરી'ની પહેલી રી-મેક ૭ વર્ષ પછી બનાવી તો બીજી રી- મેક ૧૪ વર્ષ પછી ૧૯૪૮માં બનાવી. આ ફિલ્મ હિન્દી અને ગુજરાતીમાં સાથે તૈયાર થઈ હતી. ૧૯૪૭માં તૈયાર થઈ ગઈ હતી, પણ ભારત - પાકિસ્તાન ભાગલાને કારણે એ ૧૯૪૮માં જ રિલીઝ થઈ શકી હતી. દિગ્દર્શક રતિભાઈએ કોકિલા બલસારા (જે પછી નિરૂપા રોય તરીકે પ્રખ્યાત થયાં) નામની નવી હીરોઈનને સાઈન કરી હતી. પરિણીત સ્ત્રી પરિવારનું બાહરી સમસ્યાથી રક્ષણ કરી એને બાંધી રાખે છે એ કથાબીજ જાળવી રાખી ગુજરાતી ફિલ્મ માટે નવેસરથી લખાયેલી પટકથામાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા હતા. ગોપાલદાસ શેઠના જ્યેષ્ઠ પુત્ર ચંદ્રકાન્ત (મનહર દેસાઈ)નાં લગ્ન ગુણિયલ (નિરૂપા રોય) સાથે થાય છે. વંઠેલ મિત્ર સુધાકર (બાબુ રાજે) ચંદ્રકાન્તની ઓળખાણ ગણિકા નીલમણિ (સરસ્વતી) સાથે કરાવે છે. ચંદ્રકાન્ત શરાબની લતે ચડી જાય છે અને એ સતત પૈસાની માગણી કરતી પ્રેમિકા અને ત્યાગમૂર્તિ પત્ની વચ્ચે ઝોલા ખાય છે. અંતે ચંદ્રકાન્તની સાન ઠેકાણે આવે છે અને એ પત્ની પાસે પાછો ફરે છે.

અવિનાશ વ્યાસ લિખિત અને સ્વરબદ્ધ ગીત 'ભાભી તમે થોડા થોડા થાવ વરણાગી' સુપરહિટ થયું હતું. ફિલ્મનું શૂટિંગ ઝપાટાબંધ આશરે પાંત્રીસ દિવસમાં આટોપી લેવામાં આવ્યું હતું. મુંબઈના 'સ્વસ્તિક' થિયેટરમાં એની રજતજયંતી ઊજવાઈ હતી. ગુજરાત સુધ્ધામાં એને સારો આવકાર મળ્યો હતો. આ ફિલ્મથી નિરૂપા રોયની ખ્યાતિમાં ભરતી આવી હતી. ■

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# લવઃ કલ-આજ ઔર કલ

## બોલિવૂડ ફિલ્મ્સમાં રોમાન્સનું સ્વરૂપ કેવી રીતે બદલાતું ગયું?

બોલિવૂડની ઓળખ જો કોઈ એક વાત સાથે સૌથી વધુ સંકળાયેલી હોય તો તે રોમાન્સ છે. વર્ષોથી ભારતીય સિનેમાની સૌથી મોટી તાકાત તેની લવ સ્ટોરીઝ રહી છે. જોકે, છેલ્લા કેટલાક દાયકાઓમાં પ્રેમને રજૂ કરવાની રીતમાં ઘણો ફેરફાર આવ્યો છે. જૂની ફિલ્મ્સમાં જે પ્રકારનો રોમાન્સ જોવા મળતો હતો તે આજની ફિલ્મ્સમાં ભાગ્યે જ જોવા મળે છે.

સમયની સાથે સમાજ બદલાયો, લોકોના વિચારો પલટાયા છે અને તેની સીધી અસર બોલિવૂડની લવ સ્ટોરીઝ પર પણ પડી છે.

ભારતીય સિનેમાનાં શરૂઆતનાં વર્ષોમાં પ્રેમને ખૂબ જ સરળ અને સંકોચભરી રીતે રજૂ કરવામાં આવતો હતો. તે સમયના સમાજમાં ખુલ્લેઆમ પ્રેમ વ્યક્ત કરવો સામાન્ય વાત નહોતી. હીરો અને હીરોઇન એકબીજાને જોઈને ગીત ગાય, બગીચામાં ફરતા જોવા મળે અથવા વરસાદમાં પોતાની લાગણીઓ વ્યક્ત કરે... એટલું જ પ્રેમ દર્શાવવા માટે પૂરતું ગણાતું હતું. 'મુગલ-એ-આઝમ', 'બરસાત' અને 'ગાઇડ' જેવી ફિલ્મ્સમાં પ્રેમને ખૂબ જ લાગણીસભર રીતે રજૂ કરવામાં આવ્યો હતો.




સિત્તેર અને ઍંસીના દાયકામાં બોલિવૂડમાં ઍક્શન ફિલ્મ્સનું પ્રભુત્વ વધવા લાગ્યું, પરંતુ રોમાન્સનું મહત્ત્વ યથાવત્ રહ્યું.

'બોબી' જેવી ફિલ્મ્સે યુવાનોના પ્રેમને નવી ઓળખ આપી. આ ફિલ્મમાં વર્ગભેદ વચ્ચેની લવ સ્ટોરી દર્શાવવામાં આવી હતી જે તે સમય માટે નવી બાબત હતી. ધીમે-ધીમે પ્રેમકથાઓમાં પરિવારનો વિરોધ, સમાજની માન્યતાઓ અને વ્યક્તિગત સપનાંઓ જેવા મુદ્દાઓ પણ જોડાવા લાગ્યા.

બોલિવૂડના રોમાન્સની વાત કરીએ અને નેવુંના દાયકાનો ઉલ્લેખ ન કરીએ એવું શક્ય નથી. ઘણા લોકો આ સમયને રોમેન્ટિક ફિલ્મ્સનો સુવર્ણ યુગ માને છે. 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે, 'હમ આપકે હૈ કૌન..!', 'દિલ તો પાગલ હૈ', 'કુછ કુછ હોતા હૈ' અને 'પરદેસ' જેવી ફિલ્મ્સે આખી પેઢીના પ્રેમ વિશેના વિચારોને પ્રભાવિત કર્યા હતા.

આ સમયની ફિલ્મ્સમાં એક રસપ્રદ બાબત જોવા મળતી હતી. પાત્રો આધુનિક હતાં, પરંતુ તેમની વિચારસરણીમાં પરિવારનું મહત્ત્વ પણ જળવાયેલું હતું. 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે'માં રાજ અને સિમરનની લવ સ્ટોરી તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તે બન્ને પ્રેમ કરે છે, પરંતુ પરિવારની મંજૂરી વિના લગ્ન કરવા તૈયાર નથી. આ વિચાર તે સમયના ભારતીય સમાજ સાથે ખૂબ સારી રીતે જોડાઈ ગયો હતો.

એ સાથે રોમાન્સ વધુ ભવ્ય પણ બન્યો. વિદેશી લોકેશન્સ, મોટાં લગ્ન, સુંદર કપડાં અને યાદ રહી જાય એવાં ગીતો ફિલ્મ્સની ઓળખ બની ગયાં. સ્વિટ્ઝર્લેન્ડના બરફાચ્છાદિત પહાડો અને સરસ દૃશ્યો વચ્ચે ફિલ્માવવામાં આવેલાં ગીતોએ દર્શકોને એક સપનાની દુનિયામાં લઈ જવાનું કામ કર્યું. ઘણા લોકો માટે પ્રેમ વિશેની કલ્પનાઓ પણ ફિલ્મ્સમાંથી જ ઘડાતી હતી.

૨૦૦૦ પછી બોલિવૂડની પ્રેમકથાઓમાં ધીમે-ધીમે બદલાવ જોવા મળ્યો. દેશ ઝડપથી બદલાઈ રહ્યો હતો. યુવાનો માટે કારકિર્દી, શિક્ષણ અને વ્યક્તિગત સ્વતંત્રતા મહત્ત્વની બનવા લાગી હતી. તેની અસર ફિલ્મ્સમાં પણ જોવા મળી. 'કલ હો ના હો', 'વીર-ઝારા', 'હમ તુમ' અને 'જબ વી મેટ' જેવી ફિલ્મ્સે પ્રેમને વધુ વાસ્તવિક રીતે રજૂ કર્યો. ખાસ કરીને 'જબ વી મેટ' આધુનિક રોમેન્ટિક ફિલ્મ્સનાં મહત્ત્વનાં ઉદાહરણ તરીકે જોવામાં આવે છે. ગીત અને આદિત્યનાં પાત્રો સંપૂર્ણ નથી. તે ભૂલો કરે છે, મુશ્કેલીઓનો સામનો કરે છે અને જીવનમાંથી શીખે છે. સમયની સાથે મહિલાઓનાં પાત્રોમાં પણ મોટો ફેરફાર આવ્યો છે. પહેલાં ઘણી ફિલ્મ્સમાં હીરોઇનનું પાત્ર હીરોની આસપાસ જ ફરતું હતું, પરંતુ આજની ફિલ્મ્સમાં મહિલાઓ પોતાની ઓળખ, કારકિર્દી અને સપનાંઓ ધરાવે છે. 'ક્વીન', 'ડિયર જિંદગી' અને 'પીકુ' જેવી ફિલ્મ્સે દર્શાવ્યું કે જીવનમાં ખુશ રહેવા માટે માત્ર રોમેન્ટિક સંબંધ જ જરૂરી નથી. આત્મવિશ્વાસ અને પોતાની જાતને સમજવું પણ એટલું જ મહત્ત્વનું છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં બોલિવૂડે પ્રેમનાં એવાં પાસાંઓ પણ દર્શાવ્યાં છે જે પહેલાં બહુ ઓછા જોવા મળતાં હતાં.

'રૉકસ્ટાર', 'તમાશા', 'રામલીલા', 'એ દિલ હૈ મુશ્કિલ' અને 'લૈલા મજનુ' જેવી ફિલ્મ્સમાં એકતરફી પ્રેમ, હૃદયભંગ અને ભાવનાત્મક સંઘર્ષને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. આ ફિલ્મ્સ એ વાત સ્વીકારે છે કે દરેક લવ સ્ટોરીનો અંત ખુશીભર્યો જ હોય એવું જરૂરી નથી.

ટેક્નૉલૉજીએ પણ રોમાન્સને ઘણો બદલ્યો છે. પહેલાં પ્રેમપત્રો અને લાંબી રાહ જોવાની વાતો ફિલ્મ્સમાં જોવા મળતી હતી. આજે વોટ્સએપ, ઇન્સ્ટાગ્રામ, વીડિયો કૉલ અને સોશ્યલ મીડિયા સંબંધોનો એક ભાગ બની ગયા છે. તેથી નવી ફિલ્મ્સમાં પણ આવી બાબત જોવા મળે છે. પાત્રો ઑનલાઇન મળે છે, ચૅટ દ્વારા વાત કરે છે અને ઘણી વખત સોશ્યલ મીડિયા તેમના સંબંધોને અસર પણ કરે છે.

બોલિવૂડ હવે માત્ર પરંપરાગત લવ સ્ટોરીઝ સુધી મર્યાદિત નથી રહ્યું. લિવ-ઇન રિલેશનશિપ, છૂટાછેડા પછીનો પ્રેમ, બીજી તક અને વિવિધ પ્રકારના સંબંધો પણ ફિલ્મ્સમાં સ્થાન પામી રહ્યા છે. 'શુભ મંગલ જ્યાદા સાવધાન' જેવી ફિલ્મ્સે પ્રેમનાં વિવિધ સ્વરૂપો અંગે ચર્ચા શરૂ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ બતાવે છે કે બોલિવૂડ હવે સમાજના બદલાતા વિચારોને વધુ ખુલ્લા મનથી સ્વીકારી રહ્યું છે.

એક વાત નિશ્ચિત છે કે પ્રેમ હંમેશાં માનવ જીવનનો મહત્ત્વનો ભાગ રહેશે અને જ્યાં સુધી પ્રેમ જીવંત રહેશે, ત્યાં સુધી બોલિવૂડની ફિલ્મ્સમાં રોમાન્સ પણ જીવંત રહેશે. તેનું સ્વરૂપ બદલાઈ શકે, રજૂઆત બદલાઈ શકે, પરંતુ દર્શકોના દિલમાં તેની જગ્યા ક્યારેય ઓછી નહીં થાય! ■

**લાસ્ટ શોટ**

*પ્રેમ અને સંગીતનો સંબંધ હજુ પણ બોલિવૂડની સૌથી મોટી ઓળખ છે.*

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## 'ક્રિશ' માટે કુંડળી દેખાડવી પડશે?




લાગે છે કે 'ક્રિશ'ના ચોથા ભાગ માટે રાકેશ રોશને કોઈ સિદ્ધહસ્ત જ્યોતિષની સલાહ લેવી પડશે. કારણ દેખીતું છે, કેટકેટલી જાહેરાતો થઈ, પરંતુ ફિલ્મ હજી સુધી ફ્લોર પર નથી ગઈ. સહુથી પહેલી જાહેરાત તો એ થઈ કે 'ક્રિશ' ફ્રેન્ચાઇઝીનો ચોથો ભાગ બનશે. બહુ સરસ! પણ પછી જાહેરાત એવી થઈ કે ફિલ્મનું બજેટ એટલું બધું છે કે રાકેશ રોશને આ ચોથો ભાગ બનાવવાનું માંડી વાળ્યું છે... વળી એવાં સમાચાર આવ્યા કે ના ના, બજેટ ઇઝ નૉટ અ પ્રૉબ્લેમ, એ તો થઈ પડશે. પછી બીજાં પૉઝિટિવ સમાચાર એ હતા કે હૃતિક રોશન એટલે કે ખુદ ગબ્બર આ ફિલ્મને ડિરેક્ટ કરશે...!

આ બધું પત્યું ત્યાં થોડા દિવસ અગાઉ કાને એવી વાત આવી પડી કે ફિલ્મને ડિરેક્ટ કરવા માટે હૃતિકે ચાલીસ કરોડ માગ્યા છે. જોકે જ્યારે પોતાનું જ પ્રોડક્શન હાઉસ ફિલ્મ બનાવતી હોય ત્યારે હૃતિક આવી મોં માથા વગરની માગણી કરે એ જરાય ગળે ઊતરતું ન હતું.

છેવટે, થોડા દિવસ પહેલાં હૃતિકના પપ્પા એટલે કે રાકેશભાઈ રોશન મેદાનમાં આવ્યા. એમણે પેલી ચાળીસ કરોડવાળી વાતને 'નૉનસેન્સ' કહી દીધી, પણ 'ક્રિશ'નો ચોથો ભાગ બનશે એટલું જ એમણે કહ્યું. ક્યારે બનશે, કેવી રીતે બનશે, સ્ક્રિપ્ટ તૈયાર છે કે નહીં વગેરે વગેરેનો ફોડ સિનિયર રોશને હજી સુધી પાડ્યો નથી. બની શકે કે ફિલ્મ ફ્લોર પર જાય એ પહેલાં શું એ 'ક્રિશ'ની કુંડળી તૈયાર કરાવવામાં વ્યસ્ત છે?

## 'દૃશ્યમ': આ વખતે અલગ દર્શન...




'દૃશ્યમ'ના પહેલા બે ભાગ જબરદસ્ત આવકાર પામ્યા હતા, પરંતુ આ બંને ભાગ મોહનલાલની એ જ નામની મલયાલમ ફિલ્મના થોડા ફેરફાર સાથે કૉપી જ હતા. હવે જે ત્રીજો ભાગ આવવાનો છે તે મલયાલમ કરતાં સાવ અલગ હશે એવો આ ફિલ્મના ડાયરેક્ટર અભિષેક પાઠકનો દાવો છે. મલયાલમ 'દૃશ્યમ' ગયા મહિને રિલીઝ થઈ ગઈ છે. ફિલ્મને મિક્સ્ડ રિવ્યુ મળ્યા છે.

અભિષેક પાઠકે કહ્યું છે કે આ વખતે તે અલગ જ પ્રકારની વાર્તા લઈને આવી રહ્યા છે. આમ તો જ્યાં ત્રીજો ભાગ પૂરો થયો હતો ત્યાંથી જ આ ચોથો ભાગ શરૂ થશે, પરંતુ તેની વાર્તા મોહનલાલની ફિલ્મ કરતાં અલગ હશે. પાઠકનું કહેવું છે કે મલયાલમ ફિલ્મ એ ઇમોશનલ ડ્રામા છે જ્યારે અમારી ફિલ્મ ઇમોશનલ થ્રિલર હશે. આ ફિલ્મમાં પણ અજય દેવગણ, શ્રીયા સરન અને તબુ તો હશે જ. આ ત્રિપુટીની સાથે જયદીપ અહલાવત અને પ્રકાશ રાજની પણ મહત્ત્વપૂર્વ ભૂમિકા છે.

આ તો થયું ડાયરેક્ટરનું વર્ઝન, પરંતુ એક વાત ઊડતી ઊડતી આવી છે કે અભિષેક પાઠકનો દાવો કે તેમની ફિલ્મ મલયાલમ કરતાં અલગ છે એ સાચું છે, પરંતુ એક મેજર ટ્વિસ્ટ સિવાય બીજું બધું એમનું એમ જ છે.

'દૃશ્યમ'નો આ ત્રીજો ભાગ આ વર્ષે ૨ ઑક્ટોબરે, હા બરાબર વાંચ્યું, ૨ ઑક્ટોબરે રિલીઝ થશે.

## તાપસીના તપમાં ઉંમર નડી રહી છે...


તાપસી પન્નુ

બોલિવૂડમાં પહેલેથી હીરોની ઉંમર જોવામાં નથી આવતી, પરંતુ હીરોઈન તરત ઘરડી થઈ જતી હોય છે. દિલીપકુમાર, અમિતાભ બચ્ચન વગેરેને આપણે એમની મોટી ઉંમર સુધી એમનાંથી અડધી ઉંમરની હીરોઇનો સાથે રોમાન્સ કરતા જોયા છે. ત્યાર બાદ હવે અક્ષય કુમાર, ત્રણેય ખાનો પણ સાઇઠ ઉપર જતા રહ્યા હોવા છતાં પોતાનાથી ઘણી નાની લીડ લેડી સાથે રોમાન્સ કરે છે.

આને લઈને હવે ત્રીસી વટાવી ચૂકેલી તાપસી પન્નુનું દર્દ છલકાયું છે.

તાપસીને હાલમાં બે-ત્રણ પ્રોડ્યુસર ડાયરેક્ટર્સે તેની 'ઉંમર મોટી' હોવાને લીધે પોતાની રોમકોમ ફિલ્મમાં લેવાની ના પાડી દીધી. તાપસીનું કહેવું છે કે એક ઍક્ટ્રેસને આપણી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પગભર થતાં તેની ઉંમર ત્રીસ વટી જાય છે. હવે જો ત્રીસ વટ્યા પછી તે રોમકોમમાં કામ કરવા લાયક નથી રહેતી તો પછી એ શું કરે? એવું નથી કે આવું બોલિવૂડમાં જ છે. તાપસીને દક્ષિણની ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પણ આવો અનુભવ થયો છે, પરંતુ જરા હટકે.

તાપસીનો અનુભવ કહે છે કે 'જો કોઈ ઍક્ટ્રેસ સાઉથના કોઈ સિનિયર ઍક્ટરની હીરોઇન બને તો પછી પત્યું. યુવાન હીરોને જ્યારે એમ કહેવામાં આવે કે ફલાણી હીરોઈન અમે તમારી સામે કાસ્ટ કરવાનાં છીએ તો એ જુવાનિયાઓનું મોઢું તરત બગડી જાય છે. આ યુવાન હીરોલોગનો જવાબ એવો હોય છે કે એણે તો ફલાણા સિનિયર ઍક્ટર સાથે કામ કર્યું છે ને? તો એ મારા કરતાં મોટી લાગશે!

આમ તાપસીના તપમાં એને ભલે એની ઉંમર નડી રહી હોય પરંતુ આપણી ફિલ્મ ઇન્ડસ્ટ્રી, પછી તે ઉત્તરની હોય કે દક્ષિણની સનાતન સત્ય એક જ છે કે હીરો ક્યારેય ઘરડો થતો નથી. બસ, આમાં બધું આવી ગયું. ■

**કટ એન્ડ ઓકે...**

*હું હજી પણ પેલો ડરપોક મદ્રાસી મિડલ ક્લાસ પુરુષ છું!*

*પોતાની પત્નીને હજી સુધી વફાદાર રહેવા પાછળનું રહસ્ય જણાવતો આર. માધવન.*



## સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# ગેરસમજ ત્યારે જ થાય, જયારે જવાબ તમે જાતે નક્કી કરી લો !



આઈ.એન.ટી. એટલે માતબર સંસ્થા. દીપક ઘીવાલા સાથે એમના બુટાલાનાં નવા નાટક 'તથાસ્તુ'ની રિલીઝ માટે એક રવિવારનો ગેપ આપવા બાબત શું વાત થઈ હશે એ તો એ બંનેને ખબર. સંસ્થા મોટી એટલે ખબર ગોપનીય રહે એ સ્વાભાવિક હતું. અમને કલાકારોને દીપકભાઈ પોતાની હૈયાવરાળ ઠાલવતા એટલે થોડી ખબર પડતી. મારા અનુભવે મને એ વાત સાચી કરવા પ્રેરતું. આમ પણ ખોટું બોલીને દીપકભાઈને કોઈ ફાયદો હોય એવું મને દેખાતું નહોતું.

એક બુધવારે સવારે 'મુંબઈ સમાચાર'માં 'તથાસ્તુ' નાટકની જા.ખ.'રવિઃ ૭॥. ભવન્સઃ ચોપાટી.' (લગભગ). હતી. સાથે એક ખૂણામાં પાંચ સે.મી.ની 'રવિઃ૭|||. જયહિન્દ'ની 'બે દુની..'ની જા.ખ. પણ હતી. (ત્યારે સંસ્થાનાં નાટકો 'જયહિન્દ'માં નિયમિત થતાં રહેતાં.) મને નવાઈ લાગી કે કઈ નક્કી થયું હશે અને પછી કોઈ ફેરબદલ થઈ હશે? સંસ્થાનો 'ઈગો' ઘવાયો હશે? સંસ્થાને 'ઈગો' નથી હોતો. પ્રિન્સીપાલ હોય છે. હા, ક્યારેક એના મોવડીમંડળ કદાચ 'ઈગો' કવચ પહેરીને સંસ્થાને ઇગોઈસ્ટીક બનાવી નાખતા હોય છે. એવું હશે? કોને ખબર? નાટકની જા.ખ. બીજાં અખબારોમાં આવે કે ન આવે, 'મુ.સ.' માં બુધવારે સવારે તો નિર્માતાએ આપવી જ પડતી અને એના પરથી જ મુંબઈનો પ્રેક્ષક પોતાનો રવિવારનો કાર્યક્રમ નક્કી કરતો. હું અને દીપક સોમૈયા ત્યારે સાથે પી.આર.ઓ.નું કામ કરતાં. ત્યારે નાટકની જા.ખ.નો ભાવ સ્કવે.સેં.નો માત્ર રૂ:૮/- હતો, પછી રૂ:૧૬/- અને પછી રૂ:૨૪/- થયો.

પછી તો... મોંઘવારી સાથે એનાં પણ ભાવ વધતા ગયા. સાથે થિયેટરના ભાડાં પણ વધતા ગયા. આજે નાટકનો રીકરિંગ ખર્ચ ખૂબ વધી ગયો છે. સમ્માન્ય નિર્માતા તો બે-ચાર શોમાં ઠુંસ્સ થઈ જાય છે. આજે બે નાટકની સરખા સમયની જા.ખ.અખબારમાં વાંચીને આંચકો તો લાગ્યો પણ કોઈને ફોન કરવાની હિમ્મત ન કરી શક્યો. 'બે' વચ્ચે કઈક તો ગેરસમજ થઈ હોવી જોઈએ. ગેરસમજ ત્યારે જ થાય જયારે જવાબ જાતે નક્કી થાય. જવાબ કયાં પક્ષ તરફથી કેવો ગયો હશે એ તો તે લોકો જાણે.

ત્યારે તો જાણે કોઈ એક્શન કોઈ તરફથી ન લેવાઈ હોય એવું લાગ્યું. એ જાણવાની ઉપાધી પણ ન લીધી. મુંબઈના શો બાબત 'જણાવીશું' કહી કલકત્તાની આગામી ચાર-શોની તારીખો સંસ્થા તરફથી આવી ગઈ. મને અવાજ બાબત મારી વાઈફ અને ચાલુ નાટકના નિર્માતાને લેટર લખ્યાં પછી સુરેશ સાથેની મારી દુરી જાણે વધતી જતી હતી. હું 'બે દુની..' નાટકની તારીખોની રાહ જોતો રહેતો. એક ખોટી વાત અને બીજી અધૂરી વાત કેટલાક સંબંધો તોડી નાખે છે.

શફી ઈનામદારે પ્રવીણ જોશીનાં ઘણાં ગુજરાતી નાટકો 'પૃથ્વી થિયેટર'માં હિન્દીમાં ભજવ્યા. તેનો હંમેશાં એક સહાયક રહ્યો હતો, રફીક મુકાદમ. ઝી.ટી.વી. ચેનલે ત્યારે નવા નવા પગરણ માંડ્યા હતા. ઓફિસ હતી એની દૂરદર્શન-વરલી સામે. મને અચાનક રફીકનો ફોન આવ્યો કે, 'સિરિયલમેં કામ કરના હૈ તો કલ સુબહ ઝી.ટી.વી. કી ઓફિસમેં મિલને આજા' કહી એણે સરનામું આપ્યું.

હું ઉત્સાહિત થઈ બીજે દિવસે વરલી-રફીકને મળવા પહોંચી ગયો. નાટક-ચેટકની વાતો થઈ. એણે મૂળ વાત કરી કે ઝી.ચેનલ દિલ્લગી નામની એક વિકલી સિરિયલ બનાવી રહ્યાં છે. એમાં એક સિંધી પાત્ર હતું. ભરત દાભોલકર-સિલ્વીસ્ટર ડી'કુન્હાના હિંગ્લીશ નાટક ઇટ્સ નોટ ફની નાટકમાં સિંધી પાત્ર 'બદલાની'નું પાત્ર ભજવેલું જે રફીકે યાદ રાખેલું. એ નાટકમાં 'ડાન્સર'નું પાત્ર ભજવનાર હિન્દી કલાકાર જાવેદ જાફરીને પણ આ પાત્ર બહુ ગમેલું. રનીંગ રોલ હતો અને ઘણાં એપિસોડ ચાલવાનો હતો.

મને પ્રલોભન પણ બતાવ્યું કે કમ-સે-કમ તું ૧.૫૦ લાખ કમાઈશ. મારા મોઢામાં પાણી આવી ગયું અને લાગ્યું જાણે ખીસ્સા ભીના થઈ ગયા. આઈ.એન.ટી. સંસ્થાનું એક માત્ર હાલ પૂરતું કમિટમેન્ટ કલકત્તાના ચાર શોનું હતું.

મેં આ વાત રફીકને કરી. એ કહે'તું સુરેશસે બાત કર લે'. મેં કહ્યું, 'ઉસકે પીછે બડી કહાની હૈ. મેરી આવાઝકે લિયે ઉસને એક લેટર મેરી વાઈફકો લિખા તબ તક ઠીક થા લેકીન એક ઔર લેટર મેરે રનિંગ પ્રોડ્યુસર કો લિખા વો મુજે હજમ નહિ હુઆ. માના ઉસકા ઈરાદા શાયદ સહી હોગા લેકિન જરાભી ઉચિત નહિ થા. તબસે મેં નાટકકી બાતકે સિવા બાત હી નહિ કરતાં હું' પછી રફીકે જ સુરેશને ફોન જોડ્યો. મને મળી રહેલી તક વિશે એણે બોધીજ્ઞાન આપ્યું, પણ સંસ્થાની નિયમાવલી આગળ કરી 'મના' કરી દીધી. એણે ચોખ્ખું કહી દીધું કે 'સંસ્થા વતી હું આ નિર્ણય ન લઇ શકું. હું ડિરેક્ટર છું પણ આ ઓથોરિટી હાઈ-કમાંડ પાસે હોય. હું બે-ત્રણ દિવસમાં જણાવું?' રફીકે આજે લીસ્ટ સબમિટ કરવાની અગત્યતા બતાવી. ઉમેર્યું જ્યાદા સે જ્યાદા કલ સુબહ તક... એ સામે સુરેશે હથિયાર હેઠા નાખતા કહી દીધું, 'તો ફિર ઔર કિસીકો લેલે. કયું કોન્ટ્રાવર્સીમેં પડના. ઉસમેં અરવિંદકા નામ ખરાબ હોગા' કહી ફોન મૂકી દીધો. રફીક મને કહે 'અગર સુરેશ ચાહતા તો એડજસ્ટ કર સકતા થા. લેકિન નહિ..સંસ્થા કા નામ આગે કરકે રિહર્સલ કી મહેનત ઔર ખર્ચ શાયદ બચા લિયા.' મેં કહ્યું કે 'ઇલાબહેનને અમદાવાદ જવું હતું તો એમનું રીપ્લેસમેન્ટ હેમા દીવાન પાસે કરાવી આપ્યું પણ મને આવી તક મળે છે ત્યારે.. રફીક મને કહે આગે કોઈ ટ્રેક નિકલેગા તબ દેખેંગે, જાને દે અપની ભૂલ આગે માલુમ હોગી.' મેં કહ્યું, 'જવા દે રફીક, બીજાની ભૂલોનો રોજમેળ રાખનારા પોતાની ભૂલોની નાની ચિઠ્ઠી પણ નથી રાખતા.' રફીક સાથે વધુ રોકાવાય એમ નહોતું, બીજા પણ ઓડિશનમાં હતા. ભવિષ્યની આશા સાથે હું રફીકથી છૂટો પડ્યો.

એ પછી 'દિલ્લગી'નું એ સિંધી પાત્ર દિલીપ સોમૈયાએ ભજવ્યું. મેં અપેક્ષાઓ છોડવાની ફરી કોશિશ શરૂ કરી દીધી. જિંદગી પરીક્ષા લે, સંબંધીઓ પેપર ચેક કરે અને સમાજ સલાહ આપે... ■

**ડબ્બલ રિચાર્જ**

*જીવનમાં કાયમ હસતા રહો, કોઈને ખબર ન પડવી જોઈએ કે તમારા લગ્ન થઈ ગયા છે,*

---

## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (૧૮૧)

**આ ભજન કઈ ફિલ્મના છે અને હિરો કોણ છે?**

૧) ઇતની શક્તિ હમે દેના દાતા મન કા વિશ્વાસ કમજોર હો ના હમ ચલે
૨) તું પ્યાર કા સાગર હૈ તેરી એક બુંદ કે પ્યાસે હમ, લૌટા જો દિયા તુમને
૩) હમ કો મન કી શક્તિ દેના મન વિજય કરે દુસરો કી જય સે પહેલે
૪) સુખ કે સબ સાથી દુઃખ મેં ના કોઈ મેરે રામ મેરે રામ તેરા નામ એક
૫) એક તુંહી ભરોસા એક તુંહી સહારા ઇસ તેરે જહાં મેં નહીં કોઈ
૬) એય માલિક તેરે બંદે હમ ઐસે હો હમારે કરમ નેકી પર ચલે,તાકી હસ્તે
૭) તુમ હી હો માતા પિતા તુમ્હી હો તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો

### ક્વિઝ (૧૮૨)

**આ કલાકારની એવી ફિલ્મનું નામ જણાવો જેમાં પતિ કે પત્ની શબ્દ આવતો હોય.**

૧) સંજીવ કુમાર
૨) રાજપાલ યાદવ
૩) જિતેન્દ્ર
૪) મિથુન ચક્રવર્તી
૫) કાર્તિક આર્યન
૬) શેખર સુમન
૭) રાજ કિરણ



જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

---

## મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી

# કંગના રનૌત
## તડ ને ફડની મોજીલી મહારાણી

ફિલ્મ અભિનેત્રી, નિર્માત્રી, દિગ્દર્શિકા, સંસદસભ્ય, પંગા ક્વિન અને પોતાના વિચારો નીડરતાથી રજૂ કરનારી કંગના રનૌત ૨૦૦૬થી ફિલ્મી દુનિયામાં કાર્યરત છે. આ ૨૦ વર્ષની કારકિર્દી દરમિયાન ચાર વાર નૅશનલ અવૉર્ડ્સ અને ચાર વાર ફિલ્મફેર અવૉર્ડ્સ મેળવી ચૂકી છે.

તેની આગામી ફિલ્મ 'ભારત ભાગ્ય વિધાતા' આજે (૧૨ જૂને) રજૂ થઈ રહી છે. 'પંગા ક્વિન' તરીકે જાણીતી કંગનાની કારકિર્દી જેટલી રસપ્રદ છે એટલી જ એની અંગત જિંદગી પણ છે. ૧૬ વર્ષની ઉંમરે મૉડેલિંગમાં ઝુકાવીને પછી તેણે જાણીતા થિયેટર ડિરેક્ટર અરવિંદ ગૌડ પાસેથી અભિનયની તાલીમ મેળવી હતી. માત્ર ૨૦ વર્ષની ઉંમરે તેને પહેલી ફિલ્મ મળી 'ગેંગસ્ટર'.

ઇમરાન હાશ્મી, શાઇની આહુજા સાથેની આ ફિલ્મથી તેણે બોલિવૂડમાં સફળતા મેળવવાની શરૂઆત કરી દીધી હતી. મહેશ ભટ્ટ - મુકેશ ભટ્ટ નિર્મિત આ ફિલ્મના દિગ્દર્શક અનુરાગ બાસુ હતા. આ ફિલ્મથી તેની કારકિર્દીની ગાડી સડસડાટ દોડવા લાગી અને બીજી તરફ તે બોલિવૂડમાં એક પછી એક વિવાદમાં ફસાતી ગઇ. જોકે, બેફામ બોલવાને કારણે તે સતત વિવાદમાં રહેતી હોય છે.

હાલમાં દક્ષિણ (સાઉથ)ની ફિલ્મ 'પેદ્દી'ના વિવાદમાં પણ તે કૂદી છે. જોકે, આ વિવાદની શરૂઆત જ તેણે કરી છે. રામચરણ અને જહાન્વી કપૂર અભિનીત આ ફિલ્મ અત્યારે સાઉથની સૌથી વધારે કમાણી કરનારી ફિલ્મ સાબિત થઇ છે , પણ તેની સફળતામાં જહાન્વી કપૂરનાં બોલ્ડ દૃશ્યોનો પણ મોટા હાથ છે. અહીં ગામડાંની ગોરી તરીકે જહાન્વી કપૂરને રજૂ કરવામાં આવી છે, પણ જે રીતે તેને એક 'ચીજ' તરીકે રજૂ કરવામાં આવી છે તે સામે કંગનાએ વાંધો ઉઠાવીને કહ્યું છે કે 'ફિલ્મના દૃશ્યમાં જો કાંઇ ખોટું હોય તો મહિલાએ (હીરોઇને) અવાજ ઊઠાવવો જોઇએ.' તેનાં આ નિવેદનને પગલે ખૂબ જ હોબાળો મચ્યો છે.

આમેય કંગના અને વિવાદ એકબીજાનાં પર્યાય બની ગયા છે. એવું નથી કે તેણે પોતાની ફિલ્મમાં બોલ્ડ દૃશ્યો ભજવ્યાં નથી, પણ જે બેહૂદી રીતે જહાન્વીનો ફિલ્મમાં ઉપયોગ કરાયો છે તેની સામે તેનો વિરોધ છે.

આજના આ લેખમાં આપણે કંગનાની ફિલ્મ કારકિર્દી વિશે ઓછી વાત કરીશું, પણ તેનાં વિવાદો પર એક નજર નાંખીએ... તે બોલિવૂડમાં પ્રવેશી ત્યારથી જ એક પછી એક વિવાદ ઊભા કર્યા કરે છે.

૨૦૦૬-૨૦૦૭ દરમિયાન કંગનાની શરૂઆત હતી ત્યારે આદિત્ય પંચોલી અને ઝરીના વહાબે તેને આશરો આપ્યો હતો. હિમાચલ પ્રદેશ છોડીને આવેલી કંગનાનું એ સમયે બહુ સારું લાગ્યું હતું, પણ પછી આદિત્ય પંચોલી સાથેના 'અફેયર'ની ચર્ચા થવા લાગી હતી. ૨૦૦૭માં તો તેણે આદિત્ય પંચોલી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે તે મારઝૂડ કરે છે. દારૂના નશામાં આદિત્ય મારઝૂડ કરતો હોવાની ફરિયાદ કરી તેણે વિવાદ જગાવ્યો હતો.

ત્યારપછી ૨૦૦૮માં 'રાઝઃ ધ મિસ્ટ્રી કન્ટિન્યુઝ' વખતે શેખર સુમનના પુત્ર અધ્યયન સુમન સાથેનું તેનું પ્રેમપ્રકરણ ચગ્યું હતું. ત્યારબાદ ઇંગ્લેન્ડનાં એક ડોક્ટર સાથે તેનું પ્રેમપ્રકરણ ગાજ્યું હતું. ૨૦૧૬માં 'ક્રીશ-થ્રી'ના શૂટિંગ દરમિયાન હૃતિક રોશન સાથેની એની હોટ હોટ અફેરે બધાનું ધ્યાન ખેંચ્યું નજરે હતું. જોકે, આ પ્રેમપ્રકરણ પછી દાવા અને પ્રતિદાવાને પગલે આ પ્રેમપ્રકરણ ખરડાયું હતું.

૨૦૧૭માં કંગનાએ જાણીતા ફિલ્મસર્જક કરણ જોહરને એના જ એક ચેટ શો દરમિયાન 'નેપોટીઝમ' માટે ખૂબ જ જવાબદાર ઠેરવ્યો હતો. તેમાં પણ સુશાંતસિંહ રાજપૂતના અણધાર્યા અવસાન પછી તેણે કરણ જોહરને આડે હાથ લઈને સુશાંતસિંહ જેવાં કલાકારની કારકિર્દી બરબાદ કરવા માટે કેટલાક વગદાર નિર્માતા- દિગ્દર્શકો જવાબદાર છે એમ કહીને વિવાદ છેડ્યો હતો.

૨૦૨૦માં કંગનાએ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે સાથે વિવાદ છેડ્યો હતો. સુશાંતસિંહ રાજપૂતના અવસાનના કેસમાં ભીનું સંકેલાયુ હોવાનો તેણે આક્ષેપ કર્યો હતો અને મુંબઈની તુલના પીઓકે (પાકિસ્તાન ઑક્યુપાઇડ કાશ્મીર) સાથે કરી હતી. આ વિવાદને પગલે મુંબઈ મહાનગર પાલિકાએ તેનાં વાંદરા સ્થિત બંગલોનું કેટલુંક બાંધકામ તોડી પાડ્યું ત્યારે કંગનાએ ખુલ્લેઆમ ઉદ્ધવ ઠાકરેને ચેતવણી આપી હતી કે 'આજે મારું ઘર તોડવામાં આવ્યું છે, પણ એક દિવસ તારો ઘમંડ ચકનાચૂર થશે.' ત્યાર પછી મુંબઈ હાઇ કાર્ટે બીએમસીએ કરેલા તોડકામને ગેરકાયદે ગણાવ્યું હતું અને કંગનાને વળતર ચુકવવાનો આદેશ આપ્યો હતો. એ પછી વિધાનસભાની છેલ્લી ચૂંટણીમાં ઉદ્ધવના પક્ષનો રકાસ થયો ત્યારે કંગનાએ આ રકાસ અને ભાજપની જીતને ઉજવી હતી. વિવાદોની વચ્ચે કંગનાએ અભિનયમાં પણ નામના મેળવી છે અને ચાર વાર નૅશનલ અવૉર્ડ્સ મેળવ્યાં છે. તેમાં ૨૦૦૮માં 'ફેશન' ફિલ્મમાં સહાયક અભિનેત્રીનો અને ત્રણ વાર શ્રેષ્ઠ અભિનેત્રીના અવૉર્ડ્સનો સમાવેશ થાય છે. ૨૦૧૪માં 'ક્વિન', ૨૦૧૫માં 'તનુ વેડ્સ મનુ રિટર્ન્સ' અને ૨૦૧૯માં 'મણિકર્ણિકાઃ ધ ક્વિન ઓફ ઝાંસી' તેમજ 'પંગા'નો સમાવેશ થાય છે. ૨૦૨૦માં કંગનાએ પોતાની નિર્માણ સંસ્થા 'મણિકર્ણિકા ફિલ્મ્સ'ની શરૂઆત કરી છે. ફિલ્મની નિર્માત્રી અને દિગ્દર્શિકા તરીકે આ બેનર હેઠળ તેણે જયલલિતાના જીવન પર ફિલ્મ બનાવી હતી 'થલાઇવા'. ત્યારબાદ 'મણિકર્ણિકાઃ ધ ક્વિન ઓફ ઝાંસી'.... ૨૦૨૫માં તેણે ઈન્દિરા ગાંધીના જીવન પર 'ઇમર્જન્સી' નામની ફિલ્મ બનાવી, જેનું દિગ્દર્શન તેણે કર્યું હતું અને તેમાં તેણે ઈન્દિરા ગાંધીની ભૂમિકા ભજવી હતી. તેની આગામી ફિલ્મ 'ભારત ભાગ્ય વિધાતા' છે, જેનું નિર્માણ તેણે ડૉ. જયંતિલાલ ગડા અને 'પેન સ્ટુડિયો' સાથે મળીને કર્યું છે. આ ફિલ્મના દિગ્દર્શક મનોજ તાપડિયા છે. આ ફિલ્મમાં ૨૬/૧૧ના મુંબઈ પર થયેલાં ત્રાસવાદી હુમલાની વાત વણી લેવામાં આવી છે. આ ત્રાસવાદી હુમલા વખતે કામા હોસ્પિટલની નર્સો, વૉર્ડબોય અને કર્મચારીઓએ કઈ રીતે સેવા બજાવી હતી તે દર્શાવાયું છે. આ ફિલ્મની રજૂઆત પહેલાં જ દિલ્હીના મુખ્ય પ્રધાને તો તેને દિલ્હીમાં 'ટેક્સ ફ્રી' જાહેર કરી દીધી છે તો બીજી તરફ મુંબઈની 'કામા' હૉસ્પિટલની કેટલીક નર્સોએ એમને ફિલ્મમાં ખોટી રીતે દર્શાવા માટે જાહેર વિરોધ કર્યો છે ! ■



---

**OTTનું હોટસ્પોટ**

## ૧૩ જૂનથી ૧૯ જૂન દરમિયાન શું જોશો?

ઓટીટી ચૅનલ 'નેટફ્લિક્સ' પર આજે એટલે કે ૧૨ જૂને અક્ષયકુમાર, વામિકા ગબ્બી, પરેશ રાવલ, તબ્બુ, અસરાની, રાજપાલ યાદવ અભિનિત સુપરડુપર હિટ ફિલ્મ 'ભૂત બંગલા' જોવા મળશે. આ જ ચૅનલ પર ૧૪ જૂને 'આઇ વિલ ફાઇન્ડ યુ' નામની અંગ્રેજી સિરીઝનું પ્રસારણ શરૂ થવાનું છે.

* એમેઝોન પ્રાઇમઃ

અહીં આ ચેનલ પર આજે દિલ્હીને હચમચાવનારા રંગા-બિલ્લા કેસ પર આધારિત ફિલ્મ 'રાખ' જોવા મળશે, જેમાં મુખ્ય કલકારો અલી ફઝલ અને સોનાલી બેન્દ્રે છે. આ ક્રાઈમ થ્રિલર પહેલી જ વાર રજૂ થઈ રહી છે. અહીં ૧૭ જૂને 'ચોર ફોલ્ટ લંડન' નામની સિરીઝનું પ્રસારણ શરૂ થશે અને ૧૯ જૂને 'ધ સ્પોન્જબોબ મૂવીઃ સર્ચ ફોર સ્ક્વેર પેન્ટ્સ' રજૂ થશે.

* જિયો હોટસ્ટારઃ


અહીં આજે ક્રાઈમ થ્રિલર 'ફ્રીડમ'નું પ્રસારણ થશે અને ૧૯ જૂને 'ઠુકરા કે મેરા પ્યાર'ની બીજી સીઝન શરૂ થશે. આ પોલિટિકલ થ્રિલરમાં મુખ્ય ભૂમિકા સંચિતા બાસુ અને ધવલ ઠાકુરની છે. ■

---

## ફિલ્મનામા

નરેશ શાહ

# એક અજાણી વાત
## શાહરુખ ખાનના એક નિષ્ફળ વેન્ચરની...


શાહરુખ ખાન


અઝીઝ મીર્ઝા


જુહી ચાવલા

તમને 'ડ્રિમ્ઝ અનલિમિટેડ' નામની કંપનીનું નામ યાદ છેને?!

૨૦૨૬માં થયેલો એક ફિલ્મી સર્વે એવું દર્શાવે છે કે અત્યારે સૌથી વધુ તીવ્રતાથી કોઈ ફિલ્મની રાહ જોવાતી હોય યા સૌથી વધુ આતુરતા ધરાવતી કોઈ ફિલ્મ હોય તો એ છે શાહરુખ ખાનની ફિલ્મ 'કિંગ'. આ ફિલ્મનું નિર્માણ 'રેડ ચીલીઝ એન્ટરટેઈન્મેન્ટે' કર્યું છે, જેના માલિક શાહરુખ ખાન અને તેની પત્ની ગૌરી ખાન છે. ખાન દંપતીનું 'રેડ ચિલીઝ' પ્રોડકશન હાઉસ અત્યારે તો બોલિવૂડના સૌથી પ્રતિષ્ઠિત પ્રોડકશન હાઉસ પૈકીનું એક ગણાય છે. 'પહેલી' ફિલ્મ જેવી બહુ ઓછી નિષ્ફળતા 'રેડ ચિલીઝ'ના ભાગે આવી છે, પરંતુ આ સફળ - પ્રોડકશન હાઉસના પાયામાં શાહરુખ ખાનની એક ઘોર નિષ્ફળતા રહેલી છે, એ બહુ ઓછાને ખયાલ હશે.

'રેડ ચીલીઝ' (૨૦૦૨)ના જન્મ પહેલાં પણ બાદશાહ ખાન એક પ્રોડકશન હાઉસ શરૂ કરી ચૂકયાં હતા. તેનું નામ હતુંઃ 'ડ્રિમ્ઝ અનલિમિટેડ' !

બડે બડે અરમાનો સાથે શરૂ થયેલી 'ડ્રિમ્ઝ અનલિમિટેડ'ના સર્જન અને વિસર્જનની વાત જાણવા જેવી છે. શાહરુખ ખાનનું આ પ્રથમ પ્રોડકશન હાઉસનો જન્મ 'યસ બોસ' (૧૯૯૭) ફિલ્મ નિર્માણથી થયો હતો. 'યસ બોસ' વખતે અઝીઝ મીર્ઝા, જુહી ચાવલા અને શાહરુખાનને વિચાર આવેલો કે પ્રોડયુસર આપણી આવડત અને કૌવત પર કરોડો રૂપિયા લગાવી શકતા હોય તો આપણે કેમ આપણી જાત પર વિશ્વાસ નથી મૂકી શકતા? જો આપણે જ પ્રોડયુસર હોઈએ તો આપણી મનમરજી ફિલ્મની ફિલ્મ બનાવી શકીએ અને સિનેમાને વધુ (બોકસ ઓફિસને નહીં) વફાદાર રહીને કામ કરી શકીએ. આવા વિચારના ખાતર પર 'ડ્રિમ્ઝ અનલિમિટેડ' કંપની બની. અઝીઝ મીર્ઝા, જુહી ચાવલા અને શાહરુખ ખાન પાંચ-પાંચ લાખ કાઢીને કંપનીના પાર્ટનર બન્યા. અલગ પડવા માટે શાહરુખે કંપનીના નામ પાછળ એસ (ડ્રિમ્સ નહીં) પણ ઝેડ (ડ્રિમ્ઝ) લગાડયો.

ડ્રિમ્ઝ અનલિમિટેડના ત્રણેય પાર્ટનર તો ક્રિએટીવ પર્સન હતા. કલદારની અને કાયદાના વહીવટને તેમને ખાસ કશી ગતાગમ નહોતી એટલે જય મહેતા (જુહી ચાવલાના પતિ)એ રજિસ્ટરી સહિતની બાબત સંભાળી લીધી હતી. યશ જોહર (કરણ જોહરના પિતા)ને પ્રોડકશનની જવાબદારી સોંપવામાં આવી. જુહીના ભાઈ સંજીવ (જે પછીથી ગંભીર અકસ્માતનો ભોગ બનીને કોમામાં જતા રહ્યા)ને પ્રોડકશન એક્ઝિક્યુટિવ બનાવવામાં આવ્યા. વીસ માણસોનો સ્ટાફ લેવામાં આવ્યો અને ચાર માળનું એક બિલ્ડીંગ ખરીદીને 'ડ્રિમ્ઝ અનલિમિટેડ'ની કોર્પોરેટ ઓફિસ શરૂ કરવામાં આવી. શાહરુખ ખાનની ઓફિસની બહાર નેઈમ પ્લેટ લગાડવામાં આવીઃ સુપરસ્ટાર.

'યસ બોસ' તેમનું પ્રથમ નિર્માણ હતું, જે કંઈ સુપરડુપર હિટ નહોતું. તિજોરીની દૃષ્ટિએ ઠીકઠાક રહી હતી આ ફિલ્મ અને એટલે જ ત્રણેય થાપ ખાઈ ગયા. વાજતે ગાજતે તેમણે 'ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની' ફિલ્મનું એનાઉન્સમેન્ટ થયું. ડિરેકટર, હીરો અને હીરોઈન તો ઘરના (એટલે કે કંપનીના) જ હતા. ત્રણ કરોડના બજેટ સાથે ન્યૂઝ-ચેનલ અને પત્રકારોની વાત કરતી 'ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની' બનાવવામાં આવી, જે બનાવવા પર આદિત્ય ચોપડા અને કરણ જોહર પહેલીથી જ સહમત નહોતા. તે બન્ને સાચા પડયા. ૨૧ જાન્યુઆરી, ૨૦૦૦ના દિવસે રિલીઝ થયેલી 'ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની' ડિઝાસ્ટર પુરવાર થઈ. બધા આઘાતથી સૂનમૂન થઈ ગયા પણ શાહરુખ ખાન માટે એ ડિપ્રેશનનો ડબલ ડોઝ હતો, કારણ કે આગલા અઠવાડિયે જ રિલીઝ થયેલી ફિલ્મ 'કહો ના પ્યાર હૈ' બ્લોક બસ્ટર થઈ અને પ્રથમ ફિલ્મથી જ હૃતિક રોશન સુપરસ્ટાર થઈ ગયો. 'ઈન્ડિયા ટૂડે' જેવા મેગેઝિને એવી કવરસ્ટોરી છાપી કે શાહરુખના સ્થાને હવે હૃતિક રોશન આવી ગયો છે (આ દિવસોમાં શાહરુખ ખાન પુત્ર આર્યનને પૂછતો રહેતોઃ સબ અચ્છા કૌન હૈ!)

આ જ મનોવ્યથાના દૌરમાં શાહરુખે હાર્યા જુગારી બમણું રમેના ન્યાયથી સાડા બાર કરોડના બજેટવાળી 'અશોકા' ફિલ્મ અનાઉન્સ કરી અને રિલીઝ પછી ઈન્ડિયામાં એ પણ ભપ્પ થઈ ગઈ. ચાર કરોડની નુકસાની થઈ. લાગલગાટ બે ફિલ્મની નિષ્ફળતા પછી 'ડ્રિમ્ઝ અનલિમિટેડ'ના ત્રણેય હતાશ પાર્ટનરોએ સેઈફ રમવા માટે 'ચલતે - ચલતે' ફિલ્મ બનાવવાની જાહેરાત કરી. શરૂઆતમાં તેમાં ઐશ્વર્યા રાય હતી પણ સલમાન કાંડ પછી તેને રિપ્લેસ કરીને રાની મુખરજીને લેવામાં આવી અને... આ વાત જુહી ચાવલાને ખટકી ગઈ. માર્કેટની ડિમાન્ડ મુજબ તેને ઐશ્વર્યા રાય સામે વાંધો નહોતો, પણ રાની મુખરજી કરતાં પોતાની માર્કેટ વેલ્યુ (અને શાહરુખ સાથેની જોડી) વધારે વજનદાર હોવાનું માનતી જુહી ચાવલાએ ત્યારે તો હસતા મોંઢે ફિલ્મ બનવા દીધી. 'ચલતે ચલતે' એ પણ પૂરવાર કર્યું કે એ કંઈ સફળતમ ફિલ્મ નહોતી.

બસ, જુહીનો રસ ઊડી ગયો ડ્રિમ્ઝ અનલિમિટેડમાંથી. અઝીઝ મીર્ઝા પણ પત્ની નિમેસાના અવસાનથી અપસેટ થઈ ગયા હતા. શાહરુખ ખાન પોતાની અગાઉની ફિલ્મોથી સંતુષ્ટ હતો, પણ તેનું સ્ટારડમ ફરી લાવે તેવી એ ફિલ્મો નહોતી. આખરે ૨૦૦૧માં 'ડ્રિમ્ઝ અનલિમિટેડ'ના વાવટો સંકેલાઈ ગયા અને ૨૦૦૨માં પત્ની સાથેની ભાગીદારીમાં એસઆરકેએ 'રેડ ચીલીઝ એન્ટરટેઈન્મેન્ટ' શરૂ કરી, જેણે પ્રથમ ધડાકે જ 'મૈં હૂ ના' ફિલ્મથી શાહરુખ ખાનને ફરીથી બ્લોક બસ્ટર સ્ટાર બનાવી દીધો!' ■

# પશ્ચિમ એશિયામાં તણાવ વધતાં ઈક્વિટી માર્કેટમાં સાવચેતીનો અભિગમ

## સત્ર દરમિયાન સેન્સેક્સમાં ૮૭૫ પૉઈન્ટની બેતરફી વધઘટને અંતે ૧૫૦ પૉઈન્ટનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવમાં વધારો થવાથી આજે બજારમાં સાવચેતીના અભિગમ વચ્ચે બેતરફી વધઘટ જોવા મળી હતી, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં સત્ર દરમિયાન ૮૭૫.૫૯ પૉઈન્ટની વધઘટને અંતે ૧૫૦.૬૩ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૫૩.૩૫ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. પશ્ચિમ એશિયાની કટોકટીને પગલે ઈંધણના ભાવ વધી આવ્યા હોવાથી અમેરિકામાં ગત મે મહિનાનો ફુગાવો ત્રણ વર્ષની ઊંચી ૪.૨ ટકાની સપાટીએ રહ્યો હોવાના નિર્દેશો સાથે વિશ્વ બજારમાં મિશ્ર વલણ રહ્યું હતું. જોકે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં એકતરફી વેચવાલી જળવાઈ રહેતાં આજે તેઓની રૂ. ૧૪,૦૦૦.૫૮ કરોડની ખરીદી સામે રૂ. ૧૫,૯૮૭.૬૭ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૧૯૮૭.૦૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી બજાર વધુ દબાણ હેઠળ આવી હતી. જોકે, તેની સામે આજે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૬,૮૨૨.૫૭ કરોડની ખરીદી સામે રૂ. ૧૨,૫૯૮.૦૮ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૪૨૨૪.૫૧ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી.

આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૩,૯૮૩.૧૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૩,૬૧૫.૯૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૩,૫૧૮.૭૫ અને ઉપરમાં ૭૪,૩૯૪.૩૪ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૨૦ ટકા અથવા તો ૧૫૦.૬૩ પૉઈન્ટ ઘટીને ૭૩,૮૩૨.૫૫ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૨૧૪.૯૫ના બંધ સામે ૨૩,૧૦૪.૪૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૩,૦૭૨.૦૫થી ૨૩,૩૨૭.૪૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૫૩.૩૫ પૉઈન્ટ અથવા તો ૦.૨૩ ટકા ઘટીને ૨૩,૧૬૧.૬૦ની સપાટીએ બંધ રહ્યો હતો.




એકંદરે આજે બજારમાં ભારે ચંચળતાનું વલણ જોવા મળ્યું હતું જેમાં આરંભિક તબક્કે નરમાઈના અન્ડરટોને ખૂલ્યા બાદ મજબૂત વલણ જોવા મળ્યું હતું, પરંતુ મધ્યસત્ર પશ્ચાત્ સુધારો ધોવાઈ ગયો હોવાનું લાઈવલૉન્ગ વૅલ્થનાં સંસ્થાપક અને વિશ્લેષક હરિપ્રસાદ કેએ જણાવ્યું હતું. તે પ્રમાણે રલિગેર બ્રોકિંગનાં સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ કહ્યું હતું કે આરંભિક અડધા કલાકની નરમાઈ ખંખેરીને સુધારો જોવા મળ્યો હતો, પરંતુ મધ્ય પૂર્વમાં તણાવ વધવાના અહેવાલ અને ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૯૫ ડૉલરની નજીક પહોંચ્યાના નિર્દેશો સાથે મધ્યસત્ર પશ્ચાત્ સુધારો ધોવાઈ ગયો હતો. વધુમાં અમેરિકાના ફુગાવાના ડેટાની જાહેરાત પશ્ચાત્ ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી ભારત સહિતના વૈશ્વિક બજારો દબાણ હેઠળ આવ્યા હતા.

ગઈકાલે અમેરિકાના ફુગાવાના ડેટામાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકવામાં વિલંબ કરશે અને વૈશ્વિક નાણાં સ્થિતિ તંગ રહે તેવી ભીતિ સપાટી પર આવી હોવાથી આજે આઈટી શૅરોમાં વેચવાલીનું દબાણ વધુ રહ્યું હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

દરમિયાન આજે બીએસઈ ખાતે કુલ ૪૩૮૯ શૅરમાં કામકાજ થયા હતા, જેમાંથી ૧૨૭૯ શૅરના ભાવ વધીને, ૨૯૨૮ શૅરના ભાવ ઘટીને અને ૧૮૨ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. આજે ૭૭ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૧૯ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા અને મિડકેપ તથા સ્મોલકેપ ઈન્ડેક્સમાં અનુક્રમે ૧.૦૮ ટકાનો અને ૦.૨૦ ટકાનો ઘટાડો આવ્યો હતો. આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી નવ શૅરના ભાવ વધીને અને ૨૧ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૨.૭૧ ટકાનો ઘટાડો ઈન્ફોસિસમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે એચસીએલ ટેક્નોલૉજીસમાં ૧.૯૫ ટકાનો, અદાણી પોર્ટસમાં ૧.૯૧ ટકાનો, ઈટર્નલમાં ૧.૮૨ ટકાનો, બજાજ ફાઈનાન્સમાં ૧.૫૬ ટકાનો અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૧.૪૯ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મુખ્ય વધનાર શૅરોમાં આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૧.૮૭ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૧.૬૭ ટકાનો, કોટક મહિન્દ્રામાં ૧.૩૧ ટકાનો, સનફાર્મામાં ૦.૪૦ ટકાનો, ભારતી એરટેલમાં ૦.૩૮ ટકાનો અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ૦.૨૪ ટકાનો સુધારો આવ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં આઈટી ઈન્ડેક્સમાં ૧.૭૮ ટકાનો, ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૧.૫૯ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૧.૪૦ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૧૯ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૧.૧૭ ટકાનો અને પાવર ઈન્ડેક્સમાં ૧.૦૭ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેની સામે હૅલ્થકૅર, પ્રાઈવેટ બૅન્ક ઈન્ડેક્સ, બૅન્કેક્સ, ટોપ ટેન બૅન્ક્સ અને મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક્સ ક્વૉલિટી ટિલ્ટ ઈન્ડેક્સ વધીને બંધ રહ્યા હતા#

આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પી અને જાપાનના નિક્કી ૨૨૫ ઈન્ડેક્સમાં ધીમો સુધારો આવ્યો હતો, જ્યારે શાંઘાઈના એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સમાં અને હૉંગકૉંગના હૅંગસૅંગમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. તેમ જ યુરોપના બજારોમાં મધ્યસત્ર દરમિયાન સુધારો જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે અમેરિકાના બજારોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. ■

# વૈશ્વિક બજારમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૧૦૦ ડૉલરની અંદર ઊતરતા સ્થાનિકમાં ₹ ૨૩૬૪નો ઘટાડો, ચાંદી ₹ ૬૯૨ નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવમાં થયેલા વધારાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે એક તબક્કે સોનાના ભાવ ગત ૨૧મી નવેમ્બર પછીની નીચી સપાટી સુધી ગગડી ગયા હતા અને ઔંસદીઠ ૪૧૦૦ ડૉલરની સપાટી ગુમાવી હતી. તેમ જ ચાંદીના ભાવમાં પણ ઘટાડો આવ્યો હતો, પરંતુ આજે લંડન ખાતે સત્રના આરંભે બન્ને કિંમતી ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો. આમ એકંદરે વૈશ્વિક ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૫૫થી ૨૩૬૪નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં કિલોદીઠ રૂ. ૬૯૨ની નરમાઈ જોવા મળી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું, પરંતુ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ લેવાલી જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૬૯૨ના ઘટાડા સાથે રૂ. ૨,૩૨,૫૯૧ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલે વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૩૫૫ના ઘટાડા સાથે રૂ. ૧,૪૪,૨૦૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૪૪,૭૮૨ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં રોકાણલક્ષી છૂટીછવાઈ માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.




ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવ ૨૧ નવેમ્બર પછીની સૌથી નીચી સપાટી સુધી ગબડ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૪૦૯૭.૦૧ ડૉલર આસપાસ અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૪ ટકા ઘટીને ૪૧૧૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૧.૩ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૬૪.૪૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકા અને ઈરાને સતત બીજા દિવસે એકબીજા પર હુમલા ચાલુ રાખ્યા હતા અને અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જો તહેરાન તાત્કાલિક ધોરણે શાંતિ કરાર માટે સહમત નહીં થાય તો વધુ આક્રમક હુમલા કરવામાં આવશે, એવું જણાવ્યું હોવાથી પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવમાં વધારો થવાની ભીતિ સપાટી પર આવતા ગઈકાલે સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા.

જોકે, હાલ સોનામાં ઓવરસોલ્ડ પોઝિશન હોવાનું વિશ્લેષક રોસ નોર્મને જણાવતાં ઉમેર્યું હતું કે હવે ભાવમાં સુધારાતરફી વલણ રહે છે કે નફારૂપી વેચવાલીનું દબાણ રહે છે તે જોવું રહ્યું.

ગત મે મહિનામાં અમેરિકા ખાતે ફુગાવામાં ત્રણ વર્ષની ઝડપી ગતિએ વધારો થયો હોવાના અહેવાલ હતા. સામાન્યપણે વધતા ફુગાવાના સંજોગોમાં વ્યાજની ઊપજ ન આપતી સોના જેવી કિંમતી અસ્ક્યામતોમાં રોકાણકારોની લેવાલી રહેતી હોય છે, પરંતુ અત્યારના સંજોગો જોતા વધતા ફુગાવાને અંકુશમાં રાખવા અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં સોનામાં રોકાણલક્ષી અને હેજરૂપી માગ ઓછી રહેતી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તેમ જ આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી ડિસેમ્બર અંત સુધીમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૭ ટકા શક્યતા જોઈ રહ્યા છે. ■

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૫થી ૩૮૬૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. તેમ જ આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ અંદાજે ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૨થી ૪૦૪૬માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી સાધારણ રૂ. ચારના સુધારા સાથે રૂ. ૪૦૮૬થી ૪૧૯૨માં થયા હતા.



વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૦થી ૪૦૬૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# નાણાં મંત્રાલય દ્વારા ડીજીટીઆરની એન્ટિ-ડમ્પિંગ ડ્યૂટીની ભલામણ નકારવાનાં પ્રમાણમાં વધારો

નવી દિલ્હી: ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ (ડીજીટીઆર) દ્વારા એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવા માટે કરવામાં આવેલી ભલામણોને નાણાં મંત્રાલય દ્વારા નકારી કાઢવાની વધતી સંખ્યાનો મુદ્દે વાણિજ્ય મંત્રાલયે ઉચ્ચતમ સ્તર સાથે હાથ ધર્યો હોવાનું એક વરિષ્ઠ અધિકારીએ તાજેતરમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ડીજીટીઆર એ વાણિજ્ય મંત્રાલય હેઠળની શાખા છે જે સ્થાનિક ઉદ્યોગને અયોગ્ય વેપાર પ્રથાઓથી બચાવવા માટે યોગ્ય પગલાં લે છે. તેમ જ તે એન્ટિ ડમ્પિંગ, એન્ટિ સબસિડી અને સેફગાર્ડ (સુરક્ષાત્મક) તપાસ હાથ ધરે છે અને સ્થાનિક કાયદાઓ તથા વૈશ્વિક વેપાર સંગઠનનાં માળખા હેઠળ ભારતની જવાબદારી અનુસાર સરકારને યોગ્ય પગલાની ભલામણ કરે છે. જોકે, નાણાં મંત્રાલય દ્વારા ડ્યૂટી સહિતની ફરજો લાદવા માટે અંતિમ નિર્ણય લેવામાં આવે છે. અહેવાલ અનુસાર ભારતે ઐતિહાસિક રીતે વર્ષ ૨૦૨૦ સુધી અંદાજે ૯૯.૫ ટકા ભલામણો લાગુ કરી હતી, પરંતુ તેનો અસ્વીકાર અને અમલીકરણ ન કરવાના દરમાં તીવ્ર અથવા તો નોંધપાત્ર વધારો થયો છે. એપ્રિલ-નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન અસ્વીકારનો ગુણોત્તર જે ૧૬ ટકા હતો તે નવેમ્બર, ૨૦૨૫થી એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન વધીને ૮૧ ટકાના સ્તરે પહોંચ્યો છે. સી-ડીઈપી રિસર્ચ અને સેન્ટર ફોર ડબ્લ્યુટીઓ સ્ટડીઝ રિપોર્ટ- ઈમ્પેક્ટ ઑફ એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીઝ ઈન ઈન્ડિયા અનુસાર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીનો અમલ ન થવાથી સ્થાનિક ક્ષમતાનો ઉપયોગ ઘટવાની સાથે સાથે પ્રતિબદ્ધ અને નવાં રોકાણોમાં નોંધપાત્ર ઘટાડો થાય છે.

જેને કારણે લાંબાગાળાની ઔદ્યોગિક સ્થિતિસ્થાપકતા નબળી પડે છે અને અર્થતંત્રમાં પુરવઠા અને માગ વચ્ચેનો તફાવત પણ વધે છે.

નાણાં મંત્રાલયનાં ડીજીટીઆરની ભલામણોના અસ્વીકારનાં કારણો વિષે આવતા અધિકારીએ જણાવ્યું હતું કે અમે આ મુદ્દે ઘણી વાતચીત કરી રહ્યા છીએ. તેઓ સામાન્ય રીતે કારણો આપતા નથી, પરંતુ અમે તેઓને વધુને વધુ ઈનપૂટ્સ આપવા પ્રયાસો કરીએ છીએ. જોકે, આ મુદ્દો ઉચ્ચ સ્તરે ઉઠાવવામાં આવી રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં અહેવાલમાં ઉમેરવામાં આવ્યું છે કે ભલામણ કરવામાં આવેલ એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીનો અમલ ન કરવાથી સ્થાનિક ઉદ્યોગને વાર્ષિક રૂ. ૧૧,૯૩૮ કરોડનું નુકસાન થયું છે, જ્યારે આ લેવી લાદવાથી આયાત ઘટાડીને વિદેશી હૂંડિયામણની અનામતમાં વાર્ષિક રૂ. ૨૮,૫૪૦ કરોડનો વધારો થઈ શકત. ■

# ભૂરાજકીય તણાવ અને વિદેશી ફંડોના બાહ્યપ્રવાહ વચ્ચે રૂપિયો ૬૦ પૈસા ખાબક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવમાં વધારો થવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશ અને ઈક્વિટી બજારમાં પણ ઘટાડાતરફી વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૬૦ પૈસા ખાબકીને ૯૫.૮૫ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૨૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૫૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૮૫ અને ઉપરમાં ૯૫.૫૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૬૦ પૈસા તૂટીને સત્રની નીચી ૯૫.૮૫ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૬ પૈસાનો સુધારો આવ્યો હતો. આજે અમેરિકા અને ઈરાને સતત બીજા દિવસે એક બીજા પર હુમલાઓ ચાલુ રાખતા પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવમાં વધારો થયો હતો. તેમાં પણ આજે સવારે અમેરિકાએ ઈરાન પર વધુ આક્રમક હુમલા કર્યા હોવાનું જણાવ્યું હતું, પરંતુ ઈરાને અમેરિકાએ કરેલા હુમલામાં થયેલા નુકસાનની કોઈ માહિતી જાહેર નહોતી કરી.

વધુમાં એક ભારતીય અધિકારીએ જણાવ્યું હતું કે ઈરાની બંદર પર વૉશિંગ્ટનની નાકાબંધીનું ઉલ્લંઘન કરવાનો પ્રયાસ કરી રહેલા ઑઈલ ટેન્કર પર કરવામાં આવેલા અમેરિકાના હુમલામાં ત્રણ નાવિકો માર્યા ગયા હતા, જે નાવિકો માટે જોખમના સંકેત આપે છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૩ ટકા વધીને ૧૦૦.૦૭ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૬૭ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૯૨.૪૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

વધુમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૧૨૪.૯૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશ તેમ જ આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૫૦.૬૩ પૉઈન્ટનો અને ૫૩.૩૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હતો. ■

# વિશ્વ બજાર પાછળ આયાતી તેલમાં સુધારો, સિંગતેલમાં ₹ ૧૦નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૭ રિંગિટનો સુધારો આવ્યાના અહેવાલ ઉપરાંત ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં પણ ૪૨ સેન્ટ વધી આવ્યાના નિર્દેશો સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં ખાસ કરીને સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ અનુક્રમે રૂ. પાંચ અને રૂ. ૩૦નો સુધારો આવ્યો હતો, જ્યારે આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં દેશાવરોની માગ શુષ્ક રહેતાં ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવતા સ્થાનિકમાં પણ સિંગતેલના ભાવમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે ડાયરેક્ટ ડિલિવરી ધોરણે છૂટાછવાયા વેપાર થયાના અહેવાલ હતા.


આજે સ્થાનિકમાં ૧૦ કિલોદીઠ ડાયરેક્ટ ડિલિવરી શરતે એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૭૦, સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૫૫૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૫, રિલાયન્સ કન્ઝ્યુમરના ઑગસ્ટ ડિલિવરી ધોરણે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૬૭૦ તથા ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગુજરાતમાં ગોંડલ મથકે આજે મગફળીની ૮૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૨૪૦૦ ગૂણીની આવક સામે બન્ને મથકો પર વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૫૫૦માં થયા હતા. તેમ જ ગોંડલમાં આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૨૫માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૮૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૨૫થી ૧૫૩૦માં થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર એક લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૮૫૦થી ૭૧૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૧૦૦થી ૭૨૦૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. હાજર બજારમાં આજે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૪૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૦, સિંગતેલના રૂ. ૧૬૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૫૫ અને સરસવના રૂ. ૧૬૦૫ના મથાળે રહ્યાં હતા, જ્યારે ગુજરાતના મથકો પર આજે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦માં થયાના અહેવાલ હતા. ■

# પશ્ચિમ એશિયામાં પરિસ્થિતિ વણસતા ધાતુમાં આગળ ધપતો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ઈઝરાયલે એક બીજા પર હુમલાઓ વધારતા ભૂરાજકીય તણાવમાં થયેલા વધારાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત ક્રૂડતેલના ભાવ પણ બેરલદીઠ ૯૦ ડૉલરની ઉપરની સપાટીએ પ્રવર્તી રહ્યા હોવાથી તેની વૈશ્વિક અર્થતંત્રો પર માઠી અસર થવાની ભીતિ હેઠળ આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ધાતુઓના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સતત બીજા સત્રમાં ભાવઘટાડો આગળ ધપ્યો હતો. જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં કિલોદીઠ રૂ. એકથી ૩૦ સુધીનો ઘટાડો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી તેમ જ એકતરફી ભાવઘટાડાના વલણમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પણ નિરસ રહેતાં મુખ્યત્વે નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૩૦ ઘટીને રૂ. ૧૭૩૨, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૪ ઘટીને રૂ. ૧૩૫૨, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૯૯ અને રૂ. ૮૭૦ અને કોપર આર્મિચર તથા ટીનના ભાવ કિલોદીઠ રૂ. નવના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૧૨૮૫ અને રૂ. ૫૧૧૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૧૨૯૫, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૧૩૦૪, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૩૭૯ અને રૂ. ૩૬૨ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૨૧૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૩૫ અને રૂ. ૩૨૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# હાઈ-ટેન્શન વીજ લાઈન મુદ્દે મોરબી-સુરેન્દ્રનગરમાં ખેડૂતો આકરા પાણીએ; મુખ્ય પ્રધાનને 'આપ'નો પત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાતમાં હાલ સુરેન્દ્રનગર, મોરબી, જામનગર સહિત અનેક જિલ્લામાં ખેતરોમાં વીજલાઇન મુદ્દે ખેડૂતો અને વીજકંપનીઓ સામસામે આવી ગયા છે. તાજેતરમાં જ સુરેન્દ્રનગર જિલ્લાના કોંઢ ગામ બાદ મોરબી જિલ્લાના જેતપર ગામમાં ખેતરોમાંથી પસાર થતી હાઈ-ટેન્શન વીજ લાઈનોના કામના વિરોધમાં ખેડૂતોએ આકરા પાણીએ છે. ખેડૂતોની સ્પષ્ટ માંગ છે કે જ્યાં સુધી કંપની દ્વારા તેઓને યોગ્ય વળતર ચૂકવવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ ખેતરમાં કોઈપણ પ્રકારની કામગીરી કરવા દેશે નહીં. જો કે ખેડૂતોએ પોલીસને સાથે રાખીને વીજકંપની દ્વારા બળજબરીથી કામગીરી કરવામાં આવી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો. તેના વિરોધમાં ખેડૂતોએ અણિયારી ટોલનાકા પર ચક્કાજામ કર્યો હતો અને આ દરમિયાન પોલીસ અને આંદોલન કરી રહેલા ખેડૂતો વચ્ચે ઘર્ષણ થયું હતું.

રાજ્યના અનેક જિલ્લાઓમાં ખેતરોમાંથી પસાર થતી હાઈ-ટેન્શન વીજ લાઈનોના કામને કારણે ખેડૂતોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. આ મુદ્દે આમ આદમી પાર્ટી (આપ) દ્વારા મુખ્ય પ્રધાનને પત્ર લખી તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવા માગ કરી હતી. પત્રમાં જણાવ્યા અનુસાર, કચ્છ, મોરબી, રાજકોટ, જામનગર અને દ્વારકા જેવા જિલ્લાઓમાં પોલીસ બળનો ઉપયોગ કરીને ખેડૂતોને પોતાની જ જમીનમાં જતા રોકવામાં આવી રહ્યા છે, જેના કારણે ખેડૂતો અને પોલીસ વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાય છે. 'આપ' પક્ષે આકરા શબ્દોમાં જણાવ્યું હતું કે ખેડૂતો સાથે થઈ રહેલી આ અન્યાયી પરિસ્થિતિની સંપૂર્ણ જવાબદારી રાજ્ય સરકારની જ છે.

'આપ' એ સરકાર સમક્ષ ૧૦ માગણીઓ રજૂ કરી હતી. જેમાં રાજ્ય સ્તરે 'વળતર સમિતિ'નું ગઠન, ખેડૂતોને વન-ટાઈમ બજાર કિંમત આપવી, મોબાઈલ ટાવરની જેમ માસિક વળતર ચૂકવવા, બાગાયતી પાકોના નુકસાન માટે વિશેષ વળતર નીતિ, વૈજ્ઞાનિક ધોરણે પોલની ડિઝાઇન અને ઊંચાઈ નક્કી કરવી તેમ જ વાયર તૂટવા કે અકસ્માતના કિસ્સામાં ખેડૂતો અને તેમના પરિવારને પૂરતું વીમા કવચ આપવાની માગણીઓનો સમાવેશ થાય છે. ■



**પાણી રે પાણીઃ** રાજકોટમાં ધરમનગરમાં દૂષિત પાણીથી જનતા ત્રાહિમામ્, મહિલાઓએ 'કોર્પોરેશન હાય હાય'ના નારા લગાવી વ્યક્ત કર્યો ભારે રોષ. (પ્રવિણ સેદાની)

# કચ્છનું છુપાયેલું રત્ન 'જતાવીરા' ગુજરાતમાં આવેલો એક અદ્ભુત પ્રાગૈતિહાસિક નદીપટ્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મોટાભાગના પ્રવાસીઓ જ્યારે ભાતીગળ પ્રદેશ કચ્છની મુલાકાતે આવે છે, ત્યારે તેઓ સફેદ રણની સુંદરતાને કેમેરામાં કેદ કરીને પરત ફરી જતા હોય છે. બહુ ઓછા લોકો જાણે છે કે સફેદ રણથી આગળ નખત્રાણા તાલુકાના અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં કુદરતે એક અદ્ભુત અને રહસ્યમયી દુનિયા કંડારી છે. કરોડો વર્ષ જૂનું અને પ્રાગૈતિહાસિક સમયનું સૂકાઈ ગયેલું નદીતળ 'જતાવીરા' આજે પણ પ્રવાસીઓની નજરથી અજાણ્યું છે. આ ભૌગોલિક અજાયબી જેવા સ્થળે પગ મૂકતાં જ એવું લાગે છે કે જાણે આપણે ગુજરાતમાં નહીં, પરંતુ અમેરિકાના સાઉથ-વેસ્ટમાં આવેલી પ્રખ્યાત ઊંડી ખીણો (ગ્રાન્ડ કેન્યન કન્ટ્રી) માં વિચરી રહ્યા છીએ.

અહીંના સૂકા અને કાંટાળા રણ પ્રદેશની વચ્ચે અચાનક જ એક વિશાળ કોતર અને ખીણની શૃંખલા શરૂ થાય છે. સદીઓથી ફૂંકાતા રણના પવન અને ચોમાસાના પૂરના પાણીએ અહીંની નરમ સેન્ડસ્ટોન (રેતાળ પથ્થર) ની ઊંચી દીવાલોને કલાત્મક આકારોમાં ઢાળી દીધી છે. પથ્થરો પર બનેલા તરંગો, વિશિષ્ટ આકૃતિઓ અને તીક્ષ્ણ ભૌમિતિક બ્લોક્સ અહીં આવતા પ્રવાસીઓને આશ્ચર્યચકિત કરી દે છે. નદીના તળિયે ચાલતી વખતે પથ્થરોનો રંગ ઘેરા ભગવા અને કથ્થઈ રંગથી લઈને ચોકીયાત સફેદ રંગમાં બદલાતો જોવા મળે છે. જો તમે આ કેન્યનની દીવાલો પર હાથ ફેરવો, તો કરોડો વર્ષ જૂના વનસ્પતિના મૂળના અશ્મિઓ (ફોસિલ્સ) અને જળકૃત ખડકોની રચના સ્પષ્ટપણે જોવા મળે છે, જે પૃથ્વીના ઇતિહાસના કોઈ વણલખાયેલા પુસ્તક સમાન લાગે છે.

વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જોઈએ તો, લાખો વર્ષો પહેલાં આ વિસ્તારમાંથી એક વિશાળ નદી વહેતી હતી. પરંતુ સમય જતાં ટેકટોનિક પ્લેટોની હલચલ અને આબોહવા પરિવર્તનને કારણે આ નદી સુકાઈ ગઈ અને પાછળ છોડી ગઈ એક શાંત અને ઊંડી રહસ્યમય ખીણ. બપોર પછી જ્યારે સૂર્ય આથમવા તરફ નમે છે, ત્યારે આ સેન્ડસ્ટોન પર સૂર્યના કિરણો પડતાં જ આખી ખીણ નારંગી અને લાલ રંગથી ચમકી ઉઠે છે.

રાત પડતાં જ 'જતાવીરા'નું દૃશ્ય સાવ બદલાઈ જાય છે. આસપાસના પથરાળ ભૂ-પ્રદેશને કારણે આ સ્થળ શહેરી પ્રકાશ અને પ્રદૂષણથી તદ્દન દૂર છે, જેથી અહીંનું આકાશ સ્વચ્છ દેખાય છે. રાત્રિના અંધકારમાં આ પથરાળી ખીણની ઉપર આકાશગંગા (મિલ્કી-વે) એટલી સ્પષ્ટ અને ભવ્ય દેખાય છે કે જે શબ્દોમાં વર્ણવવી અશક્ય છે. આ જ કારણે એસ્ટ્રોફોટોગ્રાફી (તારા અને બ્રહ્માંડના ફોટા પાડવા) ના શોખીનો માટે આ જગ્યા કોઈ સ્વર્ગથી કમ નથી.

દરમ્યાન, આ કોઈ વ્યાપારી પર્યટન સ્થળ નથી, તેથી અહીં કોઈ ટિકિટ બારી, પાકા રસ્તા કે મોબાઈલ નેટવર્કની સુવિધા ઉપલબ્ધ નથી. જો તમે આ સાહસિક સફરે જવા માંગતા હોવ, તો મુલાકાત લેતા પહેલા ઓફલાઇન મેપ ડાઉનલોડ કરી લેવો, સાથે વ્યક્તિદીઠ ઓછામાં ઓછું ત્રણ લીટર પાણી, તડકાથી બચવાના સાધનો અને રાત્રે રોકાવાનું હોય તો એક સારી ગુણવત્તાવાળી હેન્ડટોર્ચ સાથે રાખવી અનિવાર્ય છે. પૂર્વ તૈયારી વિના આ દુર્ગમ સ્થળે જવું જોખમી સાબિત થઈ શકે છે, અને કદાચ આ જ કારણે આ સ્થળ આજે પણ તેની અદ્ભુત અને કુદરતી સુંદરતા જાળવી શક્યું છે. ■

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૩ જુલાઈ સુધી માછીમારી કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિવિધ બંદરો પરથી સમુદ્રમાં જતા માછીમારોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો. સામાન્ય રીતે જૂન માસથી દરિયો તોફાની બનતો હોવાથી વાવાઝોડા કે ભારે વરસાદની સ્થિતિમાં સમુદ્રમાં રહેલા માછીમારોને તાત્કાલિક ચેતવણી પહોંચાડવી મુશ્કેલ બને છે. જોખમી મોસમને લીધે મત્સ્યોદ્યોગ વિભાગ અને પોર્ટ ઓફિસર દ્વારા માછીમારી માટે પરવાનગી આપવામાં આવતી નથી, તેમ છતાં અનધિકૃત રીતે દરિયામાં જતા માછીમારોના જીવનું જોખમ ઊભું થાય છે. આથી, માછીમારોને ગેરકાયદે રીતે સમુદ્રમાં જતા અટકાવવા અને સંભવિત હોનારત નિવારવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા તાકીદનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું.

આ જાહેરનામા અનુસાર, કોઈપણ માછીમાર કે અન્ય વ્યક્તિ આગામી ૨૩મી જુલાઇ ૨૦૨૬ સુધી દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર દરિયાકાંઠાના વિસ્તાર કે ખાડી વિસ્તારમાં માછીમારી કે અન્ય કોઈ હેતુ માટે જઈ શકશે નહીં, તેમજ આ સમયગાળા દરમિયાન તમામ પ્રકારની બોટની અવર-જવર પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. જો કોઈ આ આદેશનો ભંગ કરશે તો તેની સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની જોગવાઈઓ હેઠળ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જો કે, આ પ્રતિબંધમાંથી પોર્ટ પર આવતા વ્યાપારી જહાજો, લશ્કરી અને પોલીસ દળો, ગુજરાત મેરીટાઇમ બોર્ડની બોટ, તેમ જ ઓખાથી બેટ-દ્વારકા વચ્ચે ચાલતી માન્ય પેસેન્જર બોટ, બિન-યાંત્રિક હોડીઓ અને પગડીયા માછીમારોને મુક્તિ આપવામાં આવી છે. ■

# માંગરોળમાં ભાણી સાથે વાત કરતા યુવકોની બાઈકને મામાએ ટક્કર મારી ઢસડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં કામનાથ રોડ પર બનેલી એક ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. અકસ્માતની લાગતી આ ઘટના પછીથી ગુનામાં પરિણમી હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. આ ઘટના મામલે અહીંના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર ઉવેશ ઘાચી અને તેનો મિત્ર સાહેબ બાઈક પર કામનાથ ચોકડીથી જેલઝાપા તરફ જઈ રહ્યા હતા ત્યારે પાછળથી એક કારે તેમને ટક્કર મારી હતી અને થોડે સુધી ઢસડયા હતા. જોકે બન્ને મિત્રોને ખાસ ઈજા થઈ ન હતી.

આ ઘટનાના સીસીટીવી ફૂટેજ બહાર આવ્યા બાદ પોલીસ તપાસ કરતા આ મામલો જૂની અદાવતનો નીકળ્યો હતો. યાકુબ હુસેન ઘમેરીયા અને અનવર આમદ ઘમેરીયાએ જાણીજોઈ બન્ને યુવાનોને ટક્કર મારી હતી. મળતી માહિતી અનુસાર આરોપીની ભાણી સાથે બન્ને યુવકમાનો એક અમુક સમય પહેલા વાતો કરતો પકડાયો હતો. તે સમયે પણ મામાએ તેનાથી દૂર રહેવા કહ્યું હતું. જોકે તેમ છતાં વાત કરવાનું ચાલુ રહેતા આ પ્રકારે કાર દ્વાર ટક્કર મારવામા આવી હતી. પોલીસે વધુ તપાસ હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# 'ડિજિટલ વસ્તી ગણતરી'માં સમયમર્યાદા પહેલાં કામગીરી પૂર્ણ કરી ગોંડલની ટીમે સન્માન મેળવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં વસ્તી ગણતરી ૨૦૨૭-અંતર્ગત પ્રથમવાર ડિજિટલ હાઉસ-લિસ્ટિંગ એન્ડ હાઉસિંગ સેન્સસ (એચ.એલ.ઓ.)ની કામગીરી ચાલી રહી છે. જેમાં ગોંડલ નગરપાલિકાના સુપરવાઈઝર અને ગણતરીદારોની ટીમે પોતાના કાર્યક્ષેત્રની કામગીરી ઝડપથી અને સમયમર્યાદા પહેલાં સફળતાપૂર્વક પૂર્ણ કરીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી. આ ટીમે કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સાથે ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને ચોકસાઈપૂર્ણ માહિતીનું સંકલન તથા પ્રસ્તુતીકરણ કરીને વસ્તી ગણતરીની કામગીરીમાં ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું છે.

ગોંડલ નગરપાલિકાના સુપરવાઈઝર યોગેશકુમાર પિત્રોડા તથા ગણતરીદારો ભાગ્યશ્રી વણપરીયા, મીનાબેન રૈયાણી, રમાગૌરી સાવલિયા અને નીતાબેન સાકરિયા દ્વારા આ પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી. આ ટીમે નિષ્ઠાપૂર્વક, જવાબદારીપૂર્ણ અને ગુણવત્તાસભર કામગીરી કરી હોવાથી જિલ્લા વહીવટી તંત્ર, નોડલ ઓફિસર સમીર રાવલ તથા ગોંડલ નગરપાલિકા તરફથી તેમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સુપરવાઈઝર અને ગણતરીદારોએ ઝડપ, ચોકસાઈ અને ગુણવત્તા વચ્ચે ઉત્તમ સમન્વય સાધીને આ ડિજિટલ ગણતરી કાર્યને સફળ બનાવ્યું હતું. ■

# ભાવનગરમાં પ્રેમી સાથે રહેતી મહિલાનો ઝેરી દવા પી આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં પ્રેમી સાથે રહેતી પરિણીતાને તેના પ્રેમી દ્વારા અવારનવાર કરાતી મારકૂટ અને પ્રેમીએ 'હું તને હવે મારી સાથે રાખવાનો નથી' તેમ કહીને કડવા વેણ બોલી મરી જવા ઉશ્કેરણી કરતાં પરિણીતાએ પિયરમાં જઈને ઝેરી દવા પી આત્મહત્યા વહોરી લીધી છે.

આ બનાવ ની વિગત એવી છે કે ભાવનગરના સુભાષનગર વિસ્તારમાં રહેતા લાભુબેન ચંદુભાઈ ચૌહાણે ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર તેમની મોટી દીકરી હિનાબેનના લગ્ન ૨૦૦૯માં શહેરના ખેડૂતવાસમાં રહેતા સંજયભાઈ ગુજરીયા સાથે થયા હતા. આ લગ્નજીવનથી તેમને ૧૭ વર્ષની દીકરી અને ૧૪ વર્ષનો દીકરો પણ છે.

જોકે, આશરે ૪ વર્ષ પહેલાં પતિ સાથે મનમેળ ન રહેતાં અને હિનાને વિશાલ ભનુભાઈ કંટારીયા સાથે પ્રેમ સંબંધ બંધાતાં, તે પોતાના બે સંતાન અને પતિને છોડીને સુભાષનગરમાં મામાના ઓટલા પાસે પ્રેમી વિશાલ સાથે રહેવા જતી રહી હતી.

માતા લાભુબેને અવારનવાર હિનાને સમજાવીને તેના સાસરે મોકલી હતી, પરંતુ તે દર વખતે ઝઘડો કરીને વિશાલ પાસે જ પરત દોડી જતી હતી. શરૂઆતમાં બધું બરાબર ચાલ્યા બાદ છેલ્લા એકાદ વર્ષથી પ્રેમી વિશાલ કંટારીયાએ અસલી રંગમાં આવ્યો હતો. તે અવારનવાર દારૂ પીને હિના સાથે વગર કારણે ગંભીર મારકૂટ કરતો હતો અને શારીરિક-માનસિક ત્રાસ આપતો હતો.

એટલું જ નહીં, તે હિનાને વારંવાર મહેણાં મારીને કહેતો કે, ''તું ગમે તેમ કરીને મરી જા, હું તને હવે મારી સાથે નહીં રાખું.'' પ્રેમીના આ રોજ-રોજના ત્રાસ અને ધિક્કારથી હિના માનસિક રીતે તદ્દન ભાંગી પડી હતી.

પ્રેમીના ત્રાસથી અતિશય કંટાળીને હિનાબેન પોતાના પિયરના ઘર પાસે આવ્યા હતા અને ત્યાં તેમણે પ્લાસ્ટિકની બોટલમાંથી ઝેરી દવા ગટગટાવી લીધી હતી.

હિનાને તરફડતી જોઈને પરિવારજનોએ તેને ગંભીર હાલતમાં તાત્કાલિક ભાવનગરની સર ટી. હૉસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડી હતી. જ્યાં બે દિવસ સુધી મોત સામે ઝઝૂમ્યા બાદ આખરે સારવાર દરમિયાન હિનાબેનનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

દીકરીના મોતના આઘાતમાંથી બહાર આવ્યા બાદ માતા લાભુબેને આખરે હિંમત કરીને ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં નરાધમ પ્રેમી વિશાલ કંટારીયા સામે સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે આરોપી વિશાલ સામે ગુનો દાખલ કરી આરોપીને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# સંરક્ષણ મંત્રાલયે રૂ. ૪૪૯ કરોડના ૨૦ સ્વદેશી જીએનએસએસ જેમર્સ ખરીદવા કર્યો કરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશની સંવેદનશીલ દરિયાઈ સરહદોની સુરક્ષા અભેદ્ય બનાવવા અને ભારતીય નૌસેનાની કાર્યકારી ક્ષમતામાં વધારો કરવા માટે સંરક્ષણ મંત્રાલય દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મંત્રાલયે ૧૦ જૂન ૨૦૨૬ના રોજ બેંગલૂરુની અગ્રણી કંપની 'એકોર્ડ સોફ્ટવેર એન્ડ સિસ્ટમ્સ પ્રાઇવેટ લિમિટેડ' સાથે રૂ. ૪૪૯ કરોડના એક સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ ડીલ અંતર્ગત નૌસેના માટે સંપૂર્ણપણે સ્વદેશી ટેક્નોલોજીથી સજ્જ ૨૦ 'એન્હાન્સ્ડ કેપેબિલિટી ગ્લોબલ નેવિગેશન સેટેલાઇટ સિસ્ટમ' જેમર્સની ખરીદી કરવામાં આવશે.

આ મહત્ત્વપૂર્ણ સોદો 'બાય ઇન્ડિયન-આઇડીડીએમ' કેટેગરી હેઠળ કરવામાં આવ્યો છે, જેમાં ઓછામાં ઓછી ૭૫ ટકા સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરવાની શરત રાખવામાં આવી છે. આ અત્યાધુનિક જેમર્સ સિસ્ટમ દરિયામાં યુદ્ધ અથવા કટોકટીની સ્થિતિ વખતે દુશ્મન દેશોના સેટેલાઇટ નેવિગેશન સિગ્નલને સંપૂર્ણપણે નબળા કરી દેવાની ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત, તે એન્ટી-સ્પૂફિંગ અને એડવાન્સ જેમિંગ ટેક્નોલોજી દ્વારા ખોટી માહિતી મોકલીને દુશ્મનના ઘાતક ડ્રોન, એરક્રાફ્ટ અને મિસાઇલોને તેમના નિર્ધારિત લક્ષ્ય પરથી ભટકાવી દેશે.

સંરક્ષણ મંત્રાલયના સત્તાવાર નિવેદન અનુસાર, આ આધુનિક સિસ્ટમ તહેનાત થવાથી બહુવિધ સુરક્ષા પડકારો અને ખતરા ધરાવતા આંતરરાષ્ટ્રીય દરિયાઈ વિસ્તારોમાં ભારતીય નૌસેનાના અબજો રૂપિયાના યુદ્ધજહાજો વધુ સુરક્ષિત અને આત્મવિશ્વાસપૂર્વક ઓપરેશન પાર પાડી શકશે.

આ નવો સંરક્ષણ સોદો વ્યૂહાત્મક દ્રષ્ટિએ કચ્છના સરહદી ક્ષેત્ર 'સરક્રીક' અને ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા પર અત્યંત મહત્ત્વપૂર્ણ અને ગેમ-ચેન્જર સાબિત થશે. સરક્રીક અને જખૌના દરિયાઈ વિસ્તારોમાં પાકિસ્તાન તરફથી અવારનવાર જીપીએસ સ્પૂફિંગ, ડ્રોન દ્વારા નશીલા પદાર્થોની હેરાફેરી અને ઘૂસણખોરીના પ્રયાસો થતા રહે છે. આ સંવેદનશીલ સરહદ પર સ્વદેશી જેમર્સ તહેનાત થવાથી ભારતીય કોસ્ટ ગાર્ડ અને નૌસેનાના પેટ્રોલિંગ જહાજોને લોખંડી સુરક્ષા કવચ મળશે, જેને પગલે દરિયાઈ માર્ગે થતી આંતરરાષ્ટ્રીય દાણચોરી, શંકાસ્પદ બોટોનો ગેરકાયદેસર પ્રવેશ અને આતંકી ગતિવિધિઓને સમયસર નેસ્તનાબૂદ કરી શકાશે. ■

# અંજારના વરસામેડી પાસે યુવકની છરીના ઘા ઝીંકી ઘાતકી હત્યાઃ હત્યારો પોલીસના સકંજામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના અંજાર શહેરની નજીક આવેલા વરસામેડી પંથકની આશાપુરા કોલોનીમાં મોટરસાઇકલ પર પેશાબ કરવાની બાબતમાં થયેલી તકરારમાં પાડોશમાં રહેતા એક શ્રમિકે ૨૮ વર્ષીય સાથી શ્રમિક યુવકને છરીના અસંખ્ય ઘા ઝીંકીને ક્રૂરતાપૂર્વક મોતને ઘાટ ઉતારી દેતાં ચકચાર પ્રસરી છે. અંજાર પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી ફરાર થઈ ગયેલા હત્યારાને ગણતરીના કલાકોમાં દબોચી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગતો મુજબ, હત્યાનો આ બનાવ ગત રવિવારે રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યાના અરસામાં બન્યો હતો. મૂળ મધ્ય પ્રદેશના શહડોલ જિલ્લાના વતની અને અહીંની વેલસ્પન કંપનીમાં મજૂરી કરતા ૨૮ વર્ષીય સંજયસિંહ પપ્પુસિંહ ગૌડ કોલોનીની એક ઓરડીમાં એકલો રહેતો હતો. મૃતકની પત્ની અને પરિવાર એકાદ મહિના અગાઉ વતન ગયા હતા. ગત રાત્રે સંજયસિંહનો તેમની પાડોશની ઓરડીમાં રહેતા અને વેલસ્પન કંપનીમાં જ મજૂરી કરતા મૂળ ઉત્તર પ્રદેશના અરવિંદ નામના યુવક સાથે ઝઘડો થયો હતો. ઉશ્કેરાયેલા અરવિંદે સંજયસિંહ પર છરી વડે તૂટી પડીને તેમના ચહેરા, ગળા અને છાતીના ભાગે ઘાતકી વાર કર્યા હતા.

હુમલા દરમિયાન ચીસાચીસ થતાં કોલોનીમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. અવાજ સાંભળીને કોલોનીની પાછળની ગલીમાં રહેતી મૃતકની પિતરાઈ બહેન રિન્કીસિંહ બહેગા તાત્કાલિક દોડી આવી હતી. તેણે સંજયસિંહને ઘર બહાર જમીન પર લોહીલુહાણ હાલતમાં જોયો હતો.

રિન્કીસિંહે જ્યારે ત્યાં હાજર લોકોને 'મારા ભાઈને કોણે માર્યો?' તેમ પૂછ્યું, ત્યારે પાડોશની ઓરડીમાં ઊભેલા આરોપી અરવિંદે વળતો જવાબ આપ્યો હતો કે, મેં માર્યો છે, સંજયે મારી મોટરસાઇકલ પર પેશાબ કર્યો હતો એટલે મેં તેને પતાવી દીધો!

ઘટના બાદ ગંભીર રીતે ઘવાયેલા સંજયસિંહને સ્થાનિક લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક અંજારની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબોએ તેમને સારવાર મળે તે પૂર્વે જ મૃત જાહેર કર્યા હતા. બીજી તરફ, ગુનો આચરીને આરોપી અરવિંદ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. મોડી રાત્રે મૃતકની બહેન રિન્કીસિંહે આરોપી અરવિંદ વિરુદ્ધ અંજાર પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પી.આઈ એચ.એ. જાડેજાએ તપાસ હાથ ધરી છે.

હત્યારો અરવિંદ હાલ હાથવેંતમાં છે અને ટૂંક સમયમાં તેની ધરપકડ જાહેર કરાશે તેમ જાણવા મળી રહ્યું છે. ■

# કચ્છના બન્નીના ઘાસિયા મેદાનમાં ટૂંક સમયમાં હસ્તે ચિત્તાનું થશે આગમન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મધ્ય પ્રદેશના કુનો નેશનલ પાર્ક બાદ હવે કચ્છનું પ્રખ્યાત બન્ની ગ્રાસલેન્ડ પણ ચિત્તાઓથી ગુંજી ઊઠશે. દક્ષિણ આફ્રિકાથી ભારતમાં લાવવામાં આવેલા ચિત્તાઓ કુનોના જંગલોમાં સફળતાપૂર્વક અનુકૂલન સાધી ચૂક્યા છે અને તેમની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. આ સાનુકૂળ પરિસ્થિતિ વચ્ચે હવે આવનારા દિવસોમાં સવાયા કચ્છી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે બન્નીના વિસ્તારમાં પ્રથમ તબક્કે ૩ થી ૪ ચિત્તાઓને મુક્ત કરવા માટે વનવિભાગ દ્વારા યુદ્ધના ધોરણે આખરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

બન્ની પંથકના છછલા વિસ્તારમાં વનવિભાગ દ્વારા હાલમાં ૬૧૪ હેક્ટરમાં અત્યાધુનિક 'ચિત્તા સંરક્ષણ સેન્ટર' એટલે કે, બ્રીડિંગ એન્ડ કન્ઝર્વેશન સેન્ટર ઊભું કરવામાં આવ્યું છે. કચ્છમાં આ પ્રોજેક્ટ માટેની માળખાકીય સુવિધાઓ અગાઉથી જ સજ્જ હતી, પરંતુ રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળ કુનોમાં ચિત્તાઓની વસ્તી સ્થિર થવાની રાહ જોઈ રહ્યું હતું. હવે ગ્રીન સિગ્નલ મળતાં જ કચ્છ માટે પ્રવાસન અને પર્યાવરણ ક્ષેત્રે નવો ઈતિહાસ રચવાનો માર્ગ મોકળો બન્યો છે. કચ્છના મુખ્ય વનસંરક્ષક ધીરજ મિત્તલે આ વિગતોને સત્તાવાર સમર્થન આપતાં જણાવ્યું હતું કે, બન્ની ગ્રાસલેન્ડ પ્રોજેક્ટ અંતર્ગત પ્રધાન મંત્રીના હસ્તે આ ચિત્તા મુક્ત કરાશે, જે માટે માત્ર પીએમઓ તરફથી તારીખ અને સમય નક્કી થવાની જ રાહ જોવાઈ રહી છે.

વધુમાં વનસંરક્ષકે માહિતી આપી હતી કે, હાલના ૬૧૪ હેક્ટરના સંરક્ષણ વિસ્તારની હદ વધારીને ૨૦,૦૦૦ હેક્ટર કરવા માટેની વહીવટી પરવાનગી પણ મળી ચૂકી છે. આ વિશાળ વિસ્તારમાંથી ચોમાસા પૂર્વે જ બિનઉપયોગી ગાંડા બાવળો દૂર કરવાની કામગીરી મોટા પાયે શરૂ કરી દેવાઈ છે, જેથી ભવિષ્યમાં ચિત્તાઓની સંખ્યા વધારી શકાય. પ્રોજેક્ટની સમીક્ષા માટે આ શુક્રવારે એનટીસીએના આઈજી સંજયન કુમાર ખાસ બે દિવસની કચ્છ મુલાકાતે આવી રહ્યા છે. તેઓ બન્નીના ચિત્તા સેન્ટરની સુરક્ષા, આબોહવા અને અન્ય તકનીકી પાસાઓનો ગહન અભ્યાસ કરશે. આ મુલાકાત બાદ તેઓ પોતાનો આખરી અહેવાલ વડા પ્રધાન કાર્યાલયને સુપ્રત કરશે, જેના આધારે પીએમના આગમનની સત્તાવાર તારીખ જાહેર કરવામાં આવશે તેમ તેઓએ ઉમેર્યું હતું. ■